અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

સિદ્ધાર્થ-કિઆરાનાં ઘરે કિલકારીઓ ગુંજશે, લગ્નના 2 વર્ષ બાદ...





પેજ-09

ઓસ્ટ્રેલિયાના મેથ્યુ કુહનેમેનની બોલિંગ એક્શન લીગલ


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 21.00 |
| વડોદરા | 34.00 | 20.00 |
| સુરત | 34.00 | 22.00 |






પેજ 5 — આવક વેરામાં રાહતથી રિટેલ વેચાણ વધવાની શક્યતા



01 MARCH-2025 SATURDAY



બાંગ્લાદેશમાં ફરી સત્તા પલટ ? મોહમ્મદ યુનુસને કાપવાની તૈયારીમાં... — પેજ 10




**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73198.10 | ▼ | 1,414.33 |
| નિફ્ટી | 18487.66 | ▼ | 56.76 |
| સોનું | 84,097.00 | ▼ | 1,099.00 |
| ચાંદી | 92,475.00 | ▼ | 1,160.00 |


વર્ષ-14 । અંક-102 । વિક્રમ સંવત-2081 । ફાગમ સુદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# શેરમાર્કેટનો કચ્ચરઘાણ : 92 લાખ કરોડ રૂપિયા ડૂબ્યાં

## 30 વર્ષનો રેકૉર્ડ તૂટ્યો 1996 પછી પહેલીવાર સતત 5 મહિનાથી ઘટી રહ્યું છે શેરબજાર, વિદેશી રોકાણકારો ચીની બજાર તરફ વળ્યા...

(એજન્સી) મુંબઇ । તા. 28

ભારતીય શેર બજારોમાં છેલ્લા પાંચ મહિનાથી રોકાણકારોના પૈસાનું ધોવાણ થઈ રહ્યું છે, જે બાદ આજે 30 વર્ષનો રેકૉર્ડ તૂટ્યો છે. ઓક્ટોબર 2024થી નિફ્ટીમાં અત્યાર સુધીમાં 12.65 ટકાનો કડાકો થયો છે. છેલ્લે વર્ષ 1996માં સતત પાંચ મહિના સુધી નિફ્ટીમાં કડાકો જોવા મળ્યો હતો. પાંચ મહિનામાં સેન્સેક્સમાં પણ 11.54 ટકાનો કડાકો થયો છે. BSE મિડકેપમાં 20થી વધુ જ્યારે BSE સ્મોલકેપમાં 22.78 ટકાનું નુકસાન થયું છે. પાંચ મહિનાથી રોકાણકારોને ભારે નુકસાન થઈ રહ્યું છે. સેન્સેક્સમાં કંપનીઓનું પૂંજીકરણ 26 સપ્ટેમ્બર, 2024થી અત્યાર સુધીમાં 25 લાખ કરોડ રૂપિયા ધોવાયા છે. પાંચ મહિનાના સમયગાળામાં BSEમાં લિસ્ટેડ તમામ ફર્મની કુલ માર્કેટ વેલ્યુએશનમાં 90થી 92 લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું છે. 30 સપ્ટેમ્બર 2024ના રોજ BSEમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ 474 લાખ કરોડ રૂપિયા હતી જે 28 ફેબ્રુઆરી, 2025ના રોજ ઘટીને 384 લાખ કરોડ રૂપિયા રહી ગઈ છે. આમ રોકાણકારોએ 90 લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.



### ડોનાલ્ડ ટ્રમ્પની ટ્રેડ પોલિસીઓથી રોકાણકારો ચિંતિત

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત અન્ય દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની ધમકીને કારણે બજારમાં અનિશ્ચિતતા છે. ટ્રમ્પે હાલમાં કહ્યું હતું કે ‘અમે પારસ્પરિક ટેરિફ લાદીશું.’ ભારત હોય કે ચીન, કોઈપણ દેશ હોય, તેઓ અમારી પાસેથી જે પણ ચાર્જ લેશે, અમે એટલો જ લગાવીશું. અમે વેપારમાં સમાનતા ઈચ્છીએ છીએ. કેનેડા અને મેક્સિકો પર 25% ટેરિફ 4 માર્ચથી અમલમાં આવશે.

### ■ વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ

માત્ર પાંચ મહિનામાં (ઓક્ટોબર 2024-ફેબ્રુઆરી 2025), વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી 3.11 લાખ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા. સપ્ટેમ્બર અને ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીઓનાં નબળાં પરિણામોને કારણે રોકાણકારોએ આ વેચાણ કર્યું છે. આ ઉપરાંત ચીનની અર્થવ્યવસ્થામાં સુધારાની અપેક્ષાઓએ રોકાણકારોને આકર્ષાયા છે. રોકાણકારોને ભારતીય કંપનીઓના શેર કરતાં ચીનની કંપનીઓના શેર સસ્તા લાગી રહ્યા છે.

### ■ મોંઘવારી હજુ પણ ચિંતાનું મુખ્ય કારણ છે

ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થવાને કારણે ઓક્ટોબર 2024માં છૂટક ફુગાવો વધીને 6.21% પર પહોંચી ગયો. આ 14 મહિનામાં ફુગાવાનો સૌથી ઊંચો સ્તર હતો, જોકે ખાદ્ય ચીજવસ્તુઓ સસ્તી થવાને કારણે, જાન્યુઆરી 2025માં છૂટક ફુગાવો 4.31%ના 5 મહિનાના નીચલા સ્તરે આવી ગયો હતો. આ ઘટાડો રોકાણકારોમાં ફરી વિશ્વાસ લાવવા માટે પૂરતો નથી.

### ■ અર્થવ્યવસ્થા વધવાની ધીમી ગતિ

હાલના મહિનાઓમાં ભારતીય અર્થતંત્ર ધીમું પડ્યું છે. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (NSO)ના અંદાજ મુજબ, નાણાકીય વર્ષ 2024-25 માં ભારતનો વિકાસદર 6.4% રહેવાનો અંદાજ છે, જે 4 વર્ષમાં સૌથી નીચો છે. ગયા નાણાકીય વર્ષ 2023-24માં GDP ગ્રોથ રેટ 8.2% હતો. જ્યારે નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ક્વાર્ટરમાં એ 6.7% હતો. બીજા ક્વાર્ટરમાં એ આંકડો ઘટીને 5.4% થઈ ગયો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરના નબળા પ્રદર્શનને કારણે ગ્રોથ ધીમો રહ્યો.

# ચેમ્પિયન્સ ટ્રોફી વચ્ચે પાકિસ્તાનમાં સુસાઇડ એટેક થયો : 5નાં મોત, 20 લોકો ઈજાગ્રસ્ત

## ખૈબર પખ્તુનખ્વામાં મદરેસામાં શુક્રવારની નમાઝ દરમિયાન બ્લાસ્ટ થયો

### ■ તાલિબાનના સ્થાપકના પુત્ર મૌલાના હમીદુલ હક હક્કાનીની હત્યા

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 28

રમઝાનના એક દિવસ પહેલાં શુક્રવારે પાકિસ્તાનના જામિયા હક્કાનિયા મદરેસામાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ હુમલો તાલિબાનના ગોડફાધરના પુત્ર હમીદુલ હક હક્કાનીને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેનું મોત થયું છે. આ ઉપરાંત 4 વધુ લોકો માર્યા ગયા છે. આ બ્લાસ્ટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના અકોરા ખટ્ટક જિલ્લામાં થયો હતો. સ્થાનિક પોલીસ અધિકારી અબ્દુલ રશીદે જણાવ્યું હતું કે બોમ્બવિસ્ફોટમાં 20 લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. અત્યારસુધી કોઈપણ સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી.



### હમીદુલ હક્કાનીને નિશાન બનાવીને હુમલો કર્યો

આ હુમલા બાદ પેશાવરની તમામ મોટી હોસ્પિટલોમાં કટોકટી લાદવામાં આવી છે. સમા ટીવીના અહેવાલ મુજબ, પ્રારંભિક તપાસમાં એવું લાગે છે કે એ એક આત્મઘાતી બોમ્બવિસ્ફોટ હતો. આમાં મસ્જિદના એક ભાગને પણ નુકસાન થયું છે. ખૈબર પખ્તુનખ્વાના આઈજીના જણાવ્યા અનુસાર, આ હુમલો મૌલાના હમીદુલ હક હક્કાનીને નિશાન બનાવીને કર્યો હતો. મૌલાના હમીદુલ હક્કાની તાલિબાનના ગોડફાધર મૌલાના સમી-ઉલ-હક હક્કાનીના મોટા પુત્ર છે. વરિષ્ઠ હક્કાની અફઘાન તાલિબાનના કટ્ટર સમર્થક હતો.

# દિલ્હી વિધાનસભામાં આરોગ્ય વિભાગ અંગેનો CAG રિપોર્ટ રજૂ

■ મોહલ્લા ક્લિનિકમાં ટોઈલેટ નથી, સ્ટાફની અછત, મોટા ઓપરેશન માટે લાંબી રાહ

■ દિલ્હીમાં આરોગ્ય માળખાનો અભાવ, એમ્બ્યુલન્સમાં જરૂરી સાધનો નથી



(એજન્સી) નવી દિલ્હી । તા. 28

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વિધાનસભામાં આરોગ્ય વિભાગ સંબંધિત CAG રિપોર્ટ રજૂ કર્યો. 7 પાનાના રિપોર્ટમાં જણાવાયું છે કે દિલ્હીમાં આરોગ્ય માળખાનો અભાવ છે. નર્સો અને ડોકટરોની સંખ્યા પૂરતી નથી. મહિલા આરોગ્ય કાર્યક્રમો માટે ભંડોળ ઓછું છે. એમ્બ્યુલન્સમાં જરૂરી સાધનો નથી. ICUની અછત છે.

રિપોર્ટ મુજબ, દિલ્હીમાં ઓછામાં ઓછા 21 મોહલ્લા ક્લિનિકમાં શૌચાલય નથી. હોસ્પિટલોમાં સ્ટાફની અછત છે. મોટા ઓપરેશન માટે દર્દીઓને લાંબો સમય રાહ જોવી પડે છે. આ ઉપરાંત, કોવિડ-19 દરમિયાન કેન્દ્ર સરકારે દિલ્હી સરકારને આપેલી રકમનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. આ રિપોર્ટ પર સોમવારે ગૃહમાં ચર્ચા થશે. દરમિયાન, વિધાનસભામાંથી સસ્પેન્ડ કરાયેલા AAP ધારાસભ્યોએ રાષ્ટ્રપતિને મળવા માટે સમય માંગ્યો છે.

## ઉત્તરાખંડના ચમોલીમાં મોટી દુર્ઘટના

# ગ્લેશિયર તૂટતાં 57 દટાયાં, રેસ્ક્યૂ દરમિયાન 16નો આબાદ બચાવ

(એજન્સી) ચમોલી । તા. 28

ઉત્તરાખંડના ચમોલીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં માણાગામમાં અચાનક ગ્લેશિયર તૂટી પડતાં ભારે તબાહી મચી છે જેની લપેટમાં આવતા આશરે 47 જેટલાં શ્રમિકો બરફ નીચે દટાઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટનામાં 57 જેટલાં શ્રમિકો દટાયા હતા પણ 16 ને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે અન્યોની શોધખોળ ચાલુ છે.



**57 શ્રમિકો બરફમાં દટાયા :** મળતી માહિતી મુજબ, અકસ્માત સમયે એક ખાનગી કોન્ટ્રાક્ટરના કામદારો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે કામ કરી રહ્યા હતા. તે બધા BRO કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા કોન્ટ્રાક્ટરના કામદારો હતા. જ્યારે દર્ઘટના સર્જાઈ, ત્યારે બધા અફરા-તફરીમાં ભાગવા લાગ્યાં. તેમાંથી કેટલાક ભાગી જવામાં સફળ રહ્યા, જ્યારે 57 શ્રમિકો બરફમાં દટાયા હતાં. બચાવ કામગીરીમાં 16 લોકોને બચાવી લેવાયા છે.

# ગંગોત્રી ધામમાં જોરદાર હિમવર્ષા, 4 ફૂટથી વધુ બરફની ચાદર પથરાઈ

## ભારે હિમ વર્ષાના કારણે અંધારપટ છવાયોઃ રસ્તા બંધ, અનેક પ્રવાસીઓ ફસાયા

હિમાચલ પ્રદેશમાં છેલ્લા 12 કલાકથી વરસાદ અને હિમવર્ષાના કારણે બ્લેક આઉટ થઈ ગયું છે. મનાલીના અનેક ગામડાં અંધકારમાં ડૂબી ગયા છે. આ સિવાય તેની આસપાસના વિસ્તારોમાં પણ સતત ચોથા દિવસે હિમવર્ષા થઈ રહી છે. મનાલીમાં અત્યાર સુધી આશરે 1 ફૂટ સુધી હિમવર્ષા થઈ ચૂકી છે. અનેક રસ્તા અને ગ્રામીણ વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ થઈ ગયો છે. આ સાથે બદલાતા હવામાનના કારણે તાપમાનમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે.

**તંત્ર દ્વારા જારી કરાયું એલર્ટ :** ખરાબ વાતાવરણને લઈને તંત્ર દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વળી, પ્રસિદ્ધ હડિંબા મંદિરની છત પર વૃક્ષ પડી જતાં તેનો ઉપરનો ભાગ તૂટી ગયો હતો. મળતી માહિતી અનુસાર, હિમવર્ષા શરુ થઈ હતી, જે શુક્રવાર બપોર સુધી ચાલુ હતી.

## દક્ષિણ ભારતમાં સીમાંકનનો મુદ્દો ચગ્યો

# કર્ણાટકના CMએ અમિત શાહ પાસેથી માગી ગેરન્ટી...

(એજન્સી) બેંગલોર । તા. 28

લોકસભા બેઠકોના સીમાંકન બાદ તમિલનાડુ, કેરળ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં બેઠકોમાં ઘટાડો થવાની સંભાવના છે. જેને લઈને રાજકારણ ગરમાયું છે અને તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને રાજ્યના તમામ પક્ષોની બેઠક બોલાવી છે એટલું જ નહીં, હવે આ મુદ્દો જોર પકડી રહ્યો છે અને કર્ણાટકના સીએમ એમ સિદ્ધારમૈયાએ પણ આ અંગે કેન્દ્ર પાસેથી ગેરંટી માંગી છે. તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને ગૃહમંત્રી અમિત શાહના નિવેદનનો પણ જવાબ આપ્યો જેમાં તેમણે કહ્યું હતું કે, ’તમિલનાડુ અથવા અન્ય કોઈ દક્ષિણ રાજ્યમાં બેઠકો ઘટાડવામાં આવશે નહીં.’ સિદ્ધારમૈયાએ કહ્યું કે જો 2025ની વસ્તી ગણતરી પ્રમાણે સીમાંકન કરવામાં આવે તો દક્ષિણ ભારતના 5 રાજ્યોની બેઠકો ઓછી થઈ જશે. અગાઉ પણ વસ્તીના હિસાબે સીમાંકન થયું છે અને જો આ વખતે પણ આ જ ફોર્મ્યુલા રહેશે તો નુકસાન થશે.



## શી જિનપિંગે પદથી હટાવ્યા

# ચીનના ઉદ્યોગ અને માહિતી પ્રૌદ્યોગિક મંત્રી અચાનક ગુમ

(એજન્સી) બીજીંગ । તા. 28

પાડોશી દેશ ચીનમાં ફરી એકવાર એક મંત્રી અનેક દિવસોથી ગુમ છે. બે મહિના સુધી કોઈ ભાળ ન મળતા શી જિનપિંગે પોતાના ઉદ્યોગ અને માહિતી પ્રૌદ્યોગિક(ટિકનોલોજીકલ) મંત્રી જિન ઝુઆંગલોંગને પદથી હટાવી દીધા છે. જિન ઝુઆંગલોંગ છેલ્લી વખત 27 ડિસેમ્બર, 2024ના રોજ જાહેરમાં જોવા મળ્યા હતા. આ સમયે તેમણે રાષ્ટ્રપતિ શી જિનપિંગના નવા ઔદ્યોગિકરણની નીતિના વખાણ કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમને દેશમાં ઉડ્ડયન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ઓળખવામાં આવે છે.ચીનને પ્રૌદ્યોગિક મહાશક્તિ બનાવવાની ભૂમિકા માટે ઝુઆંગલોંગને ખુબ શ્રેય મળ્યો છે. ખાનગી ન્યૂઝ એજન્સીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ચીની સરકારે શુક્રવાર સાંજે જાહેરાત કરી છે કે, ઝુઆંગલોંગને તેમના પદ પરથી હટાવી દેવાયા છે અને તેમની જગ્યાએ લી લેચેંગની નિમણૂક કરવામાં આવી છે.





# આધાર પ્રમાણીકરણ વિનંતીઓ માટે મંજૂરી પ્રક્રિયાને સરળ બનાવવા માટે સરકારે આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ શરૂ કર્યું

નવું આધાર ગવર્નન્સ પોર્ટલ જીવનને સરળ બનાવશે, સેવાઓને વધુ લોકો માટે મૈત્રીપૂર્ણ બનાવશે અને નાગરિકો-કેન્દ્રિત સેવાઓની પહોંચમાં સુધારો કરશે : નવો નિયમ સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા જાહેર હિતની સેવાઓ માટે સાતત્યપૂર્ણ આધાર પ્રમાણભૂતતાને સક્ષમ બનાવે છે

(એજન્સી) અમદાવાદ | તા. 28

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે (MeitY) આજે આધાર પ્રમાણભૂતતા વિનંતીઓ માટે મંજૂરી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે આધાર ગુડ ગવર્નન્સ પોર્ટલ લોન્ચ કર્યું છે. આ આધારને વધારે લોકોને અનુકૂળ બનાવવા, જીવન જીવવાની સરળતાને સક્ષમ બનાવવા અને લોકો માટે સેવાઓની વધુ સારી સુલભતાને સક્ષમ બનાવવાનાં પ્રયાસ સાથે સુસંગત છે. આધાર સુશાસન પોર્ટલનો શુભારંભ MeitYના સચિવ શ્રી એસ. કૃષ્ણને કર્યો હતો. આ પ્રસંગે યુઆઈડીએઆઈના સીઈઓ શ્રી ભુવનેશ કુમાર, એનઆઈસીના મહાનિદેશક શ્રી ઈન્દ્રપાલ સિંહ સેઠી, યુઆઈડીએઆઈ ડીડીજી શ્રી મનીષ ભારદ્વાજ, યુઆઈડીએઆઈના ડીડીજી શ્રી આમોદ કુમાર અને એમઈઆઈટીવાય, યુઆઈડીએઆઈ અને



એનઆઈસીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ઓનલાઈન પ્લેટફોર્મ (http://swik.meity.gov.in) સુશાસન (સમાજ કલ્યાણ, નવીનતા, જ્ઞાન) સુધારા નિયમો, 2025 માટે આધાર પ્રમાણીકરણને અનુસરીને અસરકારક બન્યું છે. જે જાન્યુઆરી 2025ના અંતમાં આધાર (નાણાકીય અને અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) અધિનિયમ, 2016 હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા. નિર્ણય લેવાની પ્રક્રિયામાં પારદર્શિતા અને સમાવેશકતા સુધારવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આધારને વિશ્વમાં સૌથી વિશ્વસનીય ડિજિટલ આઈડી માનવામાં આવે છે. છેલ્લા એક દાયકામાં એક અબજથી વધુ ભારતીયોએ 100 અબજથી વધારે વખત આધારનો ઉપયોગ કરીને આધાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સુધારામાં દર્શાવ્યા મુજબ આધાર પ્રમાણભૂતતાના અવકાશના વિસ્તરણથી જીવનની સરળતામાં વધારો થશે અને તેમની પસંદગીની નવી સેવાઓની સુવિધામાં મુશ્કેલી વિના પ્રવેશની સુવિધા મળશે.

MeITYના સચિવ શ્રી કૃષ્ણને જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ લોન્ચ થવાથી અને તેની આસપાસની અન્ય પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓમાં સતત સુધારા સાથે અમે સુશાસન અને જીવન જીવવાની સરળતાના ક્ષેત્રમાં વધુ ઉપયોગના કિસ્સાઓ ઉમેરવાની પ્રક્રિયા ઝડપી બનાવવાની આશા રાખીએ છીએ. UIDAIના સીઈઓ શ્રી ભુવનેશ કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આધાર કેવી રીતે ભારતના ડિજિટલ અર્થતંત્રના વિકાસને સુલભ બનાવે છે.


સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં

## ગેરકાયદે ખનન અંગેના 165 કેસમાં રૂ.288.96 લાખની વસૂલાત કરવામાં આવી: મંત્રી બલવંતસિંહ રાજપૂત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી કાર્બોસેલની ખાણોમાં ગેરકાયદે ખનન અને તે અંગે કરવામાં આવેલી કાર્યવાહી અંગે વિધાનસભા ગૃહમાં ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે વિગતો આપતાં જણાવ્યું હતું કે જિલ્લામાં તપાસ ટીમો દ્વારા તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન વિવિધ માધ્યમોથી મળેલી ફરિયાદો અન્વયે કુલ ૧૯૭ કેસ કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬૫ કેસમાં રૂ.૨૮૮.૯૬ લાખની વસૂલાત કરવામાં આવી છે. જ્યારે ૧૦ કેસમાં કુલ ૩૩ લોકો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેમજ ૨૨ કેસમાં ૫૯ લોકો સામે રૂ.૧૫૯.૬૭ લાખની કોર્ટ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મંત્રીએ જણાવ્યું કે, વિવિધ માધ્યમો દ્વારા આ અંગે જ્યારે પણ ફરિયાદો કે અન્ય માહિતી મળે, ત્યારે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ, મુળી, સાયલા અને ચોટીલા તાલુકામાં સુરેન્દ્રનગર ભૂસ્તરશાસ્ત્રીની કચેરી અને ફ્લાઈંગ સ્ક્વૉડ તથા ગાંધીનગરની ટીમોએ સાથે મળીને વખતોવખત મુળી, સાયલા અને થાનગઢ તાલુકાઓમાં થતી કાર્બોસેલ ખનીજની ચોરી અન્વયે કામગીરી કરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત વર્ષ ૨૦૨૩માં વિવિધ મશીનરી સીઝ કરીને ૩૮૨ જેટલા જુદા-જુદા પ્રાઈવેટ સરવે નંબરોમાં સર્વેયરો દ્વારા ગામોના રેવન્યૂ તલાટી અને સર્કલ ઑફિસરોને સાથે રાખી ૮૩૫ જેટલા ઊંડા ઉતારેલા કૂવાઓની માપણી અંગેની કામગીરી કરવામાં આવી છે. જેના આધારે થાનગઢ, મુળી અને સાયલા તાલુકાના ખાનગી જમીન માલિકોને વિવિધ ૧૫૯ કેસોમાં કુલ રૂ.૩૨૨૦.૭૦ લાખની કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત લીઝની વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું કે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ જિલ્લામાં કાર્બોસેલ ખનીજની કુલ ૩૦ લીઝ કાર્યરત છે. જે પૈકી મુળી તાલુકામાં એક, જ્યારે થાનગઢ તાલુકામાં કુલ ૨૯ લીઝ કાર્યરત છે. આ સિવાય, જિલ્લામાં અન્ય ખનીજની ૩૪૪ લીઝ આવેલી છે.

## સનાતન વર્લ્ડ પરિવાર દાહોદ દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાયો



દિપક રાવલ | દાહોદ લીમખેડા

તા-27/02/2002 નાં રોજ ગોધરા ખાતે સાબરમતી ટ્રેન હત્યાકાંડમાં જે કારસેવકો વીરગતિ પામ્યા છે. જેમના બલિદાન નાં કારણે આજે આપણે સૌ સનાતન આરાધ્ય પ્રભુ શ્રી રામજી ને અયોધ્યા ખાતે શ્રી રામ મંદિર માં બિરાજમાન જોઈ રહ્યા છીએ. એવા કારસેવકો ને નગર પાલિકા ચોક દાહોદ ખાતે સનાતન વર્લ્ડ પરિવાર દાહોદ જિલ્લા દ્વારા ૨૩ મી પુણ્યતિથિ નિમિત્તે કારસેવકો ને શ્રધાંજલિ આપવામાં આવી હતી.

ઊના પંથકમાં ભાજપીઓનાં હિતવાળી પવનચક્કીનાં કામ સામે વિરોધવંટોળ

## પ્રોજેક્ટ લાઈન એટલે સિંહો માટે નહીં પરંતુ, સિંહોનાં વિસ્તારનું ઔદ્યોગિકરણ એવો જ અર્થ કાઢી શકાય..???

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખેડૂતો, આગેવાનો, સરપંચો વિરોધ કરે તો પોલીસને આગળ ધરી કેસ કરવામાં આવતા હોવાની પણ રાવ ગીરની આસપાસ એક બાદ એક પ્રોજેક્ટને વનતંત્રના ઉચ્ચ અધિકારીઓ મંજુરી આપી વિવાદ ઉભો કરે છે. થોડા સમય પહેલા વિસાવદરના ઘોડાસણમાં સોલાર પ્રોજેક્ટ અંગે વિવાદ થયો, હવે ઉના અને ગીરગઢડા પંથકમાં પવનચક્કી બનાવવા માટેની મંજૂરી આપવામાં આવતા નવો વિવાદ શરૂ થઈ રહ્યો છે. પવનચક્કી ઉભી કરનાર કંપની પાછળ ભાજપના ત્રણ નેતાઓના નામ સામે આવી રહ્યા છે. સ્થાનિક કક્ષાએથી સરપંચો, ખેડૂતો, ખેડૂતોની સંસ્થાઓએ વિરોધ શરૂ કરતા તેને દબાવવાના પ્રયત્ન શરૂ થઈ ગયા છે.ઉના અને ગીરગઢડા તાલુકાના માઢગામ, ભેભા, મઘરડી, ઉંદરી, નાથળ, એલમપુર, રાતડ, વરસિંગપુર, ડમાસા, ફુલકા, રાણવશી, કેસરીયા જેવા ગામમાં પવનચક્કી અને તેના



માટેના વીજપોલ નાખવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. આ વિસ્તારમાં ૨૦થી ૨૫ જેટલી પવન ચક્કી ઉભી કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ખેડૂતો, સરપંચો, ખેડૂત આગેવાનોએ વિરોધ શરૂ કર્યો છે. તેમાંથી અમુક ગામડાઓ જંગલની બોર્ડર પરના હોવાથી વન વિભાગની મંજુરીની જરૂર હતી જેથી થોડા સમય પહેલા નિવૃત થયેલા ઉચ્ચ અધિકારીએ મંજુરી આપી ખેલ પાડી દીધો હોવાનું ચર્ચાય છે. આ અંગે સિંહ પ્રેમીઓએ વિરોધ કરી મુખ્યમંત્રી તથા વડાપ્રધાનને રજુઆત કરી છે કે, એક તરફ કેન્દ્ર સરકાર સિંહો માટે અનેક યોજનાઓ લાવી તેને સુરક્ષા, સલામતી આપવાના દાવાઓ કરે છે તો બીજી તરફ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ગીરની બોર્ડર પર જ આવા પ્રોજેક્ટને મંજુરી આપી વિવાદનો મધપુડો છેડે છે. આગામી તા.ઉના સિંહ માટે મહત્વનો પ્રોજેક્ટ લાયન જાહેર થવાનો છે. તેવા સમયે જ સિંહો માટે મુશ્કેલી ઉભી કરતી પવન ચક્કીઓની મંજુરીએ વિવાદ ઉભો કરી દીધો છે. સિંહ પ્રેમીઓની માંગ છે કે, જે પ્રોજેક્ટ કરવા હોય તે ગીરથી ૧૦-૧૫ કિલોમીટર પછી કરવામાં વાંધો શું છે? આવા પ્રોજેક્ટ ને શા માટે મંજુરી આપવી જોઈએ? પવનચક્કીની કંપની સાથે કથિતપણે ભાજપના ત્રણ નેતાઓ સંકળાયેલા હોવાથી કોઈ રજુઆત સાંભળવામાં આવતી નથી. આ પંથકના અનેક સરપંચો અને ખેડૂતોએ વિરોધ કર્યો ત્યારે કંપનીએ પોલીસનો ઉપયોગ કરી વિરોધ કરનારને દબાવવાનો પ્રયાસ કર્યો છે.

## ગાયત્રી પરિવાર તથા નિવૃત લેપ્રસી કર્મચારીઓ દ્વારા તાલુકા હેલ્થ ઓફિસ દાહોદ ખાતે રક્તપિતના દર્દીઓને પોષણ કીટ અપાઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

તાલુકા હેલ્થ ઓફિસ, દાહોદ ખાતે જીલ્લા રક્તપિત અધિકારીશ્રી અને તાલુકા હેલ્થ ઓફિસરશ્રીના અધ્યક્ષ સ્થાને રક્તપિતના દર્દીઓને ગાયત્રી પરિવાર અને નિવૃત થયેલ લેપ્રસી કર્મચારીઓ દ્વારા પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી. આ નિમિતે દાહોદ તાલુકાના ૧૮ દર્દીઓ અને ગરબાડા તાલુકાના ૨ દર્દીઓ મળીને કુલ ૨૦ જેટલા દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી હતી.

## 1 થી 16 માર્ચ સુધી ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમૂના આગમન/પ્રસ્થાન સમયમાં અસ્થાયી પરિવર્તન

અમદાવાદ : પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના આદરજ મોટી-વિજાપુર સેક્શનમાં આદરજ મોટી સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમુ ટ્રેનના તમામ સ્ટેશનો પર આગમન/પ્રસ્થાનનો સમય અસ્થાયી પરિવર્તન કરવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: -

1 માર્ચ 2025 થી 16 માર્ચ 2025 સુધી, ટ્રેન નંબર 69207 ગાંધીનગર કેપિટલ - વારેઠા મેમુ ગાંધીનગર કેપિટલથી 18.00 કલાકને બદલે 17.35 કલાકે ઉપડશે અને 18.00 કલાકે કલોલ, 18.13 કલાકે ઝુલાસણ, 18.21 કલાકે ડાંગરવા, 18.29 કલાકે આંબલિયાસન, 18.40 કલાકે જગુદણ, 18.56 કલાકે મહેસાણા, 19.06 કલાકે રંડાલા, 19.09 કલાકે પુદગામ ગણેશપુરા, 19.16 કલાકે વિસનગર, 19.23 કલાકે ગુંજા, 19.37 કલાકે વડનગર, 19.51 કલાકે ખેરાલુ અને 20.25 કલાકે વરેઠા પહોંચશે. મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી છે.

## ચાણસ્માના પનોતા પુત્રી ક્રિયા શાહ સંન્સારીક જીવનનો ત્યાગ કરી ભક્તિના સંયમના માર્ગે પ્રયાણ કરશે

નિતીન ઠાકર | ચાણસ્મા



ચાણસ્મા ના મૂળ વતની અને મુંબઈ ધંધાર્થે સ્થાયી થયેલ જિતેન્દ્રકુમાર કંચનલાલ ગભરૂ ચંદ શાહ પરિવાર ના પાંચ ભાઈ ઓની એકની એક લાડકી બેન ક્રિયા બેન શાહ ઉ.વ. ૨૦ સાંસારિક જીવનનો ત્યાગ કરી જૈન ભગવંતાચાર્યો ના આશિર્વાદ લઈ પરિવાર ચાણસ્મા નગરજનો ની ઉપસ્થિતી માં ભક્તિ ના સંયમ ના માર્ગે પ્રગરવ માંડી ભક્તિ માર્ગ અપનાવી પોતાના પરિવાર સહિત સ્વ કલ્યાણ કરી પોતાના શેષ જીવન ને ધન્ય બનાવી કૃતાર્થ થશે.

ઉપલેટામાં અસામાજિક તત્ત્વોનું જાહેરમાં આતંક : લોકોમાં રોષ

## ઉપલેટામાં પોલીસ તંત્રને હિન્દુ સમાજે આરોપીનું જાહેરમાં સરઘસ કાઢવાની માંગ કરી

ઉપલેટા : ઉપલેટા શહેરમાં બનેલી મારામારીની અને આવારા તત્વોનો આતંકની ઘટનાને લઈને ઉપલેટામાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી વધુ જાણવા મળેલ કે, રીક્ષા ચાલક સાથે નજીવી બાબતે બોલાચાલી કરી જાહેરમાં દરેક લોકોને બિભત્સ ગાળો ભાંડીને આતંક મચાવ્યો હતો. અબુ ઉર્ફે જામ મિયાણા નામના શખ્સે 'હું ઉપલેટાનો બાપ છું' નો વાણીવિલાસ કરીને કોને ઝગડવું છે. એવું કહીને છરી લઈને આંતક મચાવતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો લોકોએ તેનું સરભરા કરવાની માંગ કરી હતી

ઉપસ્થિત ટોળાને ઉપલેટા ડીવાયએસપી,એલસીબી સહિતના પોલીસે આરોપીને ઝડપી પાડ્યા



બાદ સમસ્ત હિન્દુ સમાજે આરોપીનું જાહેરમાં સરઘસ કાઢવાની માંગ કરી હતી. જાહેરમાં છરી સાથે ગાળાગાળી કરનારા આરોપીનું જાહેર સરઘસ કાઢવા માટે લોકોની માંગ સામે પોલીસ અધિકારીઓએ સમજાવટ અને આરોપીને ઘટના સ્થળે પંચનામુ કરવા માટે લાવવાની ખાત્રી આપ્યા બાદ લોકોના ટોળા વિખેરાયા હતા.

ઉપલેટામાં વિધર્મી વચ્ચે વિવાદ સર્જાયો હોવાની બાબતે શહેરના મુખ્ય ચોકમાં હજારોની સંખ્યામાં લોકો એકત્રિત થયા છે. આવારા તત્ત્વોના આતંકને લઈને રાત્રે લોકોના ટોળા એકઠા થતા પોલીસ દોડી આવી હતી. મોડી રાત્રે ગામના લોકો આવારા તત્વોના આતંક અને દાદાગીરી સામે કાર્યવાહી કરવાની માંગ સાથે એકત્ર થયા હતા. પોલીસે કાર્યવાહીની ખાત્રી આપ્યા છતાં ફરીથી લોકો ફરીથી લોકો સવારે એકત્ર થયા હતા ઉપલેટા માં હિન્દુ સંગઠન દ્વારા રોજગાર ધંધા બંધ રાખવાનું આહ્વાન કરાયું હતું.

## બોટાદ તાલુકાના બોટાદ-તુરખા-રંગપર રોડ, કારિયાણી-લાખીયાણી-રોહીશાળાના રસ્તાઓની કામગીરી યોગ્ય: મંત્રી જગદીશ વિશ્વકર્મા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

બોટાદ તાલુકાના રોડના કામ વિશે વિગતો આપતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, બોટાદ તાલુકાના બોટાદ-તુરખા-રંગપર રોડ, કારિયાણી-લાખીયાણી-રોહીશાળાના રસ્તાઓની કામગીરી ટેન્ડર મુજબ યોગ્ય રીતે કરવામાં આવી છે. વિવિધ રસ્તાઓની ગુણવત્તાની ચકાસણી માટે રાજ્યના દરેક જિલ્લામાં ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ગેરી) લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી છે. આ લેબોરેટરીમાં બાંધકામમાં (રસ્તા, પુલો, મકાનો) વપરાતા જરૂરી માલસામાનના પરીક્ષણો કરવામાં આવે છે. આ પરીક્ષણોના પરિણામના આધારે સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ ૨૦૨૩ થી ઓક્ટોબર ૨૦૨૩ માં અંદાજે ૨૫૭૩ જેટલા રસ્તાઓના કામોના નિરીક્ષણ કરવામાં આવ્યા છે. નિરીક્ષણ દરમિયાન રસ્તાની સપાટીને નુકશાન થયેલ હોય, ચકાસણી દરમિયાન રસ્તાની જાડાઈ નિયત ધારાધોરણ કરતા ઓછી જણાય હોઈ તેમજ નીરીક્ષણ દરમિયાન રસ્તામાં વપરાયેલ માલસામનના સેમ્પલ લઈ ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ગેરી) લેબોરેટરીમાં પરીક્ષણ કરાવતા ફેઈલ થયેલ હોય તેવા એટલે કે નબળી ગુણવત્તા જણાતા ૫૦ કામોના અમલીકરણ કરાવતા અધિક મદદનિશ ઈજનેર, મદદનિશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, કાર્યપાલક ઈજનેરના ખુલાસા માંગવામાં આવેલ હતા આમ વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૯૪૯ કામોના પરીક્ષણ કરવામાં આવ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ખાસ ચકાસણી ઝુંબેશ (સ્પેશિયલ ડ્રાઈવ) યોજી વિવિધ રસ્તાઓની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં પ્રગતિ હેઠળના ૮૯ જેટલા કામોમાં ક્ષતિ જણાતા દોષિતો પર કડક કાર્યવાહી પણ કરવામાં આવી છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

પેટા પ્રશ્નની વિગતો આપતા મંત્રીએ કહ્યું કે, રાજ્યમાં રિંગરોડ, ફોરલેન કે સિક્સ લેન જેવા રસ્તાઓ બનાવવામાં અધિકૃત એજન્સીના રિપોર્ટના આધારે નક્કી કરવામાં આવે છે.

## જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને મોટા સોનેલા ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે જિલ્લા કક્ષાનો વાનગી સ્પર્ધા યોજાઇ


### ફોનિક્સ એઆરસી પ્રાઈવેટ લિમિટેડ

**રજિસ્ટર્ડ ઓફિસ:** ત્રીજો માળ, વોલેસ ટાવર 139-140/B/1, સહાર રોડ ક્રોસિંગ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ - 400057
**ટેલિફોન :** 022- 67412313 **CIN :** U65990MH2007PTC168303 **ઈમેઈલ :** info@phoenixarc.co.in વેબસાઈટ:- www.phoenixarc.co.in

**ઈ-ઓક્શન કમ વેચાણ માટેની જાહેર સૂચના**

સિક્યોરિટાઇઝેશન અને નાણાકીય અસ્કયામતોના પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ 2002ના અમલ હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની ઇ-ઓક્શન નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (અમલીકરણ) નિયમો 2002ના નિયમ 8 અને 9 ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. નોટિસ આથી સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને લોન લેનારાઓ/ગૉરન્ટ્સ હેઠળ ઉલ્લેખિત મિલકતોને આપવામાં આવે છે. મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઇનાન્સ લિમિટેડ (અગાઉ એસ્પાયર હોમ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ - અસાઇન તરીકે ઓળખાતું હતું) દ્વારા ઋણની સોંપણીના અનુસંધાનમાં ફોનિક્સ એઆરસી પ્રાઈવેટ લિમિટેડને "જેમ છે ત્યાં, જેમ છે તેમ અને આશ્રય વિના" પર વેચવામાં આવશે જો "ઓનલાઈન ઇ-ઓક્શન" માટે બાકીની વસૂલાત અને વ્યાજની વસૂલાતની મુદત અને વ્યાજની નીચેની મુદત વગેરે. SARFAESI એક્ટની જોગવાઈઓ સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો 2002 ના નિયમો 8 અને 9 સાથે વેબસાઇટ દ્વારા વાંચવામાં આવે છે: www.phoenixarc.co.in/ નીચે આપેલ વિગતો મુજબ.

**ઈ-ઓક્શન ની તારીખ અને સમય :- 24-03-2025/ સવારના 11:00 થી બપોરના 02:00 સુધી (અમર્યાદિત 5 મિનિટના અંતરાલ સાથે)**

| ક્રમ નં | ઉધાર લેનાર(ઓ) / જામીનદાર(ઓ) / લોન એકાઉન્ટ નંબર | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત રકમ, ઈએમડી અને ઈએમડી સબમિશન કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| 1 | LAN:- LXBAR00416 - 170045444 શાખા :- વડોદરા ઉધાર લેનાર :- અનિલભાઈ નરસિંહભાઈ ગજ્જર, સહ-ઉધાર લેનાર :- ગંગાબેન અનિલભાઈ ગજ્જર | 04-05-2019 રૂ: 1435916/- (ચૌદ લાખ પાંત્રીસ હજાર નવસો સોળ રુપિયા માત્ર) | પ્લોટ નંબર બી-23, આર/એસ/નંબર 104/એ/2 પાઈકી 2, ખાટા નંબર 86, ગોવિંદ પાર્ક ટેનામેટ, નાનાપુરા, છોટા ઉદેપુર રોડ, નસવાડી, ગુજરાત, છોટા ઉદેપુર 391150 ગુજરાત | અનામત રકમ:- રૂ :- 580000/- (રૂપિયા પાંચ લાખ એંસી હજાર માત્ર) ઈએમડી :- 58000/- (અઠ્ઠાવન હજાર રૂપિયા માત્ર) ઈએમડી ડિપોઝીટ કરવાની છેલ્લી તારીખ: 23-03-2025 |
| 2 | LAN:- LXBAR00416 - 160020247 શાખા :- વડોદરા ઉધાર લેનાર :- નિત્રાજબહેન ગ્રુશનકુમાર ભટ્ટ, સહ-ઉધાર લેનાર :- ગ્રુશનકુમાર નિતીનકુમાર ભટ્ટ | 20-07-2018 રૂ: 1901646/- (ઓગણીસ લાખ એક હજાર છસો છેતાલીસ રૂપિયા માત્ર) | ઘર નંબર 6, પ્લોટ નંબર 6, આર એસ નંબર 1304/1, કૃષ્ણ વિહાર રેસીડેન્સી, મોગરી જીઆઈડીસી રોડ, મોગરી, આણંદ, નાની ભાગોલ પાસે, મોગરી 388120, ગુજરાત | અનામત રકમ:- 1900000/- (ઓગણીસ લાખ રૂપિયા માત્ર) ઈએમડી :- 190000/-(એક લાખ નેવું હજાર રૂપિયા માત્ર) ઈએમડી ડિપોઝીટ કરવાની છેલ્લી તારીખ:- 23-03-2025 |

**ઈ-ઓક્શનના નિયમો અને શરતો :** 1. હરાજી બિડ દસ્તાવેજના આગળના નિયમો અને શરતો અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવે છે. બિડર્સ બિડિંગ માહિતી અને સમર્થન માટે અમારા ઈ-ઓક્શન સેવા પ્રદાતા **મેસર્સ ARCA ઇ માર્ટ પ્રાઇવેટ લિમિટેડ**ના વેબ પોર્ટલ **https://www.auctionbazaar.com/**ની મુલાકાત લઈ શકે છે, ઇ-ઓક્શન માટે મૂકવામાં આવેલી સુરક્ષિત સંપત્તિની વિગતો અને બિડ ફોર્મ જે ઑનલાઇન સબમિટ કરવામાં આવશે. રસ ધરાવતા ખરીદદારો એ જ પોર્ટલ પર હરાજીના નિયમો અને શરતો અને પ્રક્રિયામાંથી પસાર થઈ શકે છે અને **જાની મહેન્દ્રા - 7045979708 , ચાવડા વિશાલ - 9372704795, ઈશાન દેવ - 8828273231** ઉપરોક્ત વેબ પોર્ટલ પર ઉપલબ્ધ વિગતોનો સંપર્ક કરી શકે છે અને તેમની કેન્દ્રિય મદદ +6969696969696969696 નો સંપર્ક કરી શકે છે. **ઈમેલ આઈડી:- contact@auctionbazaar.com 2.** તમામ ઇચ્છુક ખરીદદારો/બિડરોએ ઉપરોક્ત ઉલ્લેખિત પોર્ટલમાં **https://www.auctionbazaar.com** તરીકે તેમનું નામ નોંધણી કરાવવી જરૂરી છે અને ઉપરોક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે E-AUCTION માં ભાગ લેવા માટે મફતમાં યુઝર આઈડી અને પાસવર્ડ મેળવો. 3. ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે, ઇચ્છુક ખરીદદારો/બિડરોએ પાનકાર્ડની નકલો, બોર્ડના રિઝોલ્યુશનની નકલો સાથે રિફંડપાત્ર બાનાની ડિપોઝિટની ચુકવણીની વિગતો સબમિટ કરવાની રહેશે, જો કંપની અને એડ્રેસ પ્રૂફ ઉપરોક્ત EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ પહેલાં ir પર રજૂ કરે તો. ઇચ્છુક ખરીદદારો/બિડરોએ ઉપરોક્ત વિગત દરેક આઇટમ/પ્રોપર્ટીઝ માટે અલગ EMD સબમિટ કરવાની જરૂર છે. 4. હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી બિડ/ઓફરને સ્વીકાર/અસ્વીકાર/સંશોધિત/રદ કરી શકે છે અથવા કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના હરાજી મુલતવી રાખી શકે છે. 5. સફળ ખરીદનાર/બીડર કોઈપણ વૈધાનિક બાકી લેણાં, કર, ફી, ખરીદી વિચારણા પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે જે સુરક્ષિત અસ્કયામતોને લાગુ કાયદા અનુસાર તેની/તેણીની તરફેણમાં પહોંચાડવા/વિતરિત કરવા માટે ચૂકવવા પડે છે તે સહન કરશે. 6. ઇચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, હરાજી પર મુકવામાં આવેલી સુરક્ષિત અસ્કયામતોના શીર્ષક અને દાવા/હકો/લેણીઓ સહિત સુરક્ષિત અસ્કયામતોને અસર કરતી તેમની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. હરાજીની જાહેરાત કોઈ પ્રતિબદ્ધતા અથવા ફોનિક્સની કોઈપણ રજૂઆતની રચના કરતી નથી અને કરશે નહીં. ફોનિક્સના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવાઓ/અધિકારો/લેણીઓ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. 7. સંભવિત/ઇચ્છુક બિડરે એક બાંયધરી આપવી પડશે કે તે/તેણી નાદારી અને નાદારી કોડ 2016ની કલમ 29A ની જોગવાઈઓ તરીકે ગેરલાયક નથી અને KYC દસ્તાવેજો સાથે આવી બાંયધરી આપવામાં નિષ્ફળતા આપમેળે ગેરલાયક ઠરશે અથવા તે/તેણીની બિડ નામંજૂર કરવામાં આવશે.

**સ્થળ :- ગુજરાત**
**તારીખ :- 01-03-2025**
**ભાષાંતરમાં ત્રૂટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.**

Sd/
અધિકૃત અધિકારી
ફોનિક્સ એઆરસી પ્રાઈવેટ લિમિટેડ


જગદીશ ત્રિવેદી | લુણાવાડા

પોષણ ઉત્સવ અંતર્ગત ૬૬ આંગણવાડી કેન્દ્રની બહેનો દ્વારા ટેક હોમ રાશન અને મીલેટ (શ્રી અન્ન) માંથી બનતી વાનગી સ્પર્ધા યોજાઈ. આઈ. સી. ડી. એસ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પોષણ ઉત્સવ ૨૦૨૪-૨૫ અંતર્ગત ટેક હોમ રાશન અને મીલેટ (શ્રી અન્ન ) માંથી બનતી વિવિધ પોષ્ટીક વાનગી સ્પર્ધા લુણાવાડા, મોટા સોનેલા, ડો બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુકશ્રી બાબુભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીની પ્રેરક ઉપસ્થિતમાં કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી મીલેટ વર્ષની ઉજવણી કરી રહ્યા છે.




Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, જીઆઈએફટી ટાવર વન ગીફટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯

બેંક નીચેની શાખાના ફર્નિશિંગ, ઈલેક્ટ્રિકલ અને એસી કામો, સીસીટીવી, એલાર્મ સિસ્ટમ અને સિવિલ કામ માટે લાયક કોન્ટ્રાક્ટર પાસેથી બે બિડ સિસ્ટમ હેઠળ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્રમ | ગામો, શહેરો વિગેરેનું નામ | કાર્પેટ એરીયા (ચો.ફુટમાં) |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૦૦૦-૧૨૦૦ |

**બિડસ જમા કરવાની તા. ૨૦-૦૩-૨૦૨૫ના રોજ અથવા તે પહેલા.**

વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લો www.punjabandsindbank.co.in

ઝોનલ મેનેજર


## કચ્છના શિક્ષકોને 'આદર્શ શિક્ષક ' સન્માન કાર્યક્રમમાં પારિજાત ગ્રૂપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા



પર્યાવરણ હોલમાં સંગીતના સથવારે જ્યારે આ ૫૧ શિક્ષકોનું પંચામૃતથી સન્માન કરવામાં આવ્યું ત્યારે અને એમાંથી ત્રણ શિક્ષકોને પારિજાત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો

મહેશ એલ.સોની નખત્રાણા

રાજ્ય કક્ષાએ સાહિત્યક્ષેત્રે નોખી જ ભાત પાડતા ' પારિજાત એવોર્ડ ' નું આયોજન માણેકલાલ પટેલ અને સહયોગી પી.સી.પટેલ અને કિરણબેન શર્મા દ્વારા કરવામાં આવે છે.પણ, આ વરસે ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાના ૫૧ શિક્ષકોને પારદર્શક પધ્ધતિથી, કોઈ પણ જાતની ભલામણ સિવાય સમગ્ર ગુજરાતમાંથી શોધીને ' આદર્શ ' શિક્ષક તરીકે સન્માનવાનો વિશિષ્ટ કાર્યક્રમ તાજેતરમાં અમદાવાદના પર્યાવરણ મંદિર ખાતે યોજાઈ ગયો.

આ ૫૧ માં કચ્છના આઠ શિક્ષકોની પણ પસંદગી થયેલી છે, જેઓને પણ માણેકલાલ પટેલ, પી.સી.પટેલ, કિરણબેન શર્મા, રમણધામ- જીવાપુરા, તા- દેત્રોજના સંત યોગીશ્રી બાલકનાથ બાપુ અને પૂર્વ આચાર્ય ડૉ.મનમોહનસિંહ ગોહિલના હસ્તે પંચામૃત- શાલ, પ્રમાણપત્ર, બોલપેન, પુસ્તક અને મીઠાઈથી સન્માન કરાવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત તમામ શિક્ષકો અને સાહિત્યકારોનું નાસીક ઢોલના સથવારે સ્વાગત કરવામાં આવ્યું હતું.

એ પછી દીપ પ્રાગટ્ય કર્યા બાદ ત્રણ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સરસ્વતીના વૈદિક મંત્રોચારથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલી. ખીચોખીચ ભરેલા પર્યાવરણ હોલમાં સંગીતના સથવારે જ્યારે આ ૫૧ શિક્ષકોનું પંચામૃતથી સન્માન કરવામાં આવ્યું ત્યારે અને એમાંથી ત્રણ શિક્ષકોને પારિજાત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો ત્યારનો માહોલ જ્ઞાનના કુંભમેળા સરીખો સર્જાઈ ગયો હતો. પ્રાસંગિક માણેકલાલ પટેલે અને આશીર્વાદ ડૉ.મહિમનસિંહજી અને પૂજ્ય યોગી બાલકદાસબાપુએ આપ્યા હતા. આ પ્રસંગે ' પુસ્તકો રડે છે ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.પુસ્તક પરિચય પી.સી.પટેલે આપ્યો હતો અને આ સંપાદકીય પુસ્તકના લેખકોને પુસ્તક ભેટ આપી એમનું સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમ સંચાલન કિરણબેન શર્માએ કર્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## અમરેલીમાં વધુ એક બાળક શિકાર બન્યું, ગીર પૂર્વના દલખાણિયા રેન્જમાં રાજસ્થળી રેવન્યૂ વિસ્તારનો બનાવ

# અમરેલીમાં પરિવાર વચ્ચે સૂતેલા બાળકને દીપડો ખેંચી ગયો

અમરેલી | અમરેલી જિલ્લાના ધારી ગીર પૂર્વના દલખાણિયા રેન્જમાં દીપડાના હુમલામાં બે વર્ષના બાળકનું કરુણ મૃત્યુ થયું છે. આ ઘટના દલખાણિયા રેન્જના હીરાવા બીટના રાજસ્થળી રેવન્યૂ વિસ્તારમાં વહેલી સવારે બની હતી. મૃતક બાળકના મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટના પરપ્રાંતીય મજૂરોમાં ભયનું વાતાવરણ સર્જી રહી છે. રાજસ્થળી રેવન્યૂમાં મનુભાઈ લખમણભાઈ શેલડિયાની વાડીમાં પરપ્રાંતીય મજૂરો રાત્રે સૂતા હતા.

આ દરમિયાન દીપડાએ બે વર્ષના બાળક બીટુ સુંદરસિંહ મીનાવાને ઉઠાવી લીધો અને તેને ફાડી ખાધો હતો. મૃતક બાળક બીટુ સુંદરસિંહ મીનાવા (ઉંમર 2 વર્ષ) મધ્યપ્રદેશના રતન ઢોલા, હનુમાનધારનો રહેવાસી હતો. ઘટનાની જાણ થતાં જ દલખાણિયા વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી છે. દીપડાને પકડવા માટે વન વિભાગે તાત્કાલિક કવાયત હાથ ધરી છે.

સતત રહેણાક વિસ્તારમાં દીપડો દેખાતા ગ્રામ્ય વિસ્તારના લોકોએ હવે પોતાના ઘર પાસે સીસીટીવી કેમેરા લગાવવાની શરૂઆત કરી છે. જેના કારણે સહેલાઈથી દીપડાની હાજરી કેમેરામાં કેદ થાય છે, જેથી તેઓ વન વિભાગને જાણ કરીને પાંજરા પૂરવાની વાત કરે છે. જાગૃતિના કારણે દીપડા પકડાવવામાં વન વિભાગને સહેલાઈ થાય છે.



### ઘરમાં ઘૂસી બાળકનું માથું પકડી શિકારનો પ્રયાસ

ગત 17મી ફેબ્રુઆરીએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વાવેરા ગામમાં વહેલી સવારે એક દીપડાએ 8 વર્ષના બાળક પર હુમલો કર્યો હતો. ગૌશાળા નજીક નદી કાંઠા વિસ્તારમાં આવેલા દેવીપૂજક પરિવારના ઘરે દીપડો ઘૂસી આવ્યો હતો.

અને વૈભવ નરસીભાઈ સોલંકી નામના બાળકનું માથું પકડી શિકારનો પ્રયાસ કર્યો હતો. જો કે, બૂમાબૂમ થતાં દીપડો બાળકને છોડીને ભાગી ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા બાળકને પ્રથમ રાજુલા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

### પચપચિયામાં ખેતરમાં સૂતેલા બાળકનો ઢસડીને શિકાર

24 ડિસેમ્બરે ખાંભા તાલુકાના પચપચિયા ગામની સીમમાં એક પરિવાર ઝૂંપડામાં સૂતો હતો, જેમાં ઉના તાલુકાના સામતેર ગામનો 10 વર્ષનો બાળક મયૂર જિતુભાઈ સોરઠિયા પરિવાર વચ્ચે સૂતો હતો. દરમિયાન દીપડો લપાતોછુપાતો આવી બાળકને ઢસડી 500 મીટર દૂર બાવળની ઝાડીઓ સુધી લઈ જઈ શિકાર કર્યો હતો. દીપડાએ બાળકને ફાડી ખાધા બાદ એ નાસી છૂટ્યો હતો.

ઘટનાની જાણ ખાંભા રેન્જ વન વિભાગને થતાં વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી બાળકના શરીરના હાથ, પગ સહિત કેટલાક અવશેષો મળતા ખાંભા હોસ્પિટલમાં પીએમ માટે મૃતદેહ ખસેડવામાં આવ્યો છે. સીમ વિસ્તારમાં દીપડા દ્વારા બાળકના શિકારની વધતી ઘટનાને લઈને સ્થાનિક ખેડૂતોમાં ફફડાટની સાથે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામની સીમમાં બાળકી પર દીપડાએ હુમલો કરી મોતને ઘાટ ઉતારી હતી.

માતા-પિતા કપાસ વીણી ઘરે જવાની તૈયારી કરતાં હતાં. દીપડો બાળકીને ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યો હતો. બાળકીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. દરમિયાન બાળકીને ગંભીર ગળાના ભાગે ઈજાઓ હોવાને કારણે તેનું મોત થયું હોવાનું ફરજ પરના ડોક્ટરે જાહેર કર્યું હતું.

# 'પપ્પા, સાહેબ શાળામાં ખોટું કામ કરે છે' : ઉધરસની દવાના બહાને દારૂ પીવડાવી શિક્ષકે બે વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યું

(એજન્સી) અમરેલી | તા. 28

અમરેલી જિલ્લામાં શિક્ષણજગતને કલંકિત કરનારી ઘટના સામે આવી છે. જ્યાં નરાધમ શિક્ષકે ધોરણ-4માં અભ્યાસ કરતી નવ વર્ષની બે બાળકીઓને હવસનો શિકાર બનાવી છે. વારંવાર દુષ્કર્મનો ભોગ બનેલી દીકરીએ ઘરે વાત કરતાં દીકરીના પિતાએ શાળામાં છુપાઈને અડપલાં કરતાં શિક્ષકને રંગેહાથ ઝડપીને પોલીસને સોંપ્યો છે. આ ઘટનામાં દીકરીના પિતાએ એવો આક્ષેપ કર્યો છે કે નરાધમ શિક્ષક બાળકીઓને ઉધરસની દવાના બહાને દારૂ પિવડાવતો હતો.

અમરેલી તાલુકા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ અમરેલીના ભારતનગરની શાળામાં ફરજ બજાવતો શિક્ષક મહેન્દ્ર કાબઠિયા ધોરણ-4માં ભણતી નવ વર્ષની બે બાળકી પર છેલ્લા કેટલાક સમયથી દુષ્કર્મ ગુજારતો હતો. આ ઘટના અંગે એક દીકરીએ પોતાના ઘરે વાત કરી હતી, જેથી દીકરીના પિતાએ શાળામાં સંતાઈને રેકી કરી હતી.

આ દરમિયાન પિતાએ શિક્ષક મહેન્દ્ર કાબઠિયાને શાળાની ઓફિસમાં પોતાની દીકરી સાથે અડપલાં કરતાં રંગેહાથ ઝડપી લીધો હતો અને તુરંત ગ્રામજનો અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ અમરેલી રૂલર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને આરોપીને ઝડપી લીધો હતો. આ ઘટનાને લઈને શાળામાં અભ્યાસ કરતી અન્ય દીકરીઓના વાલીઓ પણ રોષે ભરાયા છે. જેમણે નરાધમને કડકમાં કડક સજા કરવાની માગ કરી છે.

આ ઘટના અંગે ભોગ બનનાર દીકરીના પિતાએ જણાવ્યું હતું કે, મહેન્દ્ર કાબઠિયા મારી દીકરી સાથે ખરાબ કામ કરતો હોવાની વાત દીકરીએ ઘરે કરી હતી. જેથી બીજા દિવસે હું શાળાએ ગયો હતો અને સંતાઈ ગયો હતો. આ બાદ શાળાની ઓફિસમાં મારી દીકરી સાથે અડપલા કરતા શિક્ષકને મેં રંગેહાથ ઝડપ્યો હતો અને બાદમાં પોલીસને જાણ કરી હતી. આ નરાધમ ઉધરસની દવાના બહાને દીકરીઓને દારૂ પીવડાવી આવું કૃત્ય કરતો હતો. આરોપીને ફાંસીની સજા આપવામાં આવે એવી અમારી માગ છે.



### પોલીસે આરોપીને ઝડપી આગળની તપાસ હાથ ધરી

આ અંગે ઈન્ચાર્જ એસ.પી. ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શિક્ષક મહેન્દ્ર કાબઠિયા ધોરણ-4માં અભ્યાસ કરતી બે બાળકી સાથે ઘણા સમયથી શારીરિક અડપલા અને દુષ્કર્મ આચરતો હતો. જે બાબતે ભોગ બનનારે ઘરે વાત કરતાં એના પિતાએ સંતાઈને રેકી કરીને શાળાની ઓફિસમાં દીકરી સાથે અડપલાં કરતા શિક્ષકને ઝડપી લીધો હતો. એ બાદ પોલીસને જાણ કરતાં પોલીસે આરોપીને ઝડપી લીધો છે અને આગળની તપાસ ચાલુ છે.

# સુરતમાં હત્યાનો આરોપી છું કહી બિલ્ડર પાસે 2 લાખની ખંડણી માગનાર ઝડપાયો

સુરત | હાલમાં યુવકો વેબસિરિઝ અને ફિલ્મોના પ્રભાવ હેઠળ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા ઝડપાઈ રહ્યા છે. એવો જ એક કિસ્સો સુરતના ઉધનામાં સામે આવ્યો છે. જેમાં એક યુવકે મિર્ઝાપુર વેબસિરિઝ જોઈ મુન્નાભાઈ બનાવાની લ્હાયમાં બિલ્ડરને ફોન કરી 'હું હત્યાનો આરોપી છું' કહી બે લાખની ખંડણી માગી હતી. આ મામલે ઉધના પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

ગત 2 ફેબ્રુઆરીના રોજ ઉધના રોડ નં. 4, પ્લોટ નં.1/11 ખાતે બાંધકામ ચાલી રહ્યું હતું. આ સમયે અચાનક બિલ્ડરને અજાણ્યા નંબર પરથી ધમકીભર્યો ફોન આવ્યો હતો. જેમાં સામેની વ્યક્તિએ રોફ જાડવા માટે બિલ્ડરને ફોન પર કહ્યું હતું કે, લેબર કોન્ટ્રાક્ટરને બે લાખ રૂપિયા આપ, નહીં તો કામ બંધ કરનહીતર સબકો ભુંદ દુગા. બાદમાં બિલ્ડરે ફોન નહીં ઉઠાવવાનું બંધ કરી દેતા આરોપીએ વોટ્સએપ પર વોઈસ મેસેજ મોકલીને વધુ ગંભીર ધમકી આપી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, જો બાંધકામ ચાલુ રાખવું હોય તો બે લાખ રૂપિયા આપવા પડશે, નહીં તો ફાયરિંગ કરી જાનથી મારી નાખીશ. ખંડણીની માગ સાથે આવતી આ ધમકીઓ બાદ બિલ્ડરે તાત્કાલિક ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ બાદ ઉધના પોલીસની સર્વેલન્સ ટીમ એક્શન મોડમાં આવી હતી. ખંડણી માગનારની વિગતો શોધતા પોલીસને ખબર પડી કે, આરોપી સમીરખાન શહીલખાન પઠાણ (ઉં.વ. 20) રહે. લીંબાયત, સુરત અને મૂળ મહારાષ્ટ્રનો વતની છે. પોલીસે ઝડપથી તપાસ શરૂ કરી અને આરોપીને ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો હતો. આજરોજ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી કે, મિર્ઝાપુર જેવી ક્રાઈમ વેબસિરીઝ જોઈને જ તે ગુનાખોરીના રસ્તે ઊતર્યો હતો. ઉધના પોલીસે સમીર પઠાણને પકડ્યા બાદ તેને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાક્રમનું રી-કન્સ્ટ્રકશન કરાવ્યું હતું. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ આરોપી માત્ર ધાક જમાવવા માટે હત્યાનો આરોપી હોવાનું કહેતો હતો. હકીકતમાં તે માત્ર એક પેઈડ મજૂર છે, જે મિર્ઝાપુર જેવી વેબસિરીઝ જોઈને પોતાને માથાભારે ઈસમ બતાવવા માંગતો હતો.

## ટંકારામાં યુવકનો આપઘાત

### 25 વર્ષીય મજૂરે પોતે ગળે ઈજા કરી ત્રીજા માળેથી કૂદી જીવન ટૂંકાવ્યું



મોરબી | ટંકારા મોરબી હાઈવે પર સ્થિત દયાનંદ FIBC કારખાનામાં એક દુ:ખદ ઘટના સામે આવી છે. કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા 25 વર્ષીય યુવકે આત્મહત્યા કરી લીધી છે. મૂળ ઉત્તર પ્રદેશના વતની અનુજ જયમલ કુશવાહ લગધીરગઢ ગામની સીમમાં આવેલા કારખાનામાં મજૂરી કામ કરતો હતો. ગઈકાલે તેણે પહેલા તીક્ષ્ણ હથિયારથી પોતાના ગળા પર ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ કારખાનાના ત્રીજા માળેથી કૂદી પડ્યો હતો.

આ ઘટનામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ થયું હતું. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથાના ભાગે હેમરેજ અને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારની ઈજાને કારણે મૃત્યુ થયાનું સામે આવ્યું છે. ટંકારા તાલુકા પોલીસે ઘટનાની નોંધ લઈ વધુ તપાસ શરૂ કરી છે.

## 'સાંસદ તો સિવિલની વિઝિટ કર્યા રાખે તે શું કરી લેવાના'

# સિવિલ સ્ટાફના વર્તનથી સાંસદ ચંદુ સિહોરા લાલઘૂમ, કડક પગલાં ભરવા તંત્રને સૂચના

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 28

સાંસદ ચંદુ સિહોરા સિવિલ હોસ્પિટલમાં વિઝિટ પર ગયા અને સ્ટાફ દ્વારા ગેરવર્તન કરવામાં આવ્યું હતું. સાંસદ તો સિવિલ હોસ્પિટલની વિઝિટ કર્યા રાખે તે શુ કરી લેવાના - સાંસદ સાથે સ્ટાફના વર્તનથી સાંસદ લાલઘૂમ થયા હતા. આથી સ્ટાફનો સાંસદ ચંદુ સિહોરાએ ઉધડો લઈ લીધો હતો. હવે સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલના સ્ટાફ સાંસદનું પણ ગણકારતા નથી. આથી રોષે ભરાયેલા સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ શિહોરા દ્વારા પગલાં ભરવા તંત્રને સૂચના આપવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી સાયલા નેશનલ હાઈવે વચ્ચે મોરવાડ ગામના બ્રિજ ઉપર આગળ જતા ડમ્પર પાછળ ટેમ્પો ટ્રક ઘૂસી ગઈ હતી. જેમાં પશ્ચિમ બંગાળના પરિવારના 5 તેમજ ડ્રાઈવર સહિત 6 લોકોના મોત થયા હતા. જેમાં એકના મૃતદેહને પીએમ માટે ગાંધી હોસ્પિટલે લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં મૃતકનું પીએમ કરવામાં આવ્યું હતું. પરંતુ મૃતકના પીએમ સર્ટિ. મોડા પડયા હોવાના કારણે સુરેન્દ્રનગર જિલ્લાના સાંસદ ચંદુભાઈ શિહોરા ગાંધી હોસ્પિટલે આવ્યા હતા. પરિણામે કોઈ સ્ટાફકર્મી દ્વારા થયેલા વાણીવિલાસની જાણ સાંસદને કોઈ કરતા સાંસદ લાલઘૂમ બની ગયા હતા. જેમાં પ્રાપ્ત વિગતો મુજબ આ હોસ્પિટલમાં આવ્યા .

### શું હતો આ સમગ્ર બનાવ

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી સાયલા નેશનલ હાઈવે વચ્ચે મોરવાડ ગામના બ્રિજ ઉપર આગળ જતા ડમ્પર પાછળ ટેમ્પો ટ્રક ઘૂસી ગઈ હતી. જેમાં પશ્ચિમ બંગાળના પરિવારના 5 તેમજ ડ્રાઈવર સહિત 6 લોકોના મોત થયા હતા. જેમાં એકના મૃતદેહને પીએમ માટે ગાંધી હોસ્પિટલે લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં મૃતકનું પીએમ કરવામાં આવ્યું હતું. પરંતુ મૃતકના પીએમ સર્ટિ. મોડા પડયા હોવાના કારણે સુરેન્દ્રનગર જિલ્લાના સાંસદ ચંદુભાઈ શિહોરા ગાંધી હોસ્પિટલે આવ્યા હતા.



પરિણામે કોઈ સ્ટાફકર્મી દ્વારા થયેલા વાણીવિલાસની જાણ સાંસદને કોઈ કરતા સાંસદ લાલઘૂમ બની ગયા હતા. જેમાં પ્રાપ્ત વિગતો મુજબ આ હોસ્પિટલમાં આવ્યા ત્યારે આવા તો આવ્યા કરે સહિતના શબ્દો સાથેનો વાણીવિલાસ કર્યો હતો. આ બાબતે સાંસદ હોસ્પિટલની સીડીએમઓ કચેરીમાં જ હોસ્પિટલના તંત્રના અધિકારીઓને બોલાવીને આની તપાસ કરવા અને જે આ વાણીવિલાસ કર્યો છે તે કર્મી સામે કાર્યવાહી કરવાનું જણાવતા હોસ્પિટલ સ્ટાફમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જ્યારે આ બનાવ અંગે હોસ્પિટલના અધિકારીએ ડો. કુમારે જણાવ્યું કે, જે સ્ટાફ કર્મીએ આવું વર્તન કર્યું છે, તેને મેમા સહિતની કાર્યવાહી કરવામાં આવશે. જેથી કરીને હોસ્પિટલમાં ફરીવાર આવી ઘટના ન બને.

# અમરેલીની મોદી હાઈસ્કૂલમાં ટોઈલેટને દરવાજા નહીં...!



(એજન્સી) અમરેલી | તા. 28

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે.

આજે ગુજરાત NSUIના ઉપપ્રમુખ કેતન ખુમાણ સહિત કાર્યકરોએ હાઈસ્કૂલમાં પહોંચી સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું. તેમણે લેખિત રજૂઆત કરી કે શાળામાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયમાં દરવાજા નથી અને સેનિટેશનની પૂરતી સુવિધાઓ નથી. આ કારણે વિદ્યાર્થી ભાઈ-બહેનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

NSUIએ શિક્ષણ વિભાગ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, શિક્ષણ વિભાગે શાળાની મુલાકાત લીધા વગર અને સુવિધાઓની ચકાસણી કર્યા વિના પરીક્ષા કેન્દ્ર ફાળવ્યું છે. વિદ્યાર્થીઓ માટે મૂળભૂત સુવિધાઓ નથી, જ્યારે શિક્ષકો માટે બધી સુવિધાઓ ઉપલબ્ધ છે.

NSUIએ બે દિવસમાં શૌચાલયની સુવિધાઓમાં સુધારો કરવાની માંગ કરી છે. જો આ સમયમર્યાદામાં સુધારો નહીં થાય તો શાળા સામે ઉગ્ર આંદોલન કરવાની અને પરીક્ષા કેન્દ્ર રદ કરવાની માંગણી કરવામાં આવશે.

# યુવતીની એક્ટિવા પર બેસી યુવકે તેને પકડી લીધી, રોડ પર પટકાયા

(એજન્સી) સુરત | તા. 28

સુરતના અઠવા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક યુવક અચાનક જ યુવતીની એક્ટિવા પર બેસી ગયો અને તેને પકડી લેતા બંને રોડ પર પટકાયા હતા. યુવતીએ તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી, જે પછી પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો કે આરોપી માનસિક રીતે વિકલાંગ છે અને બોલી પણ શકતો નથી.




અઠવા વિસ્તારમાં રહેતી યુવતી 27 ફેબ્રુઆરી 2025ના રોજ રાત્રે 9 વાગ્યે પોતાની એક્ટિવા લઈને ઘરે જવા નીકળી હતી. રસ્તામાં થોડીવાર એક્ટિવા ઉભી રાખી હતી ત્યારે અચાનક છોટેલાલ કુમાર ગોરખભગત નામનો યુવક તેની એક્ટિવા પર બેસી ગયો. માત્ર એટલું જ નહીં, તેણે પાછળથી યુવતીના ખભા પર હાથ મૂકી તેને પકડી પણ લીધી હતી. આ ઘટનાથી યુવતી ગભરાઈ ગઈ અને બેલેન્સ ગુમાવી એક્ટિવા સાથે જમીન પર પટકાઈ ગઈ. પરંતુ એનો શોક ત્યાં પૂરો થયો નહીં, કારણ કે યુવકે પડી ગયેલી હાલતમાં પણ તેના ખભા અને શરીરના ભાગથી પકડી રાખી હતી. આ દ્રશ્ય જોઈ આસપાસના લોકો દોડી આવ્યા અને પોલીસને જાણ કરી.

યુવતીએ તરત જ અઠવા પોલીસ મથકમાં છેડતીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે છોટેલાલની ધરપકડ કરી અને તેની પૂછપરછ શરૂ કરી હતી. આ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો કે છોટેલાલ માનસિક રીતે દિવ્યાંગ છે અને બોલી પણ શકતો નથી.

# ઉમરગામમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ



વલસાડ | વલસાડ જિલ્લાના ઉમરગામ શહેરમાં આજે એક મોટી દુર્ઘટના સામે આવી છે. શહેરના વિસ્તારમાં આવેલા ભંગારના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. આ ગોડાઉનમાં મુખ્યત્વે કોટન અને ચીંધીનો ભંગાર સંગ્રહિત કરવામાં આવ્યો હતો. આગની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની માહિતી મળતાં જ ઉમરગામ નગરપાલિકા અને નોટિફાઈડ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ભારે જહેમત બાદ ફાયર વિભાગની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. કોટન અને ચીંધીના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હોવાથી આગ પર કાબૂ મેળવવાનું કાર્ય મુશ્કેલ બન્યું હતું. આગથી થયેલા નુકસાન અને આગ લાગવાના કારણો અંગે હજુ કોઈ માહિતી સામે આવી નથી.

# સિટી બસની ટક્કરે યુવતી 10 ફૂટ દૂર ફંગોળાઈ : માથામાં ગંભીર ઈજા

(એજન્સી) રાજકોટ | તા. 28

રાજકોટમાં પુરપાટ ઝડપે દોડતી સિટી બસે વધુ એક અકસ્માત સર્જ્યો છે. 28 ફેબ્રુઆરના રોજ સવારના સમયે જામનગર રોડ પર બજરંગવાડી વિસ્તારમાં સત્યપ્રકાશ સ્કૂલ પાસે 54 નંબર રૂટની સિટી બસના ચાલકે એક્ટિવા ચાલક યુવતીને અડફેટે લીધી હતી. બસની ટક્કરે યુવતી વાહન પરથી દૂર ફંગોળાઈ રોડ પર પટકાઈ હતી. જેમાં તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અકસ્માતની સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

રાજકોટના જામનગર રોડ પર બજરંગવાડી વિસ્તારમાં સત્યપ્રકાશ સ્કૂલ નજીક એક્ટિવા નં. GJ03LH4050 લઈને યુવતી પસાર થઈ રહી હતી. તે દરમિયાન ચાર રસ્તા પર પહોંચતાની સાથે રૂટ નં. 54ની સિટી બસ GJ03BZ3617 ના ચાલકે અડફેટે લેતા એક્ટિવા ચાલક યુવતી ફંગોળાઈ 10 ફૂટ દૂર રસ્તા પર ફેંકાઈ હતી અને એક્ટિવા બસના આગળના ટાયરમાં ફસાઈ ગયું હતું.

જોકે, અકસ્માતની સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ચાર રસ્તા નજીક પહોંચતા એક્ટિવા ચાલક યુવતીએ વાહનની સ્પીડ ધીમી કરી બ્રેક પણ લગાવી હતી. પરંતુ સિટી બસનો ચાલક બ્રેક લગાવી શક્યો ન હતો અને બ્રેક ન લાગતા અકસ્માત સર્જાયો હતો.

સમગ્ર ઘટનામાં યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા આસપાસના લોકોએ તેને 108 મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી જેની પ્રાથમિક તપાસમાં એક્ટિવા ચાલક યુવતીનું નામ ખુશ્બુ પ્રણવભાઈ ઠાકર હોવાનું સામે આવ્યું છે અને તેને માથાના ભાગે ઈજા પહોંચતા હાલત ગંભીર માનવામાં આવી રહી છે.

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાજરી આપતી કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો

# 13 લાખથી વધુ વિદ્યાર્થીઓને 313 કરોડથી વધુની DBT દ્વારા સહાય મળી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની શાળાઓના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩૧૩ કરોડની સહાય નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અન્વયેની રકમ સિંગલ ક્લિક દ્વારા DBT થી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવી હતી. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર યોજનાઓના લાભ સંબંધિત લાભાર્થીઓને સરળતાથી પહોંચે તેવો ટ્રાન્સપરેન્ટ, સ્પીડી અને ટેકનોલોજી યુક્ત ગવર્નન્સનો અભિગમ અપનાવ્યો છે.તદઅનુસાર મુખ્યમંત્રીએ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા આ સહાય અર્પણ કરી હતી.

## મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના




ગુજરાત સેમિકંડક્ટર, ગ્રીન એનર્જી અને ડિજિટલ સાયન્સ જેવા ક્ષેત્રોનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્રો માટે ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળની મોટા પાયે માંગ ઊભી થશે.આ માટે વધુ ને વધુ વિદ્યાર્થીઓ ધો.૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહની પસંદગી કરે તે માટે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળ પૂરું પાડવામાં મહત્વનો ભાગ ભજવશે.આ ઉપરાંત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રીના નેતૃત્વમાં 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અને 'મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના' અમલમાં મુકવામાં આવી છે.

## નમો લક્ષ્મી યોજના

01-મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં નમો લક્ષ્મી યોજના રાજ્ય સરકારે ધો.૯થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટે

02-કિશોરવયની વિદ્યાર્થિનીઓને શિક્ષણની સાથોસાથ પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તિકરણ થાય તે હેતુંથી કાર્યરત કરી છે

03-આ અંતર્ગત ધો.૯-૧૦ માટે વિદ્યાર્થિની દીઠ વાર્ષિક રૂ.૧૦ હજાર તથા ધો.૧૨-૧૨ માટે વાર્ષિક રૂ.૧૫ હજારની સહાય આપવામાં આવે છે

04-આ યોજના ૧૦.૭૦ લાખ કન્યા છાત્રાઓને રૂ.૨૦૩ કરોડ સિંગલ ક્લિક દ્વારા DBT થી સીધા ખાતામાં ચૂકવવામાં આવ્યા છે.

**એકસાથે રાજ્યના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને સહાય મળી |** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્રતયા એક જ દિવસમાં એકસાથે રાજ્યના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૩૧૩ કરોડથી વધુની સહાય DBTથી ચૂકવી હતી.આ અવસરે શિક્ષણ અગ્ર સચિવ મુકેશ કુમાર, મુખ્યમંત્રીના સચિવઅવંતિકા સિંઘ અને શિક્ષણ વિભાગના વરિષ્ટ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શાળામાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધી

આ યોજના અમલી થયા પછી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાજરી આપતી કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરીના કરવામાં આવતાં મોનિટરિંગ અનુસાર જૂન-૨૦૨૪માં શૈક્ષણિક સત્ર શરૂ થયા પછીના ફક્ત ૬ મહિનામાં જ વર્ગખંડોમાં ૮૦-૧૦૦% હાજરી આપનારી કન્યાઓની સંખ્યા ૨૩%થી વધીને ૪૮% થઈ છે. મુખ્યમંત્રીએ નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો વિજ્ઞાન પ્રવાહના ૧.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓને રૂ. ૫૧ કરોડની સહાય સીધી બેંક ખાતામાં ટ્રાન્સફર કરી છે.

## બીલા ગામના શખ્સને ચેક પરત ફરવાના કેસમાં છ માસની કેદ

મહુવા | મહુવાની ક્રેડિટ સોસાયટીમાંથી લીધેલી લોન ચૂકતે કરવા માટે સભાસદે આપેલ ચેક પરત ફરવાના કેસમાં મહુવા કોર્ટે સભાસદને છ માસની સદી કેદ અને બાકી રકમ ચૂકવી આપવા હુકમ કર્યો છે. આ કેસ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવાની અલ અમીન કો. ઓપ.ક્રેડિટ સોસાયટીમાંથી સભાસદ અકબરઅલી ફિદાહુસેન જામાણી (રહે. બીલા,તા.જેસર ) એ તા.૩૧ જુલાઈ,૨૦૧૮ના રોજ રૂ.૫૦ હજારની લોન લીધી હતી.આ લોન પેટે સભાસદે મુદ્દલ પેટે રૂ.૭,૪૫૦ ભરપાઈ કર્યા હતા અને બાકી મુદ્દલ અને વ્યાજ મળીને કુલ રૂ.૭૧,૯૧૦ ની ક્રેડિટ સોસાયટી દ્વારા ઉઘરાણી કરવામાં આવતા તેણે ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ.બેન્ક મહુવા શાખાનો ચેક આપ્યો હતો.આ ચેક તા.૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ જમા કરાવતા પૂરતું બેલેન્સ ન હોવાના કારણે ચેક પરત ફર્યો હતો. આ અંગે ક્રેડિટ સોસાયટીના મેનેજર સિરાજભાઈ એમ.નાથાણીએ વકીલ એચ.જી.ભાંભેરા મારફત કોર્ટ કેસ કર્યો હતો.

માલિકના ઘરે પણ તપાસ હાથ ધરાઈ

## નડિયાદના ટુંડેલની શિવમ મેટલોયસ ફેક્ટરીમાં ઈન્કમટેક્સ વિભાગનો દરોડો

(એજન્સી) નડિયાદ । તા. 28

નડિયાદના ટુંડેલની શિવમ મેટલોયસ ફેક્ટરીના માલિક જીએસટીના બિલો અને ધંધામાં મોટાપાયે ગેરરીતિ આચરતા હોવાના આક્ષેપના આધારે ઈન્કમટેક્સ વિભાગે ફેક્ટરીના માલિકના ઘરે દરોડો કર્યો હતો. ઉપરાંત ટુંડેલની ફેક્ટરી, મહેમદાવાદની હલધરવાસ અને આખડોલ પાસેની કંપનીમાં પણ આઈટી વિભાગે દરોડો કર્યો હતો.

નડિયાદ શહેરમાં ગુરૂવારે સવારથી ઈન્કમટેક્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. શહેરના પીપલગ રોડ પર વસંત વિહાર સોસાયટીમાં રહેતા સંજયકુમાર કાલુરામ હેડાના ઘરે આઈટી વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. તેમજ ટુંડેલમાં આવેલી સંજયકુમારની શિવમ મેટલોયસ કોપરની ફેક્ટરીમાં પણ ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. કોપરના વાયર બનાવતી ફેક્ટરીના માલિક દ્વારા જીએસટી સહિતના બિલો અને ધંધામાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવતી હોવાની બૂમો થતાં આઈટી વિભાગે તપાસ આદરી હતી. કોપરની ફેક્ટરની ઉપરાંત સંજયકુમારની માલિકીની મહેમદાવાદના હલધરવાસ અને આખડોલ નજીક આવેલી કંપનીમાં પણ ઈન્કમટેક્સ વિભાગની ટીમે તપાસ હાથ ધરી છે. દરોડામાં અનેક બેનામી વ્યવહારો સામે આવવાની શક્યતા છે.

# અદાણી ગ્રૂપ જમીન-સબસિડી લે છે પણ સ્થાનિકોને રોજગારી નથી આપતું, સરકારની ચોંકાવનારી કબૂલાત

## કોર્પોરેટ ઉદ્યોગો રોજગારીના નામે સરકારને ઠેંગો દેખાડે છે

(એજન્સી) ગાંધીનગર । તા. 28

વાઈબ્રન્ટ ગુજરાત પાછળ કરોડોનો ધૂમાડો કરી ઉદ્યોગો માટે લાલજાજમ પાથરવામાં આવે છે. ઉદ્યોગોને મોંઘી જમીનોની ખેરાત કરી લાખો યુવાઓને રોજગારી આપવામાં આવશે તેવી ડિંગો હાંકવામાં આવે છે પણ વાસ્તવિકતા કઈક અલગ છે. ખુદ રાજ્ય સરકારે જ કબૂલ્યું છેકે, ઉદ્યોગો 85 ટકા સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનો ધરાર ઉલ્લંઘન કરી રહ્યાં છે તેમ છતાં ઉદ્યોગ વિભાગ મૌન ધારણ કરીને બેઠું છે. વિધાનસભામાં પણ આ વાતનો ખુલાસો થયો છેકે, કચ્છ જિલ્લામાં મુંદ્રા ખાતે અદાણી ગ્રૂપ દ્વારા સ્થાનિકોને રોજગારી જ અપાતી નથી. નિયમોનો ધરાર ઉલ્લંઘન કરવામાં આવે છે તેમ છતાંય કોઈ પગલાં લેવાતાં નથી. એક બાજુ, ગુજરાત સરકાર ઉદ્યોગગૃહોને છુટા હાથે મોંઘી જમીનો ઉપરાંત કરોડો રૂપિયા સબસિડી, વેરામાફીની લ્હાણી કરી રહી છે ત્યારે બીજી બાજુ, હજારો લાખો સ્થાનિકો રોજગાર વિના ફાંફા મારી રહ્યાં છે. ઉદ્યોગોને ફરજિયાત 85 ટકા રોજગારી આપવાનું ચુસ્ત પાલન કરવા નામપુરતી સૂચના આપવામાં આવે છે પણ તેનું કોઈ પાલન કરતુ નથી. વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય શૈલેષ પરમારે પૂછેલા પ્રશ્નના જવાબમાં ભાજપ સરકારની ગુજરાતના સ્થાનિક યુવાનોને અન્યાય કરતી નીતિ પોલ ખુલ્લી પડી છે. આજે ઘણા વિસ્તારોમાં રોજગારી ન મળતાં યુવાઓને શહેરો તરફ સ્થળાંતર કરવું પડે છે. વિધાનસભામાં ખુદ સરકારે એકરાર કર્યોકે, કચ્છ જિલ્લામાં મુદ્રા ખાતે અદાણી પાવર લીમીટેડ કંપની 85 ટકા સ્થાનિકો રોજગારી અપાતી નથી. નિયમોનુ પાલન થતુ નથી ત્યારે શ્રમ રોજગાર વિભાગે માત્રને માત્ર એક પત્ર પાઠવીને દેખાડો કર્યો છે. આ ઉપરાંત સ્થાનિક રોજગારીના નિયમની જોગવાઈનો અમલ થાય માટેબેઠક યોજીને સંતોષ માન્યો છે. ઉદ્યોગોને જમીનો-સબસિડીનો લાભ લેવોછે પણ સ્થાનિકોને રોજગારી આપવી નથી. ગૃહમાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પણ એ સવાલ ઉઠાવ્યો કે, લઘુમત વેતન અપાતુ નથી.

મહિલાને શખ્સે પુત્રને મારી નાખવાની ધમકી આપી હતી

## સિહોરના શખ્સે પરિણીત મહિલા પર બળાત્કાર ગુજાર્યો

(એજન્સી) ભાવનગર । તા. 28



સિહોરના શખ્સે મહિલા સાથે પરિચય કેળવી ફોનમાં વાતચીત કરવા લાગ્યો હતો અને મહિલાના પુત્રને મારી નાખવાની ધમકી આપી બળજબરી પુર્વક ગેસ્ટ હાઉસ સહિતની અલગ અલગ સ્થળે લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ ઘોઘા રોડ પોલીસ મથકમાં મહિલાએ નોંધાવી છે. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ સિહોર ખાતે રહેતો અફઝલ દસાડિયા નામનો શખ્સ પરિણીત મહિલા સાથે રીક્ષામાં જતો હતો ત્યારે મહિલા સાથે પરિચય કેળવ્યો હતો.દરમિયાનમાં મહિલાનો ફોન નંબર મેળવી વાત ચીત કરવા લાગ્યો હતો. અને શરીર સંબંધ બાંધવાની માંગણી કરવા લાગ્યો હતો.આ ત્રાસથી કંટાળી મહિલાએ પોતાનો ફોન બંધ કરી દીધો હતો. તેમ છતાં મહિલાના ઘર પાસે જઈ પુત્રને મારી નાખવાની ધમકી આપી બળજબરી પુર્વક ગેસ્ટ હાઉસ સહિત અલગ અલગ સ્થળોએ લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો.આ બનાવ સંદર્ભે મહિલાએ અફઝલ દસાડિયા વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બન્ને યુવાનોને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા

## લગ્નમાં ઠપકો આપ્યો હોવાની દાઝે ચાર શખ્સનો બે યુવાન પર હુમલો

(એજન્સી) ભાવનગર । તા. 28



તળાજાના આમળા ગામે લગ્નમાં આવેલા ત્રણ શખ્સ દાંડિયારાસમાં હાથ ઊંચા નીચા કરતા હોય યુવાને ઠપકો આપી જતા રહેવાનું કહ્યું હોવાની દાજ રાખી ચાર શખ્સે બે યુવાનોને લોખંડના પાઈપ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવની જાણવા મળતી માહિતી અનુસાર તળાજા તાલુકાના આમળા ગામે રહેતા વિક્રમભાઈ શિવાભાઈ સોલંકીના કાકાના દીકરાના લગ્ન હોય અને લગ્ન દરમિયાન દાંડિયારાસ શરૂ હતા ત્યારે ગામમાં રહેતા કુંવરજી દેવજીભાઈ મકવાણાના પુત્ર રાહુલ કુંવરજીભાઈ મકવાણા,દિલીપ કુંવરજીભાઈ મકવાણા ,જનક સંજયભાઈ મકવાણા આવીને બેઠા હતા.અને દાંડિયારાસ દરમિયાન હાથ ઊંચા નીચા કરતા હોવાને કારણે વિક્રમભાઈ પુત્ર વિશાલભાઈએ ઠપકો આપી જતા રહેવાનું કહેતા ત્રણેય શખ્સે પડી દેવાની ધમકી આપી જતા રહ્યા હતા.ત્યાર બાદ વિશાલભાઈ મામા રીતુલભાઈ બચુભાઈ બારૈયા ,ભાવેશભાઈ હિપાભાઈ અને કિશનભાઈ ભુપતભાઈ સોલંકી બે બાઈક લઈને જંગલ તરફ જતા હતા તેવામાં કુંવરજી, સંજય ખટુભાઈ મકવાણા,રાહુલ અને અશોક ખાટુંભાઈ મકવાણાએ બાઈક ઊભું રખાવી ભત્રીજા કિશન અને રિતુલ ભાઈને લોખંડના પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ઘમકી આપી હતી.બન્ને પુવાનોને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ સંદર્ભે વિક્રમભાઈએ ચાર શખ્સ વિરૂધ્ધ દાઠા પોલીસે મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## દારૂના સાત ગુનામાં સતત 12 વર્ષથી ફરાર બુટલેગર ઝડપાયો

### પોલીસે શખ્સને રબ્બર ફેક્ટરી વિસ્તારમાંથી ઉપાડયો

(એજન્સી) ભાવનગર | તા.28

પોલીસ મથકમાં ઈંગ્લીશ દારૂનાં અલગ-અલગ સાત ગુન્હામાં ૧૨ વર્ષથી નાસતા ફરતા શખ્સને ભાવનગર પોલીસના પેરોલ ફર્લો સ્કવોર્ડે શહેરના રબ્બર ફેક્ટરી પાસેથી ઝડપી પાડયો હતો. બનાવની વિગત એવી છે કે, ભાવનગર પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડ નાસતા-ફરતાં આરોપીને પકડી પાડવા માટે પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન બાતમી મળી હતી કે ભાવનગરના ઘોઘારોડ, વરતેજ,તળાજા, વેળાવદર ભાલ ઉપરાંત રાજકોટ રૂલર, કોટડા સાંગાણી તથા ગાંધીનગર નાં ચીલોડા તથા દાહોદ જીલ્લાનાં પીપળોદ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલાં ઈંગ્લીંશ દારૂના અલગ-અલગ સાત ગુન્હાઓમાં છેલ્લા ૧૨ વર્ષથી ફરાર પ્રદીપ રવિન્દ્ર નાલંદ હાલ ભાવનગર શહેરમાં આવ્યો છે. પોલીસે ટેકનીકલ તથા હ્યુમન સોર્ચની મદદથી તપાસ કરતાં હાલ આ ફરાર બુટલેગર શહેરના રબ્બર ફેક્ટરી સર્કલ વિસ્તારમાં બસની રાહમાં ઉભો હોવાનું જણાતાં પોલીસે સ્થળ પર જઈને બુટલેગરને ઝડપી પાડયો હતો. અને તાપાસાર્થે ઘોઘારોડ પોલીસને સોંપી આપ્યો હતો. જયારે, ઝડપાયેલાં આરોપી અંગે તેની વિરૂદ્ધ નોંધાયેલાં ગુન્હાના પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરવામાં આવી હતી.

જેલ ટ્રાન્સફરથી આરોપીનો કબ્જો લઈ 18 કલાકના રિમાન્ડ મેળવાયા હતા

## માધવદર્શન કોમ્પ. ઠગાઈકાંડ : પદુભાએ વિશેષ કબૂલાત ન કરતા રિમાન્ડ લંબાયા

(એજન્સી) ભાવનગર । તા. 28

ભેજાબાજ સાગરિત પદુભા થોરડીની માધવદર્શન કોમ્પલેક્ષમાં દુકાન-ઓફિસ ધારકો સાથે આચરેલી ઠગાઈ પ્રકરણમાં અટકાયત થયા બાદ તેની સામે કાયદાનો ગાળિયો વધુને વધુ મજબૂત બની રહ્યો છે. ગતરોજ પોલીસે નામચીન શખ્સના ૧૮ કલાકના રિમાન્ડ મેળવ્યા બાદ આજે કોર્ટમાં ફરી રજૂ કરતાં કોર્ટે આરોપીના વધુ એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જો કે, ૧૮ કલાકની પોલીસ કસ્ટડી દરમિયાન પોલીસ આરોપી પાસેથી કોઈ વિશેષ કબૂલાત કરાવી શકી ન હોવાનું જાણવા મળેલ છે. બનાવની વિગત એવી છે કે, શહેરના વાઘાવાડી રોડ સ્થિત માધવદર્શનમાં દુકાન-ઓફિસ ધરાવતાં દિગ્વિજયસિંહ જાડેજાએ અંદાજે ત્રૅાણ માસ પૂર્વે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં એવા મતલબની પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, શહેરના વાઘાવાડી રોડપર આવેલાં માધવ દર્શન નોન ટ્રેડિંગ કોર્પોરેશન (એનટી સી) માં આવેલ શોપ નંબર જીએફ-૧૦૨ના માલિકી હક્ક બોની ટ્રાવેલ્સ અમદાવાદનો હાવા છતાં વર્ષ-૨૦૧૬માં વિમલ હરિભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ અજુભા ગોહીલ ઉર્ફે પદુભા થોરડી તથા એનટીસીનાં પુર્વ પ્રમુખ પંકજ નગીનદાસ ભાયાણીએ એક બીજા સાથે મેળાપીપણા આચરી આ દુકાન-ઓફિસના ખોટા બનાવટી સહી સિક્કા કરી પદુભા થોરડીના ધર્મપત્ની ગીતાબા પ્રદ્યુમનસિંહ ગોહિલના નામે તે બનાવી તત્કાલિન પ્રમુખ અને મંત્રીની બનાવટી સહી કરી કરાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. આ પણ અધુરૂં હોય તેમ પદુભા થોરડી એનટીસી સભ્ય ન હોવા છતાં પોતાનો બદઈરાદો પાર પાડવાના હેતુથી દાદાગીરી કરી અપ્રમાણિકપણે પ્રમુખ બની હોદ્દાનો લાભ લઈ ૩૫૦ દુકાન-ઓફીસ ધારકોના હક્ક ડુબાડી તેઓને ભોગ બનાવી જાહેરમાં મોટા પાયે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

# ઈવેન્ટ એરેન્જમાં આયોજકની મહેનત સાથે ટીમનું યોગદાન મહત્વનું

માર્ચ મહિનાનું આગમન થતાંજ ઠેર ઠેર ઉત્સવો નું આગમન થઈ જાય છે.ગેંગોરિયન કેલેન્ડર અનુસાર માર્ચ મહિના રોમન યુદ્ધ ના દેવતા મંગળ એટલે માર્સના નામ પરથી માર્ચ રાખવામાં આવ્યું છે.ખાસ કરીને વિદેશમાં છોકરીઓના "માર્ચ,એપ્રિલ"નામ રાખવાનો રીવાજ હોય છે.વર્ષના ત્રીજા માર્ચ મહિનામાં એક,બે નહી ૧૪ બેંક હોલીડે આવે આવતા હોવાના લીધે સરકારી કર્મચારીઓ રજા ની મજા પરિવાર સાથે માણી શકે છે.માર્ચ માસમાં વિશ્વ કિડની દિવસ, આંતર રાષ્ટ્રીય વિમેન્સ ડે અને રાષ્ટ્રીય સુરક્ષા વગેરે દિવસની દેશભર માં બધેય ઉજવાતો હોય છે. દેશવિદેશ મા આંતર રાષ્ટ્રીય વિમેન્સ ડે ૮ માર્ચ એ સમાજમાં જેનું આદાન પ્રદાન વધારે હોય એવી સ્ત્રીઓના સન્માન નિમિતે ખાસ આયોજન વિશ્વ ભરમાં સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા કાર્યક્રમ આયોજિત થતા હોય છે.સન્માનિત સ્ત્રીઓને ટ્રોફી કે ગિફ્ટ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવે છે. ઈવેન્ટ નાની હોય કે મોટી બન્ને સ્થતિ માં કામ તો સરખું રહેતું હોય છે. ઈવેન્ટ એરેન્જ કરતા આયોજનમાં આયોજકની મહેનત સાથે એની ટીમ નું યોગદાન પાયા ના લેવલનું હોવાના લીધે કાર્યક્રમ વિના રુકાવટ સફળ બનતા હોય છે.પરિવાર માં નાનકડા પ્રસંગ નું આયોજન કરવું હોય તો પણ એની તૈયારીઓ મહિનાઓ અગાઉથી થતી હોય છે. ટીવી પર ના એવોર્ડ ફંક્શન નિહાળતા થતું હતું કે ઘરમાં સામન્ય પ્રસંગ કરતા પહેલા સો વિચાર આવતા હોય છે તો આટલા મોટા હજારો માણસો ના ફંક્શન માં આયોજકો ની સ્થતિ કેવી થતી હશે? ન્યૂઝ ચેનલો,પેપર મીડિયા,સામાજિક સંસ્થાઓ દ્વારા ઉજવાતા "મહિલા દિવસ" ને ટીવી પર જોતા મનમાં કુતૂહલ થયા કરતુ હતું કે ખરેખર આટલા મોટાપાયે સફળ આયોજન પાછળ મહેનત કરનાર વ્યક્તિ એવોર્ડ ને પાત્ર છે.દરેક નાના કે મોટા સફળ આયોજન પાછળ એક વ્યક્તિ ની કુનેહ મહેનત અને બુદ્ધિ મહત્વનો જ ભાગ ભજવતો હોય છે.લેખક નું મન તરવરતી થી કાયમ થનગનતું હોય એટલે બધુજ જાણવા સમજવાની કુતૂહલ ધરાવતું હોય છે જે વ્યક્તિ નાનકડી ચકલી પર લાંબો નિબંધ લખી નાખે એને કંટ્રોલ કરવું મુશ્કેલ છે.મનમાં ઉઠેલ કુતૂહલ ને સંતોષવા આંતર રાષ્ટ્રીય વિમેન્સ ડે ને સેલિબ્રેટ કરતા આયોજક "કૃપા સોલંકી" ને મળીને એને જાણ્યા અને સમજ્યા. GMT event ના આયોજક કૃપા સોલંકી ની સાથે થયેલી વાતચીત પરથી લાગ્યું મનમાં કાર્ય માટે નિશ્ચય કરતા સફળ થવું શક્ય છે. માન્યું કે સફળતા ન પથ પર અસંખ્ય મુશ્કેલીઓ છે પરંતુ "નારી તું કદી ન હારી" જીવન મંત્ર યાદ રાખવો જરૂરી છે.મનુષ્ય નું જીવન સમુદ્ર ના ધસમસતા પ્રવાહ જેવું છે ક્યારે લાઈફ એકધારા ઘરેડ માં પૂરી થઈ જશે એનો ખ્યાલ પણ રહેતો નથી. જો સમુદ્ર ના પ્રવાહ માં ખેંચાઈ ને પરાપૂર્વ થી આવતા એક ઘરેડમાં સામેલ થઈ ગયા તો મોજાના પ્રવાહમાં તણાઈ ને ક્યાંય ખોવાઈ અટકાય જશો.સમુદ્ર ના મોજાં ઊભા રહીને ખુદ પર કાબુ મેળવવાની તાકાત રાખતી અસંખ્ય સફળ સ્ત્રીઓ માં એક નામ કૃપા સોલંકી નું પણ છે."સ્ત્રી ધારે તે કરી શકે" જે સ્ત્રી બાળક ને સૃષ્ટિ માં લાવી શકે એ ધારે તે બધુંય કરી શકવા સક્ષમ છે.GMT event ના આયોજક કૃપાબેન સોલંકીની સાથે વાતચીત કરતા જાણ્યું કે બાળપણ થી સેવેલા સ્વપ્ના પૂરા કરવા અથાક પ્રયત્નો સાથે મહેનત આવશક છે.



ઈવેન્ટ મેનેજમેન્ટ
- રુપાલી દવે

કૃપા સોલંકી નું કહેવું હતું કે એને પ્રવૃતિઓ કરવામાં વિશેષ આનંદ બાળપણ થી જ આવતો હતો. નવું નવું આયોજન માં મજા આવે છે. આમ તો ફેશન ડિઝાઈનર બનવાનું ખાસ મનમાં ઊંડે ઊંડે સેવેલું સ્વપ્નું હતું પરંતુ અમુક ખાસ કારણોસર ફેશન ડિઝાઈનર ના બની શકી. લગ્ન બાદ સ્ત્રીઓ પર વિશેષ જવાબદારીઓ આવી જતી હોય છે એટલે લગ્ન બાદ મોટાભાગ ની સ્ત્રી કેરિયર ના બદલે પરિવાર પસંદ કરતી હોય છે.લગ્ન પહેલા જોબ કરતા હતા પરંતુ લગ્ન બાદ જોબ ને બાય બાય બોલવું પડ્યું. મનમાં સતત મહત્વકાંક્ષી સ્ત્રીઓને લાઈફમાં કઈક ખાસ કરવા સ્વપ્નાઓ હોય છે.એને સરકતી રેતી ની માફક એકધારી લાઈફ પસંદ નથી હોતી.આ કારણોસર લગ્ન બાદ અમુક માસ બાદ ઘરમાં જ બ્યૂટી પાર્લર ચાલુ કર્યું હતું. 2 દીકરીઓની મમ્મી બન્યા બાદ કૃપા બેન ને થયું કે જે હું નથી કરી શકી એ મારી દીકરીઓ કરશે.બન્ને દીકરીઓને fashion show event ની સ્પર્ધા માં સામેલ કરતા બંન્ને દીકરીઓ ફેશન શો માં winner થતાં એને લાગ્યું કે અધૂરું સ્વપ્નું દૂર ક્યાંય ઉડી ગયું નથી મનમાં ઊંડે ઊંડે સુષુપ્ત અવસ્થામાં આગળ વધવા ની રાહ જુવે છે.ગુજરાતમાં થતા ફેશન શો માં દ્ઢ સંકલ્પ સાથે આયોજક ટીમ માં સામેલ થયા . ફેશન શો માં participate કરવાથી લઈને ઘણા કાર્યો કરતી હતી પરંતુ મારા મન એ કીધું કે પડદા પાછળ ઊભા રહેવાથી ખોવાઈ જઈશ,ખુદ માં મોટા આયોજન કરવાની તાકાત છે તો તું ફેશન ઈવેન્ટનું આયોજન કર. કૃપા સોલંકી એ એના આંતર મન ની વાત સાંભળીને પોતે જ શો organize કરવાનું નક્કી કર્યું. પોતાના સ્વબળે કંપની બનાવવાનું નક્કી કરીને Grace mount event management કંપની નું નામ રાખ્યું. 2022 માં કૃપા સોલંકી એ એનો first show organiser કર્યો હતો.એનો પ્રથમ ફેશન શો "The fame of gujrat 2022" ને સારી એવી સફળતા મળી.આ સફળતા થી પ્રેરાઈ ને મે 2023 અને 2024 માં પણ ફેશન શો સાથે એવોર્ડ સમારંભ બન્ને ઈવેન્ટ માં જ્વલંત સફળતા મળતા ગ્રેસ માઉન્ટ ઈવેન્ટ કંપની એ ઓળખ પ્રાપ્ત કરતા કૃપા સોલંકી નું નામ ફેમસ થઈ ગયું.આ બાદ GMT કંપની ના ઓનર એ કૃપા સોલંકી ને પણ અનેક ઓનર સાથે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. mrs gujrat 2022 થી લઈને બેસ્ટ ઈવેન્ટ મેનેજમેન્ટ, 2024 બેસ્ટ વિમેન્સ એવોર્ડ વગેરે એવોર્ડ કૃપાબેન ને મળ્યા છે. "મન હોય તો માળવે જવાય"કહેવત કૃપા બેન ની કેરિયર માટે પરફેક્ટ છે.આમપણ માર્ચ મહિનો કૃપા બેન માટે ખાસ એટલે છે કે પ્રથમ માર્ચ એ એમનો જન્મ દિવસ છે.મે હસતા હસતા કહ્યું કે બેન,સુર્ય પાવરફુલ છે એટલે પતિ પર તમારું રાજ અચૂક ચાલતું હશે. 2025 માં આંતર રાષ્ટ્રીય વિમેન્સ ડે નિમિતે કૃપાબેન "women માટે નો awrd" શોનું આયોજન કર્યું છે.૮મી માર્ચ આંતર રાષ્ટ્રીય વિમેન્સ ડે ઈવેન્ટ નું નામ "Grace mount award special women award" રાખ્યું છે.આ એવોર્ડ સમારંભ ખાસ કરીને ગુજરાતની પ્રત્યેક ક્ષેત્ર માં આગળ પ્રતિભાશાળી મહિલાઓ ને સન્માનિત કરવા હેતુ રાખ્યો છે. ચિરો નાનકડી કંપની ને માત્ર ત્રણ ચાર વર્ષ માં આગળ વધારવી એ જેવી તેવી વાત તો નથી. વર્તમાન સમયમાં લોટસ ઓફ ફેમસ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ વચ્ચે પોતાની કંપની નું વજન ઊભું કરવું એ યોગ્યતા સાથે કામ પ્રત્યે નો ખાસ લગાવ સમજો. જીવન ને નજીક થી જાણવા નું મન થાય ત્યારે નિરાશ થઈ ને ખુદ પર ગુસ્સો નહી કરવાનો અલગારી રખડ પટ્ટી માં ફરતા ફરતા આપણા બધા વચ્ચે ધબકતા ખાસ ટેલેન્ટ સાથે પરિચય કરજો.આ સફળ ટેલેન્ટ ની સાથે અમુક મિનિટ કલાકની ગોઠડી કરતા સમજાશે દુનિયા મુઠ્ઠી માં નથી હોતી તમે દુનિયાની મુઠ્ઠી માં હોવ છો એટલે મળેલી તક ને ગુમાવવા કરતા એને કેશ કરી લેજો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો.



**વૃષભ (બ,વ,ઉ)**
મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.



**મિથુન (ક,છ,ઘ)**
તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.



**કર્ક (ડ,હ)**
હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.



**સિંહ (મ,ટ)**
જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.



**તુલા (ર,ત)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.



**વૃશ્ચિક (ન,ય)**
બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.



**ધન (ભ,ધ,ફ)**
અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.



**મકર (ખ,જ)**
તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે.



**કુંભ (ગ,શ,સ)**
તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ.



**મીન (દ,ચ,ઝ,થ)**
લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે.

# 'તમે વાળ કપાવવા, બ્યુટી પ્રોડક્ટ પાછળ કેટલો ખર્ચ કર્યો...' IT વિભાગની નોટિસમાં કરદાતાઓને વિચિત્ર પ્રશ્નો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

આવકવેરા ખાતાએ આવકવેરા ધારાની કલમ 142(1) હેઠળ કરદાતાઓને નોટિસ આપીને તેમની પાસેથી તમે મહિને રસોડામાં કેટલો ખર્ચ કરો છો? તેની વિગત માંગી છે. આ નોટિસોમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે, તમે રસોડાનો જે ખર્ચ દર્શાવ્યો છે તે ઓછો લાગે છે, તેથી તમારા પરિવારના દરેક સભ્યની આવક કેટલી છે તેની વિગતો આવકવેરા કચેરીને જણાવો. આ પ્રકારે વિચિત્ર વિગતોની માંગણી કરતી હજારો નોટિસો ઈશ્યૂ કરવામાં આવી છે. ઘઉંનો લોટ ખરીદવા પાછળ, ચોખા અને મસાલા ખરીદવા માટે, તેલ, ગેસ અને વીજળીના બિલ ભરવા માટે કેટલો ખર્ચ કર્યો તેની વિગતો આપવા કરદાતાઓને જણાવવામાં આવ્યું છે. આ જ રીતે વર્ષ દરમિયાન કરદાતાએ કપડાં ખરીદવા માટે કેટલો ખર્ચ કર્યો તેની વિગતો પણ આપવાની સૂચના આપવામાં




આવી છે. તેમજ વર્ષ દરમિયાન તમે વાળ કપાવવા માટે, સામાજિક પ્રસંગો માટે, વિદ્યાર્થીઓની ફી પેટે કેટલો ખર્ચ કર્યો છે તેની વિગતો જણાવવા પણ આદેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના ચોપડાં ખરીદવા માટે, ભાડાં પેટે, કાર દોડાવવા માટે કેટલો ખર્ચ કર્યો અને કાર વીમો અને આરોગ્ય વીમો લેવા માટે કેટલો ખર્ચ કર્યો તેની વિગતો આપવા જણાવવામાં આવ્યું છે. આ સિવાય કરદાતાઓને આપવામા આવેલી નોટિસમાં જોડાની પૉલીશ કરાવવા માટે તમે કેટલો ખર્ચ કર્યો તેની વિગતો જાહેર કરવા પણ જણાવવામાં આવ્યું છે. કરદાતા આ તમામ ખર્ચની અલગ-અલગ વિગતો પૂરી ન પાડે કે પછી પરિવારના અન્ય સભ્યની આવકની વિગતો પુરાવા સાથે ન આપે તો તેવા સંજોગમાં તેમણે ઘરખર્ચ માટે વર્ષે 10 લાખનો ઉપાડ કર્યો હોવાનું માની લેવામાં આવશે, તેવું નોટિસમાં જણાવવામાં આવ્યું છે.

# સોનામાં વિશ્વ બજાર પાછળ ઝડપી ઘટાડો સોનું રૂ.88500

**અમદાવાદ સોનામાં રૂ.1000થી 1100નો ઘટાડો: ચાંદીમાં જોકે મક્કમતા: ક્રૂડ બે મહિનાના તળિયેથી ઉંચકાયું**



મુંબઈ | મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં પીછેહટ જોવા મળી જ્યારે ચાંદીના ભાવ બેતરફી વધઘટ વચ્ચે અથડાતા રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ તૂટી ઔંશના ૨૯૦૦ ડોલરની અંદર ઉતરી ગયાના સમાચાર મળ્યા હતા. વિશ્વ બજાર તૂટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટમાં થયેલા ઘટાડાના પગલે દેશના ઝવેરી બજારોમાં આજે સોનાના ભાવ ઉંચા મથાળે દબાણ હેઠળ જોવા મળ્યા હતા. અમદાવાદ બજાર બુધવારે મહાશિવરાત્રી નિમિત્તે બંધ રહ્યા પછી આજે બજારમાં બે દિવસીય ઘટાડામાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦થી ૧૧૦૦ તૂટયા હતા. અમદાવાદ સોનાના ભાવ આજે ઘટી ૯૯૫ના રૂ.૮૮૨૦૦ તથા ૯૯૯ના રૂ.૮૮૫૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ જો કે કિલોદીઠ રૂ.૯૬૦૦૦ના મથાળે શાંત હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યું હતું. વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૨૯૧૩થી ૨૯૧૪ વાળા ગબડી નીચામાં ભાવ ૨૮૭૭ થઈ ૨૮૮૫થી ૨૮૮૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ૩૧.૭૬થી ૩૧.૭૭ વાળા નીચામાં ૩૧.૫૩ તથા ઉંચામાં ૩૧.૯૮ થઈ ૩૧.૮૨થી ૩૧.૮૩ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૮૫૭૦૦ વાળા રૂ.૮૫૨૫૦ જ્યારે ૯૯.૯૦ના રૂ.૮૬૦૦૦ વાળા રૂ.૮૫૫૯૩ બોલાયા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૫૦૫૦ વાળા રૂ.૯૪૬૧૦ થઈ રૂ.૯૫૦૪૮ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે પ્લેટીનમના ભાવ નીચામાં ૯૬૩ તથા ઉંચામાં ૯૭૪ થઈ ૯૬૯થી ૯૭૦ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ નીચામાં ૯૨૪ તથા ઉંચામાં ૯૩૩ થઈ ૯૨૭થી ૯૨૮ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૪૯ ટકા પ્લસમા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટી બે મહિનાના તળિયે ઉતર્યા પછી ફરી બાઉન્સ બેક થયાના સમાચાર મળ્યા હતા. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના નીચામાં ૭૨.૪૯ થઈ ૭૩.૩૦ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૬૮.૬૧ થઈ ૬૯.૩૫ ડોલર રહ્યા હતા.

# આઈટી શેરોમાં એક્ઝિટ લેતાં ફંડો ક્વિક હિલ, નેલ્કો, બ્લેકબોક્સ તૂટયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં ફંડો વૈશ્વિક ડેવલપમેન્ટ અને એનવિડીયાના મિશ્ર અંદાજો વચ્ચે વેચવાલ રહ્યા હતા. આરસિસ્ટમ્સ રૂ.૩૦.૮૦ તૂટીને રૂ.૩૧૮, જેનેસિસ ઈન્ટરનેશનલ રૂ.૬૫.૮૫ તૂટીને રૂ.૭૦૫.૩૦, બ્લેક બોક્સ રૂ.૨૦.૬૫ ઘટીને રૂ.૩૯૨.૪૫, ક્વિક હિલ રૂ.૧૫.૮૦ ઘટીને રૂ.૩૧૬.૨૫, નેટવેબ રૂ.૭૩.૬૫ ઘટીને રૂ.૧૪૮૪.૯૦, નેલ્કો રૂ.૩૬.૬૫ ઘટીને રૂ.૭૬૮.૨૦, ૬૩ મૂન્સ ટેકનોલોજી રૂ.૨૮.૩૫ ઘટીને રૂ.૭૨૬.૪૦, ઝેગલ રૂ.૧૨.૪૫ ઘટીને રૂ.૩૪૭.૨૦, લેટેન્ટ વ્યુ રૂ.૧૦.૫૫ ઘટીને રૂ.૩૭૯.૩૦ રહ્યા હતા. અમેરિકાના ભારત પર ડયુટી ઘટાડવાના દબાણને લઈ કેન્દ્ર સરકાર કાર પરની આયાત ડયુટી ઘટાડવા વિચારણા કરીને રહ્યાના અહેવાલે ભારતીય ઓટો ઉદ્યોગને ફટકો પડવાના અંદાજોએ ઓટો શેરોમાં ફંડોનું હેમરિંગ થયું હતું. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૫૪.૨૦ ઘટીને રૂ.૨૭૨૫.૯૫, ટાટા મોટર્સ રૂ.૧૩.૫૫ ઘટીને રૂ.૬૪૮.૨૦, ઉનો મિન્ડા રૂ.૨૩.૦૫ ઘટીને રૂ.૮૩૦.૯૫, એક્સાઈડ રૂ.૧૦.૨૫ ઘટીને રૂ.૩૫૪.૨૫, બજાજ ઓટો રૂ.૧૮૪.૯૫ ઘટીને રૂ.૮૨૩૩.૫૫, ટીઆઈ ઈન્ડિયા રૂ.૫૨.૩૦ ઘટીને રૂ.૨૫૫૧, એમઆરએફ રૂ.૧૯૪૫.૨૦ ઘટીને રૂ.૧,૦૫,૨૨૭.૧૫, હીરો મોટોકોર્પ રૂ.૬૭.૦૫ ઘટીને રૂ.૩૭૫૯.૧૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૭૫૯.૪૦ પોઈન્ટ ગબડીને ૪૭૬૮૯.૦૭ બંધ રહ્યો હતો.

# JSW MG મોટર ઈન્ડિયા ઈનોવેટિવ ગ્રીન પ્રીટ્રીટમેન્ટ લાઈનનો અમલ કરનારી પ્રથમ OEM બની, કાર્બન ઉત્સર્જનમાં 1,800 ટન ઘટાડો થશે

**સર્વગ્રાહી ટકાઉ આદતો અપનાવીને અને ઉત્પાદન પ્રક્રિયા ઈષ્ટતમ બનાવીને ઈનોવેશન પ્રત્યે વચનબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો**

(એજન્સી) ગુરુગ્રામ । તા. 28

સસ્ટેનેબિલિટી પ્રત્યે પોતાની કટિબદ્ધતા વધુ દૃઢ બનાવતા JSW MG મોટર ઈન્ડિયાએ તેની પેઈન્ટ શોપમાં ગ્રીન પ્રીટ્રીટમેન્ટ લાઈનનો અમલ કરનાર પ્રથમ ઓરિજનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (OEM) બનીને એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ સિદ્ધિ પ્રીટ્રીટમેન્ટ ઈલેક્ટ્રોડિપોઝિશન (PT-ED) લાઈનમાં PPG એશિયન પેઈન્ટ્સ દ્વારા વિકસાવવામાં આવેલા એમ્બિયન્ટ ટેમ્પ્રેચર ફોસ્ફેટ (38 સે. પર)નું અમલીકરણ કરીને પ્રાપ્ત કરવામાં આવી છે. તેના પરિણામે સામાન્યપણે 42 - 50 સે. ઉપર કામગીરી કરતી પરંપરાગત પ્રક્રિયાની સરખામણીમાં હાલોલમાં આવેલા તેમના ઉત્પાદન એકમ પર પ્રીટ્રીટમેન્ટ પ્રક્રિયામાં પ્રતિ વર્ષ અંદાજિત 1800 ટન કાર્બન ઉત્સર્જનનો નોંધપાત્ર ઘટાડો થશે. આ એમ્બિયન્ટ ટેમ્પ્રેચર ફોસ્ફેટ ટેક્નોલોજી અનેક મહત્ત્વપૂર્ણ લાભો પૂરા પાડે છે, જેમ કે ગરમ કરવાની જરૂરિયાત દૂર



કરીને નોંધપાત્ર રીતે ઈંધણની બચત અને તેના પરિણામે ઈંધણના વપરાશમાં ઘટાડો. આ અતિ આધુનિક પદ્ધતિ દર વર્ષે 1800 ટનના અંદાજિત ઘટાડા સાથે કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડામાં પરિણમે છે. વધુમાં, આ ટેક્નોલોજી કામગીરીને સરળ બનાવીને અને મેઈન્ટેનન્સ જરૂરિયાત ઘટાડીને પ્રક્રિયાની એકંદર કાર્યક્ષમતામાં પણ વધારો કરે છે. આ અંગે માહિતી આપતા JSW MG મોટર ઈન્ડિયાના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર બિજુ બલેન્દ્રને જણાવ્યું હતું કે, 'JSW MG મોટર ઈન્ડિયા ખાતે સસ્ટેનેબિલિટી માત્ર કોર્પોરેટ જવાબદારી જ નથી પરંતુ તે અમારી વિચારધારામાં વણી લેવાયેલો ખ્યાલ છે અને અમારા ઈનોવેશનને દિશા પૂરી પાડે છે. આ નવી PT-ED લાઈન અમારી ઈનોવેશનની વિભાવના પ્રદર્શિત કરે છે. તે અમને અમારી ગ્રીન મેન્યુફેક્ચરિંગ પ્રોસેસના વિઝનને આગળ વધારવામાં અને સસ્ટેનેબલ પ્રેક્ટિસ અપનાવવા માટે સમગ્ર ઈન્ડસ્ટ્રી માટે નવા સીમાચિહ્નો પ્રસ્થાપિત કરવામાં મદદ છે. PPG એશિયન પેઈન્ટ સાથે કરવામાં આવી છે તેવી મજબૂત ભાગીદારી દ્વારા અને સસ્ટેનેબલ ફ્યુચરના અમારા સહિયારા વિઝનની મદદથી અમે 2022થી નોંધપાત્ર રીતે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કર્યો છે. અમે પર્યાવરણીય પડકારો ઉકેલવા માટે અમારા કાર્યને આગળ વધારવા માટે કટિબદ્ધ છીએ.' PPG એશિયન પેઈન્ટ્સના CEO જિતેન્દ્ર કાલરાએ જણાવ્યું હતું કે, 'MG સાથે અમારી ભાગીદારી સસ્ટેનેબિલિટી અને ઈનોવેશન પ્રત્યે અમારી કટિબદ્ધતા રેખાંકિત કરે છે.

**ગત મહિને સૌથી વધુ વેચાણ વૃદ્ધિ 13 ટકા સાથે પશ્ચિમી વિસ્તારમાં રહી**

# આવક વેરામાં રાહતથી રિટેલ વેચાણ વધવાની શક્યતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ભારતના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વૃદ્ધિ જોવા મળી છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય) દ્વારા જારી કરાયેલા ૫૮માં રિટેલ વેપાર સર્વેમાં દેશમાં વિવિધ રિટેલ સેગમેન્ટસના ચાલી રહેલા ટ્રેન્ડસ પર પ્રકાશ પડાયો છે. આવક વેરામાં રાહત અપાતા રિટેલ વેચાણ વધવાની અપેક્ષા રખાઈ રહી છે. જાન્યુઆરીમાં દેશના પશ્ચિમી વિસ્તારમાં રિટેલ વેચાણમાં સાત ટકા વધારો થયો હતો જ્યારે ઉત્તર તથા દક્ષિણમાં પાંચ ટકા અને પૂર્વમાં ચાર ટકા વૃદ્ધિ જોવા મળી હતી. રિટેલમાં સૌથી વધુ વેચાણ વૃદ્ધિ ૧૩ ટકા સાથે ખાધ્ય પદાર્થ અને ગ્રોસરીની રહી હતી. કન્ઝયૂમર ડયૂરેબલ્સ અને ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટ બન્નેમાં ૬ ટકા વધારો થયાનું સવે રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.એપરલ તથા ફૂટવેરના




વેચાણમાં ચાર ટકા જ્યારે જ્વેલરીમાં ૩ ટકા વધારો નોંધાયો છે. બ્યુટીઅને વેલનેસ પ્રોડકટસના વેચાણમાં બે ટકા જ્યારે ફર્નિચરનું વેચાણ એક ટકા વધ્યુ હતું. આગામી નાણાં વર્ષના બજેટમાં આવક વેરામાં અપાયેલી રાહતથી રિટેલ વેચાણને ટેકો મળી રહેશે એમ રાયના સીઈઓ કુમાર રાજાગોપાલને એક નિવેદન માં જણાવ્યું હતું. ગ્રાહકોની પસંદગીઓ ઘણી જ વ્યાપક બની રહી છે અને બદલાઈ રહેલી પ્રાથમિકતાઓને રિટેલરોએ સ્વીકારી તે પ્રમાણે કામકાજના મોડેલ તૈયાર કરવાના રહેશે, જેથી સ્પર્ધા સામે ટકી શકાય.ગયા વર્ષના ડિસેમ્બરમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વધારો નોંધાયો હતો. યોગ્ય મૂલ્ય સાથેના પ્રોડકટ પાછળ ગ્રાહકો નાણાં ખર્ચ કરવા તૈયાર હોય છે, એમ પણ સર્વેમાં જણાયાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. દરમિયાન દેશમાં સંગઠીત રિટેલ વેચાણ ૨૦૩૦ સુધીમાં ૨૩૦ અબજ ડોલર પર પહોંચવા એક અભ્યાસમાં જણાવાયું છે. ગ્રાહકોના હાથમાં વાપરવા માટે વધુ નાણાં ઉપલબ્ધ બની રહ્યા હોવાનું ધ્યાનમાં રાખી આ ધારણાં આવી પડી છે. આવક સ્તરમાં વધારા, સરળ ધિરાણ સવલત અને સંગઠીત રિટેલ તરફ પલાયન વેચાણમાં વધારો થવા માટેના પરિબળો રહેલા છે.

# 'લગ્ન કરો નહીંતર નોકરી છોડો'...કંપનીએ તેના સિંગલ કર્મચારીઓને આપ્યો વિચિત્ર આદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

તમે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે નોકરી માટે લગ્ન ફરજિયાત હશે, પરંતુ ચીનની એક કંપનીએ આવું કર્યું છે. કંપનીએ સિંગલ અને છૂટાછેડા લીધેલા કર્મચારીઓ માટે સપ્ટેમ્બર સુધીમાં લગ્ન કરવાનો આદેશ જારી કર્યો છે. જો તે સપ્ટેમ્બર સુધીમાં લગ્ન નહીં કરે તો તેમને નોકરી છોડવી પડી શકે છે. ચીનના શેડિંગ પ્રાંત સ્થિત કંપની શુન્ટિયન કેમિકલ ગ્રુપે એક આદેશ જારી કરીને કહ્યું છે કે જો અપરિણીત અને છૂટાછેડા લીધેલા કર્મચારીઓ સપ્ટેમ્બર 2025 સુધીમાં લગ્ન નહીં કરે તો તેમણે નોકરી છોડવી પડશે અને રાજીનામું આપવું પડશે. કુંવારા અને છૂટાછેડા લીધેલા લોકો માટે પોલિસી બનાવતી વખતે તેમને લગ્ન માટે સપ્ટેમ્બર 2025 સુધીનો સમય આપવામાં આવ્યો છે. જો લગ્ન નહીં કરે તો લોકોને નોકરી ગુમાવવી પડી શકે છે. કંપનીએ દલીલ કરી હતી કે આ ઓર્ડર પાછળનો હેતુ સંસ્કૃતિને બચાવવાનો હતો, પરંતુ સોશિયલ મીડિયા પર ટ્રોલ થયા બાદ કંપનીએ પોતાનો ઓર્ડર પાછો ખેંચી લીધો હતો. કંપનીએ દલીલ કરી હતી કે ચીનના યુવાનો લગ્નમાં રસ નથી લઈ રહ્યા, જેના કારણે ચીન ઝડપથી વૃદ્ધ થઈ રહ્યું છે. કંપની આ પોલિસી સાથે લગ્ન દર વધારવા માંગતી હતી, જો કે, લોકોના વિરોધ બાદ તેણે પોતાનો ઓર્ડર પાછો ખેંચવો પડ્યો. તમને જણાવી દઈએ કે કંપનીમાં 1200 થી વધુ લોકો કામ કરે છે. ચીનમાં ઘટી રહેલા લગ્ન દરની અસર ચીનની અર્થવ્યવસ્થા પર પણ પડી રહી છે. જો કે, લગ્ન ન કરવા બદલ કોઈને નોકરીમાંથી કાઢી મૂકવું એ કાયદાનું ઉલ્લંઘન છે. ચીનના શ્રમ કાયદા અને શ્રમ કરાર કાયદાનું ઉલ્લંઘન કર્યું હોવાથી કંપનીએ પોતાનો ઓર્ડર પાછો ખેંચતી સ્પષ્ટતા કરી કે તેણે આ આદેશ મુજબ કોઈને પણ નોકરીમાંથી કાઢી મૂક્યા નથી.



# UDAN Cafe: આ એરપોર્ટ પર મળશે 10 રૂપિયામાં ચા, 20 રૂપિયમાં જમવાનું

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ ગુરુવારે ચેન્નાઈ એરપોર્ટ પર UDAN યાત્રી કાફેનું ઉદ્ઘાટન કર્યું છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં કોલકાતા એરપોર્ટ પર પહેલું UDAN યાત્રી કાફે ખુલ્યું હતું. પ્રવાસીઓની ભારે માગને પગલે આ પહેલ હવે સમગ્ર દેશમાં વધારવામાં આવી રહી છે. ટૂંક સમયમાં દિલ્હી એરપોર્ટ પર પણ ઉડાન યાત્રી કાફે શરૂ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે UDAN યાત્રી કાફે દિલ્હી એરપોર્ટ પર શરૂ કરવાની પ્રક્રિયામાં છે. ચેન્નાઈ એરપોર્ટ પર આ કાફે T1 ડોમેસ્ટિક ટર્મિનલના પ્રી-ચેક એરિયામાં સ્થિત હશે. અહીં મુસાફરોને પાણીની બોટલ રૂપિયા 10માં, ચા રૂ.10 માં, કોફી રૂ. 20માં, સમોસા રૂ. 20માં અને દિવસની મીઠાઈ રૂ. 20માં મળશે. કોલકાતા એરપોર્ટ પર તેના સફળ લોન્ચિંગ પછી મુસાફરોની ભારે માગને કારણે



તેને અન્ય એરપોર્ટ પર પણ રજૂ કરવામાં આવી રહ્યું છે. કોલકાતા પછી અમે ચેન્નાઈ એરપોર્ટના દક્ષિણ પ્રવેશદ્વાર પર ઉડાન યાત્રી કાફે લાવીએ છીએ. તે દેશનું પાંચમું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે. દર વર્ષે 22 મિલિયનથી વધુ મુસાફરો અહીં મુલાકાત લે છે. ડિજીયાત્રા અને ટ્રસ્ટેડ ટ્રાવેલ પ્રોગ્રામ પણ ઈ-ગેટ્સ સાથે સીમલેસ ડિજિટલ ટ્રાવેલ અનુભવ પ્રદાન કરી રહ્યા છે. તેમણે માહિતી આપી કે ટર્મિનલ 2નું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. આનાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સની સેવાઓમાં સુધારો થઈ શકે છે. આ ઉપરાંત, ટર્મિનલ 1 અને 4ના નવીનીકરણ પર 75 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરની બાજુમાં ટ્રાફિકની ભીડ ઓછી કરવા માટે પણ 19 કરોડ રૂપિયાના ખર્ચે ટ્રાફિક ફ્લો મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરવામાં આવી રહી છે. મુસાફરોને આરામદાયક મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે વરિષ્ઠ નાગરિકો અને ગર્ભવતી મહિલાઓ માટે મફત બગી સેવાઓ, બાળ સંભાળ રૂમ, તબીબી સુવિધાઓ અને આધુનિક લાઉન્જ ઉપલબ્ધ છે. ચેન્નાઈ એરપોર્ટ સંપૂર્ણપણે ગ્રીન એનર્જી પર ચાલે છે. અહીં 1.5 મેગાવોટનો સૌર ઉર્જા પ્લાન્ટ છે. આ પર્યાવરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ઉડાન પેસેન્જર કાફેનો ઉદ્દેશ્ય સામાન્ય માણસ માટે હવાઈ મુસાફરીને સુલભ બનાવવાનો અને એરપોર્ટ સુવિધાઓને આધુનિક બનાવવાનો છે.

# પ્યોર ઈવીએ અમદાવાદમાં નવો શોરૂમ લોંચ કરીને વિસ્તરણને વેગ આપ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 28

ભારતના અગ્રણી ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર નિર્માતા પૈકીના એક પ્યોર ઈવીએ અમદાવાદમાં તેના નવા શોરૂમને લોંચ કરીને તેના ઝડપી વિસ્તરણને આગળ ધપાવ્યું છે. અમદાવાદમાં સાઉથ બોપલ સ્થિત આ નવો શોરૂમ પ્રદેશમાં ટકાઉ અને ઉચ્ચ-પ્રદર્શન ઓફર કરતાં મોબિલિટી સોલ્યુશન્સ પ્રદાન કરવાની તેની કટીબદ્ધતાને મજબૂત કરે છે.

આ લોંચ સાથે પ્યોર ઈવીએ દક્ષિણ ભારતના બજારોની બહાર તેની ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું છે તથા અમદાવાદની વ્યૂહાત્મક મહત્વતા, પ્રગતિશીલ ઈવી નીતિ અને ઈલેક્ટ્રિક મોબિલિટી માટે ગ્રાહકની વધતી માગનો લાભ લેવા માટે સજ્જ છે. શહેરમાં ઈલેક્ટ્રિક વ્હીકલની સ્વિકાર્યરતામાં મજબૂત વધારો પ્યોર ઈવીની ઈનોવેટિવ પ્રોડક્ટ લાઈનઅપ માટે તે આદર્શ માર્કેટ છે, જેમાં અદ્યતન ઈ-સ્કૂટર્સ અને ઈલેક્ટ્રિક મોટરસાઈલ સામેલ છે, જે તેની અદ્યતન બેટરી ટેક્નોલોજી, પાવરફુલ પર્ફોર્મન્સ



અને સ્ટાઈલિશ ડિઝાઈન માટે જાણીતી છે. આ નવો શોરૂમ ગ્રાહકોની સુવિધામાં વધારો કરવાની સાથે-સાથે ઈવી ક્રાંતિમાં વધુ ટુ-વ્હીલર પ્રેમીઓને આકર્ષશે. તેનાથી રાજ્યના ઈલેક્ટ્રિફિકેશન અને સસ્ટેનેબિલિટીના પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન આપી શકાશે. આ લોંચ વિશે પ્રતિક્રિયા આપતાં પ્યોરના સીઈઓ અને સહ-સ્થાપક રોહિત વડેરાએ કહ્યું હતું કે, "અમે અમદાવાદમાં અમારી ઉપસ્થિતિનું વિસ્તરણ કરતાં ઉત્સાહિત છીએ. આ શહેર ભારતમાં ઈવી સ્વિકાર્યતામાં અગ્રેસર છે. અમારા નેટવર્કના વિસ્તરણ સાથે અમે ગ્રાહકો માટે પ્રીમિયમ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સ વધુ સુવિધાજનક બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવીએ છીએ, જેથી તેમને સસ્ટેનેબલ અને ખર્ચ-કાર્યક્ષમ મોબિલિટી સોલ્યુશન્સથી સજ્જ કરી શકાય. આ નવો શોરૂમ ઉત્તમ અનુભવ ઓફર કરવાની સાથે-સાથે ગ્રાહકો ઈવીની નવી શ્રેણી પ્રાપ્ત કરી શકશે તથા એક્સપર્ટ સેલ્સ અને સર્વિસ સપોર્ટનો લાભ લઈ શકશે." ઈનોવેશન, વાજબીપણા અને ટકાઉપણું ઉપર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરતાં પ્યોર ઈવી ગુજરાતના મહત્વાકાંક્ષી સસ્ટેનેબિલિટીના લક્ષ્યોને ટેકો આપતા ભારતના ગ્રીન મોબિલિટી તરફના ટ્રાન્ઝિશનને વેગ આપવા માટે કટીબદ્ધ છે.

**રૂપિયો ગબડી એક તબક્કે રૂ.87.42 બોલાયા પછી સરકારી બેન્કો ડોલર વેચવા આવતાં ફરી વધી રૂ.87.06 સુધી ઉંચકાયો!**

# ટ્રમ્પની છાશવારે બદલાતી ટેરીફ નીતિ વચ્ચે ડોલર સામે રૂ.માં બેતરફી ઉછળકુદ...

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં બેતરફી દેખાઈ હતી. ડોલરના ભાવ રૂ.૮૭.૨૦ વાળા આજે સવારે રૂ.૮૭.૨૫ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૮૭.૪૨ રહ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૭.૦૬ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૭.૨૦ રહ્યા હતા વિશ્વ બજારના સમાચાર મુજબ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની છાશવારે બદલાતી ટેરીફ નીતિના પગલે અનિશ્ચિત માહોલ સર્જાયો છે. તથા વૈશ્વિક સ્તરે એશિયાની વિવિધ કરન્સીઓના ભાવ દબાણ હેઠળ રહ્યાના નિર્દેશો હતા. જોકે મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયો તૂટયા પછી આરબીઆઈની કહેવાતી સુચનાથી અમુક સરકારી બેન્કો ડોલર વેંચવા નિકળતાં રૂપિયો તળિયેથી ફરી ઉંચકાયો હોાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ડોલરના ભાવ ઉંચામાં રૂ.૮૭.૪૨ થયા પછી સરકારી બેન્કો ડોલર વેંચવા આવી હતી અને તેના પગલે ડોલરના ભાવ ઉંચેથી ઝડપી નીચા ઉતર્યા હતા. વિશ્વ બજારમાં ડોલર સામે ચીનની કરન્સીના ઓફશોર ભાવમાં પીછેહટ દેખાઈ હતી. દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૬.૫૨ તથા ઉંચામાં ૧૦૬.૭૧ થઈ ૧૦૬.૬૧ રહ્યાના સમાચાર હતા. મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૨૧ પૈસા વધ્યા હતા. પાઉન્ડના ભાવ ઉંચામાં રૂ.૧૧૦.૬૯ થઈ છેલ્લે રૂ.૧૧૦.૫૬ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૮ પૈસા વધી ઉંચામાં રૂ.૯૧.૫૫ થઈ છેલ્લે રૂ.૯૧.૪૩ રહ્યા હતા. જોકે રૂપિયા સામે જાપાનની કરન્સી ૦.૨૧ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી ૦.૦૫ ટકા નરમ બોલાઈ રહી હતી. મુંબઈ બજારમાં ડોલરના ભાવ હાલ તુરત રૂ.૮૭.૦૦થી ૮૭.૬૦ વચ્ચે રહેવાની શક્યતા જાણકારો બતાવતા હતા અમેરિકા દ્વારા કેનેડા તથા મેક્સિકો પર ૪થી માર્ચથી ટેરીફનો અમલ કરવામાં આવનાર હતો તે અમલ હવે બીજી એપ્રિલથી કરાશે એવા સમાચાર આવ્યા હતા. દરમિયાન, શેરબજારમાં આજે બેતરફી સાંકડી વધઘટ દેખાઈ હતી. જ્યારે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બે મહિનાના તળિયેથી ફરી ઉંચકાયા હતા. આના પગલે મુંબઈ બજારમાં રૂપિયામાં બેતરફી ચાલ જોવા મળી હતી એવું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, ફાગણ સુદ-02

# દિક્ષણપંથનો ઉભાર




જર્મનીમાં સત્તા પરિવર્તન યુરોપમાં દિક્ષણપંથ અને કંઝર્વેટિવના વધતા પ્રભાવને દર્શાવે છે. સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ ચાન્સેલર ઓલાફ શુલ્ઝની કારમી હાર થઈ છે. ૬૩૦ સદસ્યોની જર્મન સંસદ (બુંડેશ્ટાગ)માં શુલ્ઝની પાર્ટી એસડીપી ૧૨૧ સીટો સાથે ત્રીજા સ્થાન પર છે. યુરોપીય યુનિયનમાં સૌથી મોટા અને શક્તિશાળી દેશ જર્મનીમાં ચાન્સેલર શુલ્ઝનું ગઠબંધન નવેમ્બરમાં તૂટી જવાને કારણે લગભગ સાત મહિના પહેલાં જ ચૂંટણીઓ કરાવાઈ, જેમાં ફ્રેડરિક મર્ત્ઝની પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (સીડીયુ)ના કંઝર્વેટિવ ગઠબંધનને સૌથી વધારે સીટો મળી છે. જોકે ગઠબંધનને બહુમતી નથી મળી. એક્ઝિટ પોલમાં પણ કંઝર્વેટિવ ગઠબંધન સીડીયુ અને સીએસયુની જીતનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. બીજા વિશ્વયદ્ધ બાદ જર્મનીમાં કોઈ ઘોર દિક્ષણપંથી ગઠબંધનની આટલી મોટી જીત થઈ છે. જોકે પહેલાં સીડીયુ પાર્ટીની જ એન્જેલા મર્કેલ ચાન્સેલર રહ્યાં છે. જર્મનીમાં આ પરિવર્તન ચોંકાવનારું છે. યુરોપમાં ઉદાર અને સોશ્યલીસ્ટ પક્ષોનો દબદબો હાલનાં વર્ષોમાં મજબૂત થયો છે, પરંતુ સ્થાનિક સ્તર પર આર્થિક અને સામાજિક મુદ્દાએ કંઝર્વેટિવ વિચારોવાળા પક્ષો માટે જમીન ફળદ્રુપ બનાવી દીધી છે. અર્થવ્યવસ્થાની સુસ્ત ગતિ, નવા રોજગાર સર્જનમાં સુસ્તી, અપ્રવાસીઓની વધતી હાજરી, સાંસ્કૃતિક અને સામાજિક ડેમોગ્રાફીમાં બદલાવ વગેરે એવી સ્થિતિઓ છે, જેને કારણે કંઝર્વેટિવ પક્ષોને સફળતા મળી રહી છે. અમેરિકામાં પણ અમેરિકી રાષ્ટ્રવાદ અંે સંરક્ષણવાદનો નારો લગાવનારા ટ્રમ્પના પક્ષને જ વિજય મળ્યો છે. ટ્રમ્પે જર્મનીમાં સત્તા પરિવર્તન પર ખુશી વ્યક્ત કરી છે અને તેને જર્મન રાષ્ટ્રવાદના ઉદય રૂપે ગણાવ્યું છે. કંઝર્વેટિવ સીડીયુ/સીએસયુ ગઠબંધનની જીત બાદ હવે ફ્રેડરિક મર્ત્ઝ જર્મનીના નવા ચાન્સેલર બની શકે છે. ૬૯ વર્ષીય મર્ત્ઝ પાસે સરકાર ચલાવવાનો કોઈ અનુભવ નથી, પરંતુ તેમણે દેશને બહેતર નેતૃત્વ આપવાનો વાયદો કર્યો છે. ખાસ વાત છે કે બીજી ઘોર દિક્ષણપંથી પાર્ટી એએફડી ૨૦ ટકા મતો મેળવીને બીજા સ્થાને છે. એટલે કે પહેલા અને બીજા સ્થાન પર દિક્ષણપંથી દળો છે. જર્મનીમાં દિક્ષણપંથી ગઠબંધન સત્તામાં આવ્યા બાદ યુરોપીય યુનિયનના કામકાજ પર પણ તેની અસર પડશે. ઈયુમાં જર્મની પ્રમુખ સદસ્ય દેશ છે. ઓલાફ શુલ્ઝની સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટીએ બીજા વિશ્વ યુદ્ઘ બાદથી પોતાનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. પાર્ટીને માત્ર ૧૬.૫ ટકા મત મળ્યા છે. ગ્રીન્સ પાર્ટીને ૧૨ ટકા મત મળ્યા છે. જર્મનીમાં ચૂંટણી એવા સમયે થઈ છે જ્યારે યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં વર્ષોથી ચાલ્યા આવતા અટકાવ, ગેરકાયદે પ્રવાશીઓ પર અંકુશ લગાવવાનું દબાણ તથા યુક્રેનના ભવિષ્ય, યુરોપના અમેરિકા સાથે ગઠબંધનને લઈને વધતી અનિશ્ચિતતા જેવી ચિંતાઓ સામે આવી રહી છે. જર્મનીમાં પણ ગેરકાયદે પ્રવાસી આ ચૂંટણીઓમાં મોટો મુદ્દો રહ્યા. જર્મની અંદર કેટલાય આતંકી હુમલા થયા છે જેને ગેરકાયદે પ્રવાસીઓએ અંજામ આપ્યો છે.

# રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ કચ્છના બે દિવસીય પ્રવાસે પધાર્યા




મહેશ એલ. સોની | નખત્રાણા

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બે દિવસ માટે કચ્છની મુલાકાતે પધાર્યા છે ત્યારે આજે ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજ આર્મી સ્ટેશનના ડેપ્યૂટી કમાન્ડન્ટ કર્નલ અમિત કુમાર, રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા, કચ્છ બી.એસ.એફ.ના ડીઆઈજી અનંતકુમાર, જિલ્લા કલેક્ટર અમિત અરોરા વગેરેએ પણ રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું. એરફોર્સ સ્ટેશનથી તેઓ સર્કિટ હાઉસ પહોંચ્યા હતા અને ત્યાર બાદ તેઓ આજે ભુજ ખાતે સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલ અને ધોરડો સફેદ રણ તેમજ આવતીકાલે ધોળાવીરાની મુલાકાત લેવાના છે.

# અંબાજી મંદિરથી ગબ્બર ટેકરી સુધીના વિસ્તારનો અંદાજીત રૂા.1200 કરોડના ખર્ચે ડેવલપમેન્ટ કરાશે : ઋષિકેશ પટેલ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ




આજે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અંબાજી અને આસપાસના યાત્રાધામના વિકાસ માટે અત્યારસુધીમાં બે T.P. સ્કીમ અમલી કરાઈ છે. અંબાજી મંદિર અને તેની આજુબાજુના વિસ્તારની આશરે ૬.૦૭ હેકટરની નગર રચના યોજના નં. ૧ (અંબાજી) વર્ષ -૧૯૮૩ થી અમલી છે. નગર રચના યોજના નં. ૧ (અંબાજી) માં મુળખંડોની કિંમતની સામે ફાળવવામાં આવેલ અંતિમખંડોની કિંમતમાં આવતા તફાવત વળતર તરીકે આપવામાં આવ્યાં છે.

ટી.પી.-૧ ની લાગુમાં ૨.૮૭ હેકટરની નગર રચના યોજના નં. ૨ (અંબાજી) બનાવવામાં આવી અને વર્ષ - ૧૯૯૭ થી ટી.પી. સ્કીમ નં.-૨ અમલી છે. જેમાં કુલ ૫૩ મુળખંડ(Original Plot) તથા ૭૪ અંતિમખંડો (Final Plot)નો સમાવેશ થાય છે. ટી.પી. સ્કીમ - ૧ તથા ૨ ની બહાર 'વિકાસ યોજના' માં આવેલ સરકારી જમીનમાં દબાણ અંગે વિગતો આપતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અંબાજી મંદિર, ગબ્બર ડુંગર મંદિર અને ૫૧ શકિતપીઠોને જોડતા શકિત કોરીડોરમાં આવતી મોજે અંબાજી રે.સ.નં. ૮ પૈકી વાળી સરકારી જમીનમાં ખાનગી ઈસમો દ્વારા બિનઅધિકૃત બાંધકામો કરવામાં આવ્યા હતા

આ જમીનમાંથી લેન્ડ રેવન્યૂ કોડ, ૧૮૭૯ની કલમ-૬૧ હેઠળ પ્રાંત અધિકારીશ્રી, દાંતા ધ્વારા દબાણ દૂર કરાયા છે.આ જમીનમાં કુલ ૭૯ દબાણો (કાચા-પાક્કા) દૂર કરવામાં આવ્યા છે.

આ બાબતે નામદાર હાઈકોર્ટ સમક્ષ ખાસ દિવાની અરજીથી દબાણો દૂર કરવાથી થયેલ અસરગ્રસ્તો ધ્વારા દાવા દાખલ કરાયા જેના સંદર્ભે નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૨૯.૦૧.૨૦૨૫ ના કોમન ઓરલ ઓર્ડરથી વાદીશ્રીઓની દબાણ દૂર ના કરવાની માંગણી ગ્રાહ્ય રાખી નથી. મંત્રી ઋષિકેશ પટેલે, અંબાજી યાત્રાધામ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સંદર્ભે વિગતો આપતા જણાવ્યું હતું કે, અંબાજી માતા મંદિરથી ગબ્બર ટેકરી સુધીના વિસ્તારનો અંદાજીત ૧૧૯૧ કરોડના પ્રોજેક્ટથી વિસ્તૃત વિકાસ કરવામાં આવનાર છે.



## 51 શક્તિપીઠના "હૃદય" અંબાજીના વિશ્વસ્તરીય ડેવલપમેન્ટ માટે સરકારનો અડગ નિર્ધાર છે : મંત્રી ઋષિકેશ પટેલ

- » પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે બનાવેલ વિકાસ યોજના આધ્યાત્મિકતાને આધુનિક માળખાગત સુવિધાઓ સાથે જોડશે આસપાસના પર્યાવરણનું રક્ષણ પણ કરાશે.
- » ગબ્બર ટેકરી પરના જ્યોત અને મંદિરના વિશા યંત્ર વચ્ચે એક સરળ જોડાણ બનશે.
- » ચાચર ચોક અને ગબ્બર મંદિરનો વિકાસ અર્થે કલાત્મક શિલ્પ અને ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લેથી સમૃદ્ધ સ્થાનિક સંસ્કૃતિ અને ઈતિહાસને પ્રતિબિંબિત કરાશે. સાથોસાથ, સાંસ્કૃતિક અને સામુદાયિક કાર્યક્રમો માટે સુવિધાઓ આપવામાં આવશે.
- » મંદિર પરિસરથી ગબ્બર ટેકરી સુધીનો પગપાળા જનાર યાત્રાળુઓની સલામતી અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે અને તેમને આરામ કરવા માટેના સ્થળો સ્પષ્ટ સાઈનબોર્ડ સાથે પર્યાવરણને અનુકૂળ વોકવે બનાવવામાં આવશે.
- » દિવ્ય દર્શની ચોક નાં વિકાસ નાં ભાગરૂપે સુંદર ડિઝાઈન નાં લોકોના આમોદ પ્રમોદ માટે જગ્યાનાં વિકાસ કરવામાં આવશે, જેમાં બેઠક વ્યવસ્થા, હરિયાળી અને માહિતી માટેના કિઓસ્ક હશે. તેમાં સ્થાનિક વિક્રેતાઓ માટે જગ્યાઓ પણ સુનિશ્ચિત કરાશે.
- » સતી સરોવર અને સતી ઘાટને લેન્ડસ્કેપ બગીચાઓથી અને ધાર્મિક વિધિઓ માટે પર્યાવરણને અનુકૂળ વિકસાવવામાં આવશે.



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના મંગલભારતી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા માંથી સંખેડા તેમજ બહાદરપુર પરીક્ષાકેન્દ્ર ખાતે ધોરણ 10 તેમજ 12 ની પરીક્ષા આપવા જતા પરીક્ષાર્થીઓને મંગલ ભારતી કાર્યાલય મંત્રી શ્રી મહેશભાઈ શાહ તેમજ ઇન્ચાર્જ આચાર્ય ગિરીશભાઈ પરમાર દ્વારા પરીક્ષા કેન્દ્ર જતા વિદ્યાર્થીઓને પુષ્પ ફુલ આપીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી.

### ચાણસ્મા ડેપોમાં નવા બોરનું ડીલિંગ પૂરુ થતાં

# DMEએ નવા બોરના જળના વધામણા કર્યા



■ ડેપોના કર્મચારીઓએ ડેપોની ઉન્નતી માટે સત્યનારાયણ ભગવાનની કથા કરી

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા ડેપો ને બન્યા અંદાજે આઠ વર્ષ પહેલા ચાણસ્મા ડેપો ને પોતાનો સાથે ની સુવિધા અપાઈ હતી પરંતુ અંદાજે પાંચ વર્ષ પહેલાં ચાણસ્મા ડેપો નો બોર ફેલ જતાં ડેપો માં ટેન્કર થી પાણી પુરૂ પાડવામાં આવતું હતું પરંતુ ડેપો મેનેજર ગુંજન ભાઈ પંચાલ દ્વારા ચાણસ્મા ડેપોમાં નવો બોર બનાવવા ઉચ્ચસ્તર ની એસ.ટી વિભાગ ની વડી કચેરી એ લેખિત અને મૌખિક રજૂઆતો વારંવાર કરાતાં તેમના પ્રયત્નો ના ફળસ્વરૂપે ચાણસ્મા ડેપોમાં નવો બોર બનાવવાની તંત્ર દ્વારા મંજૂરી મળતાં નવા ટ્યુબવેલ નું ડ્રીલીંગ કાર્ય પૂરુ થતાં શુક્રવાર ૨૮ ફેબ્રુઆરી ના રોજ મહેસાણા એસ.ટી. વિભાગીય કચેરી ના ડી.એમ. ઇ. શૈલેષભાઈ એ નવા બોર ના સ્ટર્ટર ની સ્વીચ ઓન કરી નવો બોર ચાલુ કરી ડેપો ને અર્પણ કરી બોર ના નવા શ્રીફળના મીઠા પાણી જેવા જળ ના વધામણા કર્યા હતા આ પ્રસંગ ની સાથે ડેપોના કર્મચારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાન ની કથા નું આયોજન કરાયું હતું કથાના. યજમાનપદે ડેપો ના અધિકારી જોષી ભાઈ અને તેમનો પરીવાર બિરાજમાન થયો હતો આ પ્રસંગે ડેપો મેનેજર ગુંજન પંચાલ દિનેશજી ઠાકોર નરેન્દ્રભાઈ પટેલ નરેશભાઈ. પ્રજાપતિ અજ્ય ભાઈ બારોટ સહિત.એસ.ટી ના કર્મચારી ઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાંચ માર્ચે ચાણસ્મા પાલિકાના પ્રમુખ ઉંપપ્રમુખ ની ચૂંટણી યોજવામાં આવશે

## ભાજપની બહુમતી છતાં રાજકીય કાવાદાવા વચ્ચે ભાજપના ચૂંટાયેલા નગરસેવકોમાં 3 ભાગના તડાં પડયા

નીતિન ઠાકર | ચાણસ્મા

અગામી ૫ માર્ચ ના રોજ ચાણસ્મા નગરપાલિકા ની પ્રમુખ ઉપ પ્રમુખ ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે ત્યારે ચાણસ્મા નગર માં રાજકીય ગતી વિધી ઓ તેજ બની છે બીજી બાજુ ભાજપ ના ૧૫ અને ૧ અપક્ષ નો ઉમેદવાર ના ટેકા સાથે ભાજપ ના નગર સેવકો નું સંખ્યાબળ ૧૬ થયું છે ત્યારે કોંગ્રેસ પાસે ૫ અને અપક્ષ ૩ મળી કોંગ્રેસ પાસે ૮ નગરસેવકોનું સંખ્યાબળ છે છતાં. કોંગ્રેસ દ્વારા પ્રમુખ ઉપ પ્રમુખ માટે ઉમેદવારી કરવાની તૈયારી કોંગ્રેશ સંગઠન દ્વારા શરુ કરી દેવાઈ છે

### ભાજપની બહુમતી છતાં પ્રમુખ પદ માટે કાવાદાવા શરૂ કર્યા

પાલિકાની ચૂંટણી દરમિયાન ૧૫ નગરસેવકો ભાજપ ના વિજેતા બન્યા છે ૧ અપક્ષ ઉમેદવારે ભાજપ ને ટેકો જાહેર કરતાં ભાજપ ના નગર સેવકોનું સંખ્યા બળ ૧૬ થયું છે.

### ભાજપના નગર સેવકોમાં ખેચમતાણ 3 ભાગમાં વહેચાયા

ભાજપ ના વિજેતા ૧૫ તેમજ ૧-અપક્ષ ('ભાજપ) ને ટેકો જાહેર કરનારા નગરસેવક મળી ૧૬ નગરસેવકો તડાં પડી જતાં ત્રણ ભાગમાં વહેચાયા છે ત્યારે (૧) ભરતભાઈ ગણેશદાસ પટેલ ગ્રુપ (૨) પટેલ સુનિલભાઈ કાન્તીલાલ ગ્રુપ (૩) પટેલ મૂકેશભાઈ (દાઢી) મૂકેશભાઈ બી પટેલ સહિત ભાજપ તાલુકા શહેર સંગઠન ગ્રુપ સહિત ત્રણેય ગ્રુપોનો રાજકીય અગ્રણીઓ દ્વારા રાજકીય ગતિવિધી ઓ તેજ બનાવાઈ છે બીજી બાજુ ૧ વિપ્ર (બ્રાહ્મણ) પરીવારના મહિલા નગર સેવક તરીકે વિજેતા બન્યા અને પ્રમુખ માટે સામાન્ય મહિલા માટે ની બેઠક હોવાથી રાજકીય સમીકરણો બેસાડવા કદાચ પ્રમુખ પદની ઉજળી. તક બ્રાહ્મણ પરિવાર ના શિરે જાય તેવી અટકળો એ જોર પકડ્યું છે.

## આર્ટ્સ કૉલેજ મોડાસા વાર્ષિક રોજગાર ભરતી મેળો



રાકેશ મહેતા | ધનસુરા

શ્રી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ કે શાહ એન્ડ શ્રી કૃષ્ણ ઓ.એમ.આર્ટસ કોલેજ , મોડાસા ખાતે જોબ પ્લેસમેન્ટ સેલ દ્વારા વાર્ષિક રોજગાર ભરતી મેળો ફેબ્રુઆરી- માર્ચ 2025 નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ડો.દીપકભાઈ જોશી સાહેબએ રોજગારી વિશે માહિતી આપી વિદ્યાર્થિઓને માહિતીગાર કર્યા. આ ભરતી મેળામાં બે કંપનીઓ - કેર વેલ ક્રોપ સાયન્સ કંપની તથા કિરણ મોટર્સએ રોજગારી વિશેની જાણકારી આપી હતી તેમજ કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવ્યા હતા. કેમ્પસ ઇન્ટરવ્યૂમાં 29 વિદ્યાર્થીઓએ ભાગ લઈને આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો. કો-ઓર્ડીનેટર ડો. વંદના પરમાર તથા ડો. ગિરીશભાઈ પરમારએ સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન કર્યું.

# મેચનો સટ્ટો રમાઇ રહ્યા ની બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલનો છાપો

કિશન રોહિડા | જરોદ

વડોદરા નજીક આવેલ ખટંમા માં ચેમ્પિયન ટ્રોફી ની મેચ નો સટ્ટો રમાઇ રહ્યા ની બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલના ટીમે છાપો મારતાં પિયુષ અંબાલાલ ચાવડા રહે, શ્રી પોર ટીંબી અક્ષય આશ્રય અક્ષય યુગ પાસે ન્યુ વાઘોડિયા રોડ ને દબોચી લીધો હતો પિયુષ ઇંગ્લેન્ડ અને અફઘાનિસ્તાન ની મેચ નો સટ્ટો રમાડતો હતો જેથી તેનાં ઘરે સ્ટેટ મોનિટરીંગ સેલે પિયુષ ને અટકાયત માં લઇ તેની પાસેથી એક મોબાઇલ ફોન અને રોકડા રૂપિયા 8,140/- કબજે કર્યા હતા પિયુષ પોતાની પાસેના મોબાઈલ ફોન માં એક એપ થકી સટ્ટો રમાડતો હતો એપ એપ્લિકેશન નું આઈડી તેને જીતું રહે વારસીયા વડોદરા,સની દદવાણી રહે સંગમ ચાર રસ્તા વડોદરા અને આંશુ રહે વડોદરા પાસે થી લીધું હતું જેના માટે પિયુષે રૂપિયા 1,50/- લાખ ચુકવ્યા હતાં ક્રિકેટ ના સટ્ટા નો હિસાબ દર સોમવારે જીતુ અને સન્ની કરતા હતા આ ઉપરાંત રાહુલ ભુરીયો રહે કિશનવાડી વડોદરા મુન્નો,રાહુલ, ગોપાલ ત્રણેય રહે સમા વડોદરા સુનિલ,મયુર, મોંનું હેર અને ચિરાગ નયન ને આઈડી ની લીંક મોકલી હતી સ્ટેટ મોનિટરીંગ સેલે પિયુષ ની ધરપકડ કરી જ્યારે બીજા બાકીના 9 શખ્સો સામે ગુન્હો દાખલ કરી શોધખોળ આરંભી છે.

# પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઇ

દિપક રાવલ | દાહોદ લીમખેડા

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઇ.સી.ડી.એસ. દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાઓનું આયોજન સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યું છે. પોષણ ઉત્સવ અંતર્ગત દાહોદ જિલ્લા પંચાયત આઇ.સી.ડી. એસ. શાખા દ્વારા સંજેલી તાલુકાના વાસીયા ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ ચેરમેન શ્રી સુશીલાબેન બારિયા અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી ઈરાબેન ચૌહાણ અન્ય પદાધિકારીશ્રીઓ, સી. ડી. પી.ઓશ્રી દ્વારા



આઇ.સી.ડી.એસ.- વિવિધ આંગણવાડીના બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓનું નિદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણએ જણાવ્યું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ અને બાળકોના પોષણ તથા આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતા સુપોષિત બને તે માટે તેઓના રોજિંદા આહારમાં પૌષ્ટિક આહારનો ઉપયોગ કરવામાં આવે અને તેમાંથી જરૂરી કેલેરી, પ્રોટીન અને પોષકતત્વો મળી રહે તે માટે ટેક હોમ રાશન, માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિમાં દર મહિને આપવામાં આવે છે. મિલેટસ ધાન્યો જેવા કે બાજરી, જુવાર, નાગલી, કોદરી, બંટીનો પણ આહારમાં નિયમિત ઉપયોગ કરવા ઉપસ્થિત મહિલાઓ-કિશોરીઓને જણાવ્યું હતું.

# કોમર્સ કૉલેજ, મોડાસાનો વાર્ષિકોત્સવ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

ધી મ લા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ એસ શાહ કૉલેજ ઓફ કોમર્સ, મોડાસાનો 57 મો વાર્ષિકોત્સવ 28 ફેબ્રુઆરીના રોજ કેમ્પસ પરના ભામાશા હૉલમાં યોજાયો હતો. કાર્યક્રમના પ્રથમ ચરણમાં મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ વી શાહ, માનદ મંત્રી જયેશભાઈ દોશી, મુખ્ય વક્તા ડૉ. કલ્પેશભાઈ પટેલ તથા કાર્યકારી આચાર્ય ડૉ.એમ.કે. પટેલે પ્રાસંગિક ઉદબોધન થકી વિધ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ વર્ષ દરમ્યાન શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃતિઓમાં સિધ્ધિ મેળવનાર વિધ્યાર્થીઓને સુવર્ણમંડિત ચંદ્રક, રોકડ પારિતોષિક તથા મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમના બીજા ચરણમાં વિધાર્થીઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સંજોગોવસાત ઉપસ્થિત ના રહી શકેલા કોલેજના પ્રભારી મંત્રી તથા મંડળના ઉપપ્રમુખ સુભાષભાઇ શાહે કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

# આંકલાવમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટની શાખા શરૂ થશે

રાજકોટ | તા.28

આંકલાવમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટની શાખા શરૂ થઈ રહી છે તે બાબતમાં સ્થાનિક લોકોમાં કદાચ કેટલીક ગેરસમજ પ્રવર્તી રહી છે. તો નીચેની વિગત ઉપર નજર નાખશો તો ખ્યાલ આવશે કે કોઈપણ વિસ્તારમાં આ સંસ્થા શરૂ થવાથી સ્થાનિક લોકોને શું શું ફાયદાઓ થાય છે?

1. રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ગરીબ અને મધ્યમ વર્ગ માટેની સંસ્થા છે. આઝાદીના ઉષાકાળ એટલે કે 1947થી રાજકોટમાં પ્રતિદિન 1 લવાજમથી 1000 વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. અનેક ઈજનેરો, ડોક્ટરો, અધિકારીઓ, પત્રકારો તેમજ બિઝનેસમેન આ સંસ્થામાંથી ભણીને સમાજમાં સ્થિર થયા છે. અત્યાર સુધીમાં લગભગ 1 લાખ વિદ્યાર્થીઓને સુશિક્ષિત કરી દેશ-વિદેશમાં સારા સ્થાન ઉપર બેસાડવામાં આ સંસ્થાનો સિંહ ફાળો છે. સૌરાષ્ટ્રના ગામડાના વિસ્તારમાંથી આવતા ગરીબ બાળકો માટે રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ એ આશીર્વાદ સમાન છે.2. આંકલાવમાં સ્વામિનારાયણ ગુરુકુળ શરૂ



થવાથી સ્થાનિક વિસ્તારમાં અભ્યાસનું સ્તર એકદમ ઊંચું આવી જશે અને અત્યાર સુધી પછાત રહેલા આ વિસ્તારમાં શિક્ષણની એક નવી સરવાણી શરૂ થશે.

3.આ વિસ્તારમાં આર્થિક અગવડતાથી ભણી ન શકનાર એક પણ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે એ જોવાનું ગુરુકુળનું મિશન રહેશે.

4.સ્થાનિક સ્તરે અનેક લોકોને રોજગાર મળશે. અહીંયા મોટી કોલેજ બનવાની છે અને એમાં શિક્ષકો, પ્રોફેસરો, ટેકનિશિયનો વગેરે સ્થાનિક વિસ્તારમાંથી રોજગારી પામવાના છે. એટલે આ અત્યાર સુધી ખરાબાની પડી રહેલી જમીન અહીંના વિસ્તાર માટે વિકાસની ગંગોત્રી સાબિત થશે.

5.વ્યસનમુક્તિ,સદાચાર પ્રવર્તન તેમજ દુષ્કાળ, અતિવૃષ્ટિ જેવી ગંભીર કટોકટી સમયે આ સંસ્થા સ્થાનિક લોકો અને સ્થાનિક વહીવટી તંત્રની સાથે ખભે ખભા મિલાવી કામ કરશે .

6. એ પણ તદ્દન ભ્રામક વાત છે કે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં માત્ર સત્સંગીઓના છોકરાઓને જ એડમિશન મળે છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ અને તેની તમામ શાખાઓમાં કોઈપણ નાતજાતના ભેદભાવ વગર ઉંચ નીચના ભેદભાવ વગર શિક્ષણ આપવામાં આવે છે. અને રૂપિયા એક પ્રતિદિન લવાજમ નો લાભ તમામ જ્ઞાતિઓના, સત્સંગી હોય કે બિનસત્સંગી બધાને આપવામાં આવે છે.

અહીંયા ઊભી થનારી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ની વિશ્વકક્ષાની આ શાખાના સંચાલનની જવાબદારી જેમને અપાઈ છે એવા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ સ્થાનિક રિપોર્ટર સાથેની વાતચીતમાં ઉપરોક્ત વાતો જણાવી હતી. હાલમાં આ વિસ્તારમાં થઈ રહેલા વિરોધ બાબતે બોલતા પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે કેટલાક લોકોને હજુ ગુરુકુળનો કન્સેપ્ટ ક્લિયર નથી. એ લોકો ગુરુકુળને માત્ર મંદિર સમજે છે અને સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચાર માટેનું માધ્યમ સમજે છે. વાસ્તવમાં એવું નથી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ એ શિક્ષણ અને સદાચાર પ્રવર્તનને વરેલી સંસ્થા છે. સ્થાનિક લોકોને વિનંતી કરતા પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે તેઓએ પોતાનો કોઈ પણ અભિપ્રાય બનાવતા પહેલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટની એક વખત મુલાકાત લેવી જોઈએ અને ત્યાં ચાલતી પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવું જોઈએ જેથી ખ્યાલ આવશે કે આપણા વિસ્તારમાં આવી સંસ્થા આવે તો કેવું કામ થઈ શકે? અમરેલીના તરવડા ના ગ્રામીણ વિસ્તારમાં પણ રાજકોટની શાખા ચાલી રહી છે જ્યાં તદ્દન નજીવા લવાજમ ઉપર 2500 વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે.

ત્યાં પણ જો કોઈ આગેવાન કે પત્રકાર મુલાકાતે જશે તો ખ્યાલ આવશે કે આ સંસ્થાની સુવાસ કેવી પ્રસરી છે? અને સ્થાનિક લોકોને એનાથી કેટલા ફાયદાઓ થયા છે?

# નાળું પહોળું કરવાની ચાલતી કામગીરી વખતે ખાડામાં બાઇક ચાલક ખાબક્યો

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા નજીક આવેલ તવરા વચ્ચે આવેલ ગેલ ઈન્ડિયા ટાવર પાસે નાળું પહોળું કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે તે માટે વાહન ચાલકો ને ડાયવર્જન અપાયો છે તેમ છતાં ઈશ્વરપુરા ગામ ના કિશન વસાવા અને અન્ય ઈસમ બાઇક પર તવરા તરફ ના માર્ગે તરફ જતા હતા તેવામાં રોડ પર પાથરેલા માટી ના ઢગલા પર બાઈક ચડી જતા બાઈક ખાડા માં ખાબકી હતી જેના કારણે બાઈક સવાર ને માથાં ના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા 108 સેવાના મારફતે બંને ઈજાગ્રસ્તો ને નજીક ની હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડાયા હતા અકસ્માત નાં સ્થળે જે જગ્યાએ કામ પ્રગતિમાં છે ત્યાં માર્ગ મકાન તંત્ર દ્વારા સુચના બોર્ડ અને બેરીકેટ લગાવવામાં આવ્યું હોવા છતાં બાઈક ચાલક માટીના ઢગલા પર બાઈક ચાલક ખાબક્યો હતો ભારે ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

BEEZAASAN®

# BEEZAASAN EXPLOTECH LIMITED

Scan this QR code to view the Ad

**CIN:** U24111GJ2013PLC076499

Our company was originally formed as Private Limited Company under the name "Beezaasan Explotech Private Limited" under the provisions of the Companies Act, 1956 vide Certificate of Incorporation dated August 21, 2013 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli. Subsequently, the status of the Company was changed to Public Limited and the name of our Company was changed to "Beezaasan Explotech Limited" vide Special Resolution passed by the Shareholders at the Extra Ordinary General Meeting of our Company held on May 15, 2024. The fresh certificate of incorporation consequent to conversion was issued on July 30, 2024 by the Registrar of Companies, Central Processing Centre. The Corporate Identification Number of our Company is U24111GJ2013PLC076499. For further details on Incorporation and Registered Office of our Company, see "History and Certain Corporate Matters" beginning on page 221 of the Prospectus.

**Registered office:** 5th Floor, 511, Pramukh Tangent Complex, Sargasan Cross Road, S.G. Highway, Gandhinagar, Gujarat 382421, India | **Corporate Office:** Opposite LIC Office, Palace Road Himatnagar Dist: Sabarkantha, Himatnagar, Gujarat 383001, India.
**Tel:** +91 6359607701 | **E-mail:** investors@beezaasan.in | **Website:** www.beezaasan.com
**Contact Person:** Ms. Ankita Choudhury, Company Secretary and Compliance Officer

## THE PROMOTERS OF OUR COMPANY ARE MR. NAVNEETKUMAR RADHESHYAM SOMANI, MR. SUNILKUMAR RADHESHYAM SOMANI, MR. RAJAN SUNILKUMAR SOMANI, M/S. NAVNEET R SOMANI HUF AND M/S. SUNIL R. SOMANI HUF

"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE (BSE SME)."

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 34,24,800 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH ("EQUITY SHARES") OF BEEZAASAN EXPLOTECH LIMITED ("BEEZAASAN EXPLOTECH", OR "OUR COMPANY" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ 175/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 165/- PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ 5,993.40 LAKHS ("THE ISSUE"), OF WHICH 1,76,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH FOR CASH AT A PRICE OF ₹ 175/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 165/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ 308.00 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e., NET ISSUE OF 32,48,800 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT A PRICE OF ₹ 175/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 165/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ 5,685.40 LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 26.51 % AND 25.14 % RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

## ISSUE PRICE: ₹ 175/- PER EQUITY SHARE OF FACE VALUE ₹ 10/- EACH. ANCHOR INVESTOR ISSUE PRICE: ₹ 175.00 PER EQUITY SHARE THE ISSUE PRICE IS 17.5 TIMES OF THE FACE VALUE

## ISSUE PROGRAM

**ANCHOR INVESTOR BIDDING DATE WAS: THURSDAY, FEBRUARY 20, 2025**
**BID/ISSUE OPENED ON: FRIDAY, FEBRUARY 21, 2025**
**BID/ISSUE CLOSED ON: TUESDAY, FEBRUARY 25, 2025**

### RISKS TO INVESTORS

*1. Our Equity Shares have never been publicly traded, and may experience price and volume fluctuations following the completion of the Issue. Further, our Equity Shares may not result in an active or liquid market and the price of our Equity Shares may be volatile and you may be unable to resell your Equity Shares at or above the Issue Price or at all.*
*2. The Merchant Banker associated with the Issue has handled 2 public issue in the past three years which has not closed below the Issue Price on Listing date.*
*3. The average cost of acquisition of Equity Shares by our Promoters is as follows:*

| Sr. No. | Name of Promoters | No of Equity Shares held | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|---|
| 1. | Mr. Navneetkumar Radheshyam Somani | 32,92,602 | 7.81 |
| 2. | Mr. Sunilkumar Radheshyam Somani | 32,75,975 | 7.31 |
| 3. | Mr. Rajan Sunilkumar Somani | 3,83,313 | 2.52 |
| 4. | M/s. Navneet R Somani HUF | 10 | 10 |
| 5. | M/s. Sunil R. Somani HUF | 10 | 10 |

*4. Weighted average cost of acquisition:*

| Types of transactions | Weighted average cost of acquisition (₹ per Equity Shares) |
|---|---|
| Weighted average cost of acquisition of primary. | 19.00/- |
| Weighted average cost of acquisition of primary after giving effect of Bonus Issue. | Nil |
| Weighted average cost of acquisition for secondary sale / acquisition of shares. | Nil |

The Issue was being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 229 of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253 of the SEBI ICDR Regulations wherein not more than 50% of the Net Issue was available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs") (the "QIB Portion"). Our Company in consultation with the BRLMs allocated up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis (the "Anchor Investor Portion"). Further, not less than 15% of the Net Issue was made available for allocation on a proportionate basis to Non-Institutional Bidders and not less than 35% of the Net Issue was available for allocation to Retail Individual Investors in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received from them at or above the Issue Price. All potential Bidders (except Anchor Investors) were required to mandatorily utilize the Application Supported by Blocked Amount ("ASBA") process providing details of their respective bank account (including UPI ID for RIBs using UPI Mechanism), in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or the Sponsor Bank, as applicable. Anchor Investors were not permitted to participate in the Issue through the ASBA process. For details, see "Issue Procedure" on page 363 of the Prospectus.

The bidding for Anchor investors opened and closed on Thursday, February 20, 2025. The Company received 10 Anchor Investor Application Forms from 10 Anchor Investors (including Nil mutual funds through Nil Mutual Fund schemes) for Nil Equity Shares. Such 10 Anchor Investors through 10 Anchor Investor Application Forms were allocated 9,68,000 Equity Shares at a price of Rs. 175.00 per Equity Share under the Anchor Investor Portion, aggregating to Rs. 1,694.00 Lakhs.

The issue (excluding Anchor Investor Portion) received 3,544 applications for 12,588,800 Equity Shares (before technical rejections and after invalid bids Multiple/Duplicate) resulting in 5.12 times subscription (including reserved portion of market maker). The Details of the Applications received from various categories (before technical rejection) are as under:

**Detail of the Applications Received:**

| Sr. No. | Category | No of applications* | No of shares | Amount | Reserved | No of times subscription |
|---|---|---|---|---|---|---|
| 1 | MARKET MAKER | 1 | 176,000 | 30,800,000 | 176,000 | 1.00 |
| 2 | QIB (Excluding Anchor Investor) | 10 | 7,530,400 | 1,317,820,000 | 653,600 | 11.52 |
| 3 | NIB | 289 | 2,287,200 | 400,179,200 | 488,800 | 4.68 |
| 4 | RETAIL | 3,244 | 2,595,200 | 453,817,600 | 1,138,400 | 2.28 |
| | **TOTAL** | **3,544** | **12,588,800** | **2,202,616,800** | **2,456,800** | **5.12** |

This excludes 34 applications for 27,200 Equity Shares from Retail Individual which were not in bid book but which were banked.

**Final Demand**

**A summary of the final demand as per BSE as on the Bid/Issue Closing Date at different Bid Prices is as under:**

| Sr. No. | Bid Price | No. of Applications | Sum Quantity | Cumulative Share | % to Total |
|---|---|---|---|---|---|
| 1 | 165 | 77 | 1.04 | 77 | 1.04 |
| 2 | 166 | 3 | 0.04 | 80 | 1.08 |
| 3 | 167 | 1 | 0.01 | 81 | 1.09 |
| 4 | 168 | 2 | 0.03 | 83 | 1.12 |
| 5 | 169 | 1 | 0.01 | 84 | 1.13 |
| 6 | 170 | 17 | 0.23 | 101 | 1.36 |
| 7 | 171 | 1 | 0.01 | 102 | 1.37 |
| 8 | 172 | 4 | 0.05 | 106 | 1.43 |
| 9 | 173 | 4 | 0.05 | 110 | 1.48 |
| 10 | 174 | 6 | 0.08 | 116 | 1.56 |
| 11 | 175 | 3,354 | 45.16 | 3,470 | 46.72 |
| | CUTOFF | 3,957 | 53.28 | 7,427 | 100.00 |
| | **TOTAL** | **7,427** | **100.00** | | |

The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange – BSE on February 27, 2025.

1) **Allocation to Retail Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to the Retail Individual Investors, who have bid at cut-off Price or at or above the Issue Price of ₹ 175.00 per equity shares, was finalized in consultation with BSE. The category was subscribed by 2.20520 times i.e. for 2,510,400 Equity Shares. Total number of shares allotted in this category is 1,138,400 Equity Shares to 1,423 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | Proportionate Shares available | Ratio of allottees to applicants | | Number of successful applicants (after rounding) | Total No. of shares allocate allotted | Surplus / Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 800 | 3,138 | 100.00 | 2,510,400 | 100.00 | 1,138,400 | 39 | 86 | 1,423 | 1,138,400 | 0 |
| **Total** | **3,138** | **100.00** | **2,510,400** | **100.00** | **1,138,400** | | | **1,423** | **1,138,400** | **0** |

2) **Allocation to Non-Institutional Investors (After Technical Rejections):** The Basis of Allotment to Other than Retail Individual Investors, who have bid at Issue Price of ₹ 175.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 4.63502 times i.e., for 2,265,600 shares. the total number of shares allotted in this category is 488,800 Equity Shares to 204 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | Proportionate Shares available | Ratio of allottees to applicants | | Total No. of shares allocated/ alloted | Surplus / Deficit (14)-(7) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (10) | | (14) | (16) |
| 1 | 1600 | 103 | 36.65 | 164,800 | 7.27 | 35,555 | 44 | 103 | 35200 | -355 |
| 2 | 2400 | 48 | 17.08 | 115,200 | 5.08 | 24,854 | 31 | 48 | 24800 | -54 |
| 3 | 3200 | 8 | 2.85 | 25,600 | 1.13 | 5,523 | 7 | 8 | 5600 | 77 |
| 4 | 4000 | 14 | 4.98 | 56,000 | 2.47 | 12,082 | 1 | 1 | 11200 | -882 |
| | | | | | | | 1 | 14 | 800 | 800 |
| 5 | 4800 | 5 | 1.78 | 24,000 | 1.06 | 5,178 | 1 | 1 | 4000 | -1178 |
| | | | | | | | 1 | 5 | 800 | 800 |
| 6 | 5600 | 16 | 5.69 | 89,600 | 3.95 | 19,331 | 1 | 1 | 12800 | -6531 |
| | | | | | | | 1 | 2 | 6400 | 6400 |
| 7 | 6400 | 12 | 4.27 | 76,800 | 3.39 | 16,569 | 1 | 1 | 9600 | -6969 |
| | | | | | | | 3 | 4 | 7200 | 7200 |
| 8 | 7200 | 5 | 1.78 | 36,000 | 1.59 | 7,767 | 1 | 1 | 8000 | 233 |
| 9 | 8000 | 17 | 6.05 | 136,000 | 6.00 | 29,342 | 1 | 1 | 27200 | -2142 |
| | | | | | | | 3 | 17 | 2400 | 2400 |
| 10 | 8800 | 2 | 0.71 | 17,600 | 0.78 | 3,797 | 1 | 1 | 3200 | -597 |
| | | | | | | | 1 | 2 | 800 | 800 |
| 11 | 9600 | 5 | 1.78 | 48,000 | 2.12 | 10,356 | 1 | 1 | 8000 | -2356 |
| | | | | | | | 3 | 5 | 2400 | 2400 |
| 12 | 11200 | 2 | 0.71 | 22,400 | 0.99 | 4,833 | 1 | 1 | 4800 | -33 |
| 13 | 12000 | 6 | 2.14 | 72,000 | 3.18 | 15,534 | 1 | 1 | 14400 | -1134 |
| | | | | | | | 1 | 6 | 800 | 800 |
| 14 | 12800 | 2 | 0.71 | 25,600 | 1.13 | 5,523 | 1 | 1 | 4800 | -723 |
| | | | | | | | 1 | 2 | 800 | 800 |
| 15 | 13600 | 1 | 0.36 | 13,600 | 0.60 | 2,934 | 1 | 1 | 3200 | 266 |
| 16 | 14400 | 7 | 2.49 | 100,800 | 4.45 | 21,747 | 1 | 1 | 16800 | -4947 |
| | | | | | | | 6 | 7 | 4800 | 4800 |
| 17 | 15200 | 1 | 0.36 | 15,200 | 0.67 | 3,279 | 1 | 1 | 3200 | -79 |
| 18 | 16000 | 5 | 1.78 | 80,000 | 3.53 | 17,260 | 1 | 1 | 16000 | -1260 |
| | | | | | | | 2 | 5 | 1600 | 1600 |
| 19 | 18400 | 2 | 0.71 | 36,800 | 1.62 | 7,940 | 1 | 1 | 8000 | 60 |
| 20 | 20000 | 2 | 0.71 | 40,000 | 1.77 | 8,630 | 1 | 1 | 8000 | -630 |
| | | | | | | | 1 | 2 | 800 | 800 |
| 21 | 24000 | 4 | 1.42 | 96,000 | 4.24 | 20,712 | 1 | 1 | 19200 | -1512 |
| | | | | | | | 1 | 2 | 1600 | 1600 |
| 22 | 25600 | 1 | 0.36 | 25,600 | 1.13 | 5,523 | 1 | 1 | 5600 | 77 |
| 23 | 32000 | 1 | 0.36 | 32,000 | 1.41 | 6,904 | 1 | 1 | 7200 | 296 |
| 24 | 36000 | 1 | 0.36 | 36,000 | 1.59 | 7,767 | 1 | 1 | 8000 | 233 |
| 25 | 38400 | 1 | 0.36 | 38,400 | 1.69 | 8,285 | 1 | 1 | 8000 | -285 |
| 26 | 40000 | 1 | 0.36 | 40,000 | 1.77 | 8,630 | 1 | 1 | 8800 | 170 |
| 27 | 42400 | 1 | 0.36 | 42,400 | 1.87 | 9,148 | 1 | 1 | 8800 | -348 |
| 28 | 56800 | 1 | 0.36 | 56,800 | 2.51 | 12,255 | 1 | 1 | 12000 | -255 |
| 29 | 57600 | 2 | 0.71 | 115,200 | 5.08 | 24,854 | 1 | 1 | 24000 | -854 |
| | | | | | | | 1 | 2 | 800 | 800 |
| 30 | 64000 | 1 | 0.36 | 64,000 | 2.82 | 13,808 | 1 | 1 | 13600 | -208 |
| 31 | 72000 | 1 | 0.36 | 72,000 | 3.18 | 15,534 | 1 | 1 | 15200 | -334 |
| 32 | 102400 | 1 | 0.36 | 102,400 | 4.52 | 22,093 | 1 | 1 | 22400 | 307 |
| 33 | 171200 | 1 | 0.36 | 171,200 | 7.56 | 36,936 | 1 | 1 | 36800 | -136 |
| 34 | 177600 | 1 | 0.36 | 177,600 | 7.84 | 38,317 | 1 | 1 | 38400 | 83 |
| | **Total** | **281** | **100.00** | **2,265,600** | **100.00** | **488,800** | | | **488,800** | **0** |

3) **Allocation to QIBs excluding Anchor Investors (After Technical Rejections):** The Basis of Allotment to QIBs, who have bid at Issue Price of ₹ 175.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 11.52142 times i.e., for 7,530,400 shares the total number of shares allotted in this category is 653,600 Equity Shares to 10 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Category | FI'S/BANK'S | MF'S | IC'S | NBFC'S | AIF | FPC/FII | Others | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| QIB | - | - | | - | - | 133,600 | 520,000 | 653,600 |

4) **Allocation to Anchor Investors (After Technical Rejections & Withdrawal):** The Company in consultation with the BRLM has allotted 9,68,000 Equity Shares to 10 Anchor Investors at Anchor Investor Issue Price of ₹ 175.00 per equity shares in accordance with the SEBI ICDR Regulations. The category wise details of the Basis of Allotment are as under:

| Category | FI'S/BANK'S | MF'S | IC'S | NBFC'S | AIF | FPI/FPC | Others | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| Anchor | - | - | - | - | 221,600 | 688,000 | 58,400 | 968,000 |

5) **Allocation to Market Maker (After Technical Rejections):** The Basis of Allotment to Market Maker, who have bid at Issue Price of ₹ 175.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 1.00 time i.e. for 1,76,000 shares the total number of shares allotted in this category is 1,76,000 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | | Total Number of shares allotted | Surplus / Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 176,000 | 1 | 100.00 | 176,000 | 100.00 | 176,000 | 1 | 1 | 176,000 | 0 |
| **Total** | **1** | **100.00** | **176,000** | **100.00** | **176,000** | | | **176,000** | **0** |

The Board of Directors of the Company at its meeting held on February 27, 2025 has approved the Basis of Allocation of Equity Shares as approved by the Designated Stock Exchange viz. BSE and has authorized the corporate action for issue of the Equity Shares to various successful applicants. The CAN-cum-allotment advices and/or notices will forward to the email id's and address of the Applicants as registered with the depositories / as filled in the application form on or before February 27, 2025. Further, the instructions to Self Certified Syndicate Banks for unblocking the amount will process on or prior to February 27, 2025. In case the same is not received within ten days, investors may contact at the address given below. The Equity Shares allocated to successful applicants are being credited to their beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Equity Shares admitted for trading on the BSE SME within Four working days from the date of the closure of the issue.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated February 27, 2025 ("Prospectus") filed with Registrar of Companies, Ahmedabad.

### INVESTORS, PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the issue, **KFin Technologies Limited** at www.kfintech.com. All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole applicants, serial number of the Bid cum Application Form, number of shares applied for and Bank Branch where the application had been lodged and payment details at the address of the Registrar given below:

KFINTECH
EXPERIENCE TRANSFORMATION

**KFIN TECHNOLOGIES LIMITED**
Selenium Tower-B Plot No.31 & 32 Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally,
Hyderabad 500032 Telangana, India | **Tel:** +91 40 6716 2222
**Email:** bel.ipo@kfintech.com | **Website:** www.kfintech.com
**Investor grievance e-mail:** einward.ris@kfintech.com
**Contact person:** Mr. M Murali Krishna | **SEBI Registration No.:** INR000000221

For **Beezaasan Explotech Limited**
**On behalf of the Board of Directors**
**Sd/-**
**Mr. Navneetkumar Radheshyam Somani**
**Designation:** Chairman & Managing Director
**DIN:** 01782793

**Place:** Gandhinagar
**Date:** February 28, 2025

THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF BEEZAASAN EXPLOTECH LIMITED.

**Beezaasan Explotech Limited** is proposing, subject to market conditions, public issue of its equity shares and has filed the Prospectus with the Registrar of Companies, Ahmedabad. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the website of the Book Running Lead Manager at www.shcapl.com website of the BSE at www.bseindia.com and website of Issuer Company at www.beezaasan.com Investors should note that investment in Equity Shares involves a high degree of risk. For details, investors shall refer to and rely on the Prospectus including the section titled "Risk Factors" beginning on page 30 of the Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the US Securities Act (the "Securities Act") or any state securities law in United States and may not be Issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in the Regulation S under the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the Securities Act of 1933.

AdBaaz

# પ્રીટિ ઝિન્ટા રાહુલ ગાંધી પર માનહાનિનો કેસ કરશે?

## યુઝરના પ્રશ્ન પર એક્ટ્રેસે કહ્યું- મને કોઈ વ્યક્તિ સામે વાંધો નથી; કેરળ કોંગ્રેસે લગાવ્યો હતો ખોટો આરોપ...

(એજન્સી) મુંબઇ | તા.28

થોડા દિવસો પહેલા કેરળ કોંગ્રેસે પ્રીટિ ઝિન્ટા પર આરોપ મૂક્યો હતો કે ભાજપની મદદથી 18 કરોડ રૂપિયાની લોન માફ કરાવી છે, જોકે એક્ટ્રેસે આ દાવાઓ નકારી કાઢ્યા હતા અને ટ્વીટનો જવાબ આપ્યો હતો. એક્ટ્રેસની પોસ્ટ પર એક યુઝરે કોમેન્ટ કરતા પૂછ્યું કે શું તમે રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કરશો? જવાબમાં, એક્ટ્રેસે કહ્યું કે મને નથી લાગતું કે આ રીતે કોઈને બદનામ કરવું યોગ્ય છે, કારણ કે તેઓ આ કાર્ય માટે જવાબદાર નથી.

પ્રીટિએ આગળ લખ્યું, હું સમસ્યાઓ અથવા કોઈપણ મુદ્દાને સીધા હેન્ડલ કરવામાં માનું છું, નાના-નાના ઝઘડાઓ દ્વારા નહીં. મને રાહુલ ગાંધી સામે વ્યક્તિગત રીતે કોઈ પણ વાંધો નથી, તેથી તેમને શાંતિથી રહેવા દો અને હું પણ શાંતિથી રહીશ.

શું છે સમગ્ર મામલો? કેરળ કોંગ્રેસે 17 ફેબ્રુઆરીએ તેના ટ્વીટર હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી હતી. જેમાં લખ્યું હતું કે, પ્રીટિ ઝિન્ટાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ભાજપને આપી દીધા અને બદલામાં તેમનું 18 કરોડ રૂપિયાનું દેવું માફ કરાવ્યું. ગયા અઠવાડિયે બેંકને નુકસાન થયું હતું અને હવે થાપણદારો તેમના પૈસા માટે રસ્તા પર ઉતરી આવ્યાં છે.

કેરળ કોંગ્રેસની પોસ્ટ રિ-પોસ્ટ કરતી વખતે, પ્રીટિએ કોંગ્રેસ પર પ્રહારો કર્યો. તેણે લખ્યું કે- ના, હું મારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ જાતે ચલાવું છું અને તમને આવા ફેક સમાચારને શેર કરવામાં શરમ આવવી જોઈએ. કોઈએ મારું દેવું માફ કર્યું નથી કે કોઈ લોન માફ કરી નથી.

મને આઘાત લાગ્યો છે કે કોઈપણ રાજકીય પક્ષ કે તેના પ્રતિનિધિઓ મારા નામ અને તસવીરોનો ઉપયોગ ખોટા સમાચારોને પ્રોત્સાહન આપવા અને પાયાવિહોણા દાવાઓ અને ક્લિકબેટમાં સામેલ થવા માટે કરી રહ્યા છે. રેકોર્ડ માટે લોન લેવામાં આવી હતી, જે સંપૂર્ણપણે ચૂકવી દેવામાં આવી હતી. આ ઘટનાને 10 વર્ષથી વધુ સમય થઈ ગયો છે. આશા છે કે તે આ સ્પષ્ટતા કરશે અને ભવિષ્યમાં કોઈ ગેરસમજ ન થાય તે માટે મદદ કરશે.

તાજેતરમાં પ્રીટિ ઝિન્ટા વિશે સમાચાર આવ્યાં હતાં કે ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેંક દ્વારા તેમના 18 કરોડ માફ કરવામાં આવ્યા છે.




ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેંકને થોડા સમય પહેલા અનિયમિતતાને કારણે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે ગ્રાહકોને તેમના પૈસા મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે, એવા સમાચાર બહાર આવ્યા હતા કે બેંકે નિયમોનું પાલન કર્યા વિના કેટલાક લોકોને મોટી લોન આપી હતી અને તેમની લોન પણ માફ કરી દીધી હતી, જેમાં પ્રીટિ ઝિન્ટાનું નામ પણ સામેલ હોવાનું કહેવાય છે.

# સિદ્ધાર્થ-કિઆરાનાં ઘરે કિલકારીઓ ગુંજશે...

## લગ્નના 2 વર્ષ બાદ કપલે ગુડ ન્યૂઝ આપ્યા, એક્ટ્રેસે સોશિયલ મીડિયા પર શેર કર્યો ક્યૂટ ફોટો...





**કોણ છે સિદ્ધાર્થ મલ્હોત્રા?** સિદ્ધાર્થ મલ્હોત્રા દિલ્હીમાં પંજાબી હિંદુ પરિવારમાં જન્મ્યો છે. સિદ્ધાર્થના પિતા સુનીલ મર્ચન્ટ નેવીમાં ફોર્મર કેપ્ટન હતા અને માતા રિમ્મા હોમમેકર છે. સિદ્ધાર્થનો ભાઈ હર્ષદ મલ્હોત્રા બેંકર છે. 18 વર્ષની ઉંમરથી સિદ્ધાર્થે મોડલિંગની શરૂઆત કરી હતી. ચાર વર્ષ બાદ તેને મોડલિંગથી સંતોષ ના થતાં તેણે કરિયર છોડી દીધી હતી. ત્યારબાદ 2009માં ટીવી સિરિયલ 'ધરતી કા વીર યૌદ્ધા પૃથ્વીરાજ ચૌહાણ'માં જયચંદનો રોલ પ્લે કર્યો હતો. ત્યારબાદ તેણે અનુભવ સિંહાની એક ફિલ્મ માટે ઓડિશન આપ્યું હતું, પરંતુ આ ફિલ્મ અભરાઈ પર ચઢાવી દેવામાં આવ્યા હતા. 2010માં તેણે 'માય નેમ ઈઝ ખાન'માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. આ ફિલ્મ કરન જોહરે ડિરેક્ટ કરી હતી.

(એજન્સી) મુંબઇ | તા.28

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાના ઘરે નાનું મહેમાન આવવાનું છે. આ કપલે ફેન્સ સાથે આ ગુડ ન્યૂઝ શેર કર્યા છે. લગ્નના લગભગ બે વર્ષ પછી એક્ટ્રેસ માતા બનવા જઈ રહી છે. તેણે ખૂબ જ સુંદર ફોટો પોસ્ટ કરીને આ માહિતી શેર કરી હતી. આ સાથે, કોમેન્ટ બોક્સમાં લોકો કપલ પર શુભકામનો વરસાદ કરી રહ્યા છે.

'જીવનની સૌથી સુંદર ભેટ આવી રહી છે' કિયારા અડવાણીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક પોસ્ટ શેર કરી છે. આ સાથે લખ્યું છે, અમારા જીવનની સૌથી સુંદર ભેટ આવી રહી છે. આ પોસ્ટમાં, કપલ બાળકના વૂલન મોજાં હાથમાં પકડેલા જોવા મળે છે.

પોસ્ટ શેર કરતાની સાથે જ કપલને મિત્રો અને ફેન્સ તરફથી અભિનંદન મળી રહ્યાં છે. એક્ટ્રેસ નેહા ધૂપિયા, રિયા કપૂર, શિબાની દાંડેકર અને એક્ટર ઈશાન ખટ્ટર સહિત ઘણા સ્ટાર્સે કપલને અભિનંદન પાઠવ્યા છે.

**કિયારા-સિદ્ધાર્થનાં લગ્ન 2023માં થયા હતા કિયારા-સિદ્ધાર્થની પહેલીવાર 2021માં આવેલી ફિલ્મ 'શેરશાહ'ના સેટ પર મળ્યાં હતાં. સિદ્ધાર્થે પરમવીર ચક્ર સ્વર્ગસ્થ કેપ્ટન વિક્રમ બત્રાની ભૂમિકા ભજવી હતી.** આ ફિલ્મમાં કિયારાએ તેની ગર્લફ્રેન્ડ ડિમ્પલની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને એકબીજાની નજીક આવ્યાં અને પછી તે ડેટિંગ કરવા લાગ્યા. 7 ફેબ્રુઆરી 2023ના રોજ કિયારા-સિદ્ધાર્થએ જેસલમેરના સૂર્યગઢ પેલેસમાં લગ્ન કર્યા હતા. કપલે પરિવારના સભ્યો અને નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા હતા. હવે લગ્નના બે વર્ષ બાદ કપલે ગુડન્યુઝ શેર કર્યા છે.

કોણ છે કિઆરા અડવાણી? કિઆરા અડવાણીનું સાચું નામ આલિયા અડવાણી છે. તેના પિતા જગદીપ અડવાણી સિંધી છે અને બિઝનેસમેન છે. તેની માતા જીનીવીવ જાફરી છે. જીનીવીવ મુસ્લિમ માતા તથા ક્રિશ્ચિન પિતાનું સંતાન છે. જીનીવીવ તથા સ્વ. અશોક કુમાર તથા સ્વ. સઈદ જાફરી સંબંધીઓ થતા હતા. કિઆરાએ 2014માં પહેલી ફિલ્મ 'ફુગલી' રિલીઝ થાય તે પહેલાં પોતાનું નામ બદલ્યું હતું. ફિલ્મ 'અંજાના અંજાની' (2010)માં પ્રિયંકા ચોપરાના પાત્રનું નામ કિઆરા હતું. સલમાન ખાને કિઆરાને નામ બદલવાની સલાહ આપી હતી, કારણ કે બોલિવૂડમાં આલિયા ભટ્ટ એક જાણીતી એક્ટ્રેસ હતી. સલમાનની સલાહ માનીને નામ ચેન્જ કર્યું હતું. કિઆરા તથા મુકેશ અંબાણીની દીકરી ઈશા અંબાણી એક જ સ્કૂલમાં સાથે ભણતા હતા અને બંને વચ્ચે ગાઢ મિત્રતા છે.

**2012માં**

સિદ્ધાર્થે કરન જોહરના બેનર ધર્મા પ્રોડક્શનની ફિલ્મ 'સ્ટૂડન્ટ ઑફ ધ યર'થી બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં આલિયા ભટ્ટ, વરુણ ધવન હતા. સિદ્ધાર્થના સંબંધો આલિયા સાથે થોડો સમય રહ્યા હતા, પરંતુ પછી બંને અલગ થઈ ગયા હતા

### તારાની માતાએ ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી, લખ્યું- શું આ જ વાત તે મા-દીકરી માટે કહી શકશે?


# એક્સને ટાઈમપાસ કહેવું આદરને ભારે પડ્યું!

(એજન્સી) મુંબઇ | તા.28

આદર જૈનની ટાઈમપાસ વાળી કોમેન્ટ પર એક્ટ્રેસ તારા સુતારિયાની માતાનું રિએક્શન સામે આવ્યું છે. તાજેતરમાં તેણે આદર જૈનનું નામ લીધા વિના એક પોસ્ટ લખી છે. તેમની આ પોસ્ટ્સ ખૂબ ચર્ચામાં છે. તારાની માતાએ પોસ્ટમાં લખ્યું છે કે જો તે તેની માતા કે પુત્રીને આ વાત ન કહી શકતો હોય, તો તેણે બીજા કોઈને પણ ન કહેવું જોઈએ.

તારાની માતાએ પોસ્ટ શેર કરી રીમા જૈનનાં પુત્ર આદર જૈને તાજેતરમાં જ અલેખા અડવાણી સાથે લગ્ન કર્યા છે. લગ્નના દિવસે જ આદર જૈને અલેખા માટે એક સ્પિચ તૈયાર અને પોતાની અગાઉની રિલેશનશિપને ટાઈમપાસ ગણાવી હતી. આદર જૈને કહ્યું હતું કે તે હંમેશા અલેખાને પ્રેમ કરતો હતો અને છેલ્લા ચાર વર્ષથી ટાઈમપાસ કરી રહ્યો હતો. અલેખા પહેલા, આદર તારાની સાથે રિલેશનશિપમાં હતો.

આદર જૈન પર એક્સ ગર્લફ્રેન્ડની માતા ભડકી જેના કારણે તારા સુતારિયાની માતા આદર જૈનની આ કોમેન્ટ પર ખૂબ ગુસ્સો વ્યક્ત કર્યો છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી. આમાં તેમણે પ્રશ્ન પૂછ્યો કે શું કોઈ પોતાની માતા કે દીકરીને આવી વાત કહી શકશે? તારાની માતા દ્વારા શેર કરાયેલી પોસ્ટમાં લખ્યું છે- 'જો તમારો બોયફ્રેન્ડ કે પતિ ક્યારેય તમને અપમાનજનક વાત કહે, તો તેને કહો કે તે કાગળ પર લખી લે અને ગાડીમાં બેસી,



ડ્રાઈવ કરીને તેના મમ્મીને અથવા દીકરીને આ કાગળ આપે. જો તે તેની માતાને આ વાત ન કહી શકતો હોય અથવા કોઈ બીજો પુરુષ તેની પુત્રીને આ વાત ન કહી શકે, તો તેણે બીજા કોઈને પણ આ વાત ન કહેવી જોઈએ.

આદર જૈનની પત્ની અલેખા તારાની મિત્ર રહી છે તારા સુતારિયા પણ આદર જૈનના પરિવારને મળી હતી અને તેની સાથે લગ્ન કરવાની હતી. પણ તેમનું બ્રેકઅપ થઈ ગયું. બંને વચ્ચેના સંબંધોની ખૂબ ચર્ચા થઈ હતી.

# રાણી મુખર્જીની મર્દાની થ્રીનું શૂટિંગ આગામી જૂનમાં શરુ થશે



મુંબઈ : રાણી મુખર્જીની 'મર્દાની થ્રી'નું શૂટિંગ આગામી જૂનમાં શરુ થશે. તે ફરી ફિલ્મમાં પોલીસ અધિકારીની ભૂમિકા ભજવતી જોવા મળશે.

હાલ ફિલ્મના બાકીના કલાકારો નક્કી થઈ રહ્યા છે. તે માટે લૂક ટેસ્ટ લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત ફિલ્મના લોકેશન્સ પણ ફાઈનલ થઈ રહ્યાં છે. ફિલ્મનું શૂટિંગ મુંબઈ અને દિલ્હીમાં કરવામાં આવશે. આ ઉપરાંત ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં પણ ફિલ્મ શૂટિંગ થશે. રાણી મુખર્જીએ ગત ઓગસ્ટ માસમાં આ ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, મૂળ 'મર્દાની' ફિલ્મ ૨૦૧૪માં રીલિઝ કરવામાં આવી હતી. આ પછી તેની સીકવલ ૨૦૧૯માં રીલિઝ કરવામાં આવી હતી.

# ગોવિંદાની કુંડળીમાં બે લગ્નના યોગ!

## એક્ટરે ખુદ કર્યો હતો ખુલાસો, પત્ની સુનિતાને કહ્યું હતું- તેના માટે તૈયાર રહેજે...

(એજન્સી) મુંબઇ | તા.28

એક્ટર ગોવિંદાએ વર્ષો પહેલા બે લગ્નની વાત કરી હતી. એક્ટરની કુંડળીમાં બે લગ્નના યોગ છે, આ અંગે તેણે પોતે ખુલાસો કરેલ છે. સ્ટારડસ્ટ સાથેના એક ઈન્ટરવ્યૂમાં ગોવિંદાએ કહ્યું હતું કે તેણે સુનિતા આહુજા સાથે ફક્ત વચનને કારણે લગ્ન કર્યા હતા.

એક્ટરે કહ્યું હતું, કોણ જાણે કાલે શું થશે. હું ફરી સામેલ થઈ શકું છું. કદાચ હું તે છોકરી સાથે લગ્ન કરીશ જેની સાથે હું જોડાયેલો છો. પણ સુનિતાએ આ માટે તૈયાર રહેવું જોઈએ. તો જ હું ફ્રી અનુભવ કરીશ. મારી કુંડળીમાં બે લગ્નના યોગ છે.

'હું નીલમને ખૂબ પ્રેમ કરતો હતો' આ જ ઈન્ટરવ્યૂમાં ગોવિંદાએ એક્ટ્રેસ નીલમ કોઠારી સાથેના પોતાના અફેર વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, નીલમને મળ્યાં પછી હું મારા હોશ ખોઈ બેઠો હતો. હું ખૂબ જ મૂંઝવણમાં હતો. મને તે ખૂબ જ ગમતી હતી. હું તેના પ્રેમમાં પડી ગયો. હું તેની સાથે લગ્ન કરવા માંગતો હતો, પણ કરી શક્યો નહીં. હું તેમને જવા દેવા માંગતો ન હતો. આજે પણ જ્યારે હું તેને બીજા કલાકારો સાથે કામ કરતો જોઉં છું, ત્યારે મને ઈર્ષ્યા થાય છે. હું ઈચ્છું છું કે તે ફરીથી મારી સાથે ફિલ્મો સાઈન કરવાનું શરૂ કરે. બીજું કંઈ નહીં તો, ખાલી મિત્રો તો બની શકીએ છીએ.



ગોવિંદા-સુનિતા છૂટાછેડા નથી લઈ રહ્યા છેલ્લા ઘણા દિવસોથી એવી ચર્ચા ચાલી રહી હતી કે ગોવિંદા અને તેની પત્ની સુનિતા આહુજા છૂટાછેડા લેવાના છે. જોકે, હવે બંને વચ્ચે સમાધાન થઈ ગયું છે. ગુરુવારે સવારે સુનિતાના મેનેજરે કહ્યું કે છૂટાછેડાના સમાચાર માત્ર એક અફવા છે. દરમિયાન, ગોવિંદાના વકીલે બુધવારે કહ્યું હતું કે સુનિતાએ 6 મહિના પહેલા કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. પરંતુ હવે બંનેએ વિવાદ ઉકેલી લીધો છે.

સુનિતા અને ગોવિંદાનું પ્રેમ પ્રકરણ કેવી રીતે શરૂ થયું? સુનિતાએ કહેલું કે તેની બહેનનાં લગ્ન ગોવિંદાના મામા સાથે થયાં હતાં. એ વખતે જ એણે ગોવિંદાને પહેલીવાર જોયો હતો.

# 22 વર્ષે ઘટસ્ફોટ: બાગબાનના કેટલાક અંશ સલીમ જાવેદે લખ્યા હતા...

મુંબઈ | અમિતાભ બચ્ચન, હેમા માલિની તથા સલમાન ખાન સહિતના કલાકારોની ફિલ્મ 'બાગબાન'ના કેટલાક અંશો સલીમ જાવેદે લખ્યા હોવાનો હવે ઘટસ્ફોટ થયો છે. આ ફિલ્મમાં સલમાનના સંવાદો તેના પિતા સલીમ ખાને લખ્યા હતા જ્યારે ક્લાઈમેક્સની અમિતાભની સ્પીચ જાવેદ અખ્તરે લખી હતી.



ફિલ્મના સર્જક રવિ ચોપરાનાં પત્ની રેણુ ચોપરાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં આ ઘટસ્ફોટ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે જાવેદ અખ્તરે આ ફિલ્મ માટે પોતાને કોઈ પણ પ્રકારે ક્રેડિટ ન અપાયે તેવો આગ્રહ સેવ્યો હતો. પરંતુ, હવે આટલાં વર્ષે આ વાત જાહેર કરવામાં કોઈ વાંધો નથી.

'બાગબાન' અમિતાભની કારકિર્દીની એક મહત્વની ફિલ્મ બની હતી. તે સમયે અમિતાભની ઘણી ખરી ફિલ્મો ફ્લોપ જઈ રહી હતી ત્યારે આ ફિલ્મ તેના માટે મદદરુપ બની હતી.

સલીમ જાવેદે ભૂતકાળમા પણ અમિતાભની કારકિર્દીને ઊંચાઈ આપવામાં ભાગ ભજવ્યો હતો અને આ જોડી છૂટી પડી ગયાના વર્ષો બાદ પણ તેમણે કોઈ સહેતુક કોલબરેશન વિના આ કામ કર્યું હતું તે સ્પષ્ટ થયું છે.

# ધનુષ, રશ્મિકાની ફિલ્મ કુબેરા આગામી જૂનમાં રીલિઝ કરાશે: નાગાર્જુન તથા જિમ સર્ભની પણ ભૂમિકા...

મુંબઈ : ધનુષ, નાગાર્જુન અને રશ્મિકા મંદાનાની આગામી ફિલ્મ 'કુબેરા'ને ૨૦ જુનના રોજ રિલીઝ કરવામાં આવશે. હેપ્પી મહાશિવરાત્રિના સંદેશા સાથે ફિલમ કુબેરાનું પોસ્ટ રિલીઝ કરવામાં આવ્યું છે.

ગત નવેમ્બરમાં ફિલ્મ નિર્માતાએ ફિલ્મનું પ્રથમ ટીઝર રિલીઝ કર્યું હતું.ફિલ્મ કુબેરા એક



સોશિયલ ડ્રામા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ ફિલ્મને તમિલ, તેલગુ, અને હિંદીમાં એક સાથે શૂટ કરવામાં આવી છે. જ્યારે કન્નડ અને મલયાલમાં ડબ કરવામાં આવી છે.

આ ફિલ્મ અગાઉ ગત વર્ષે રીલિઝ થવાની હતી પરંતુ કોઈ કારણોસર તે પાછળ ઠેલાઈ ગઈ હતી.

ફિલ્મના ટાઈટલ બાબતે પણ કાનૂની વિવાદ થયો છે. એક તેલુગુ નિર્માતાએ આ ટાઈટલ મૂળ પોતે રજિસ્ટર કરાવેલું હોવાનું કહી તકરાર માંડી છે. રશ્મિકા મંદાના હાલ કારકિર્દીની રીતે સાતમા આસમાને છે. તેની 'પુષ્પા'ના બંને ભાગ, 'એનિમલ' અને હવે 'છાવા' પણ ઓલ ટાઈમ હિટ સાબિત થઈ છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી: પાકિસ્તાન અને બાંગલાદેશ મેચ રદ થઈ



## યજમાન ટીમ એક પણ મેચ જીત્યા વિના ટુર્નામેન્ટમાંથી બહાર

(એજન્સી) રાવલપિંડી તા 28



ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પાકિસ્તાન અને બાંગ્લાદેશની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી છે. ગુરુવારે રાવલપિંડીમાં સમયાંતરે વરસાદ પડ્યો. આવી સ્થિતિમાં, મેચ રેફરીએ તેને રદ કરવાનો નિર્ણય લીધો. બંને ટીમને એક-એક પોઈન્ટ આપ્યા છે. એટલે યજમાન પાકિસ્તાનની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ગ્રૂપ-Aમાં સાવ છેલ્લે રહી છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાનના પોઈન્ટ સમાન છે, પણ નેટ રનરેટ પાકિસ્તાનનો બાંગ્લાદેશ કરતા ખરાબ હોવાથી તેઓ સાવ તળિયે રહ્યા છે. જોકે, આ મેચ પહેલા જ બંને ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગઈ હતી. આ બંને માટે છેલ્લી ગ્રૂપ મેચ હતી. પહેલી મેચમાં પાકિસ્તાનનો ન્યૂઝીલેન્ડ સામે અને બીજી મેચમાં ભારત સામે પરાજય થયો હતો. જ્યારે બાંગ્લાદેશને પહેલી મેચમાં ભારત સામે અને બીજી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. બંને ટીમની સંભવિત પ્લેઈંગ-11 પાકિસ્તાન: મોહમ્મદ રિઝવાન (કેપ્ટન અને વિકેટકીપર), ઈમામ ઉલ હક, સઈદ શકીલ, બાબર આઝમ, સલમાન આગા, તૈયબ તાહિર, ખુશદિલ શાહ, નસીમ શાહ, શાહીન શાહ આફ્રિદી, હારિસ રઉફ અને અબરાર અહેમદ. બાંગ્લાદેશ: નઝમુલ હુસૈન શાંતો (કેપ્ટન), તન્ઝીદ હસન, તૌહિદ હૃદોય, મુશફિકુર રહીમ, મહમુદુલ્લાહ, ઝાકિર અલી, મેહદી હસન મિરાઝ, રિશાદ હુસૈન, તસ્કીન અહેમદ, નાહિદ રાણા અને મુસ્તફિઝુર રહેમાન.

# ઓસ્ટ્રેલિયાના મેથ્યુ કુહનેમેનની બોલિંગ એક્શન લીગલ



(એજન્સી) એસ્ટ્રેલિયા તા 28

ICC એ ઓસ્ટ્રેલિયાના ડાબોડી સ્પિનર મેથ્યુ કુહનેમનને ગેરકાયદેસર બોલિંગ એક્શનના આરોપમાંથી મુક્ત કરી દીધો છે. હવે તે ફરીથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં બોલિંગ કરી શકશે. તેણે ગયા અઠવાડિયે ક્વીન્સલેન્ડમાં ટેસ્ટ આપ્યો હતો, અને ICCએ તેને 26 ફેબ્રુઆરીએ ટેસ્ટ માટે મંજૂરી આપી હતી. આ વર્ષે જાન્યુઆરીમાં શ્રીલંકા સામેની ટેસ્ટ સિરીઝ દરમિયાન કુહનેમેનની બોલિંગ એક્શન શંકાસ્પદ મળી આવી હતી. બોલિંગ કરતી વખતે તેના પર કોણી 15 ડિગ્રીથી વધુ વાળવાનો આરોપ હતો, જે ICC બોલિંગ નિયમોની વિરુદ્ધ છે. આમ છતાં, તેણે બોલિંગ કરી અને 2 ટેસ્ટમાં 16 વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયાએ સિરીઝ 2-0થી જીતી હતી. મેથ્યુ કુહનેમને 2022માં શ્રીલંકા સામેની ODI મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. કુહનેમનની બોલિંગની તપાસ બ્રિસ્બેનના નેશનલ ક્રિકેટ સેન્ટર ખાતે કરવામાં આવી હતી. ટેસ્ટ દરમિયાન, તેને ગાલે ખાતેની બીજી ટેસ્ટ દરમિયાન ગતિએ બોલિંગ કરવાનું કહેવામાં આવ્યું. આ સમય દરમિયાન તેણે પોતાના શરીર પર માર્કર પહેર્યા હતા અને તેની આસપાસ ઘણા હાઈ-સ્પીડ કેમેરા અને 3-D ગતિ વિશ્લેષણ પ્રણાલીઓ હતી. ICCની નિષ્ણાત ટીમે જોયું કે બોલિંગ કરતી વખતે તેની કોણીનો ખૂણો નિયમો મુજબ હતો. જે બાદ તેને ફરીથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમવાની મંજૂરી આપવામાં આવી. મેટ 2017માં ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ પછી 124 પ્રોફેશનલ મેચ રમી ચૂક્યો છે. તે 2022માં ODI અને 2023માં ટેસ્ટ ડેબ્યૂ કરશે. જે પછી તેણે ઓસ્ટ્રેલિયા માટે 5 ટેસ્ટ અને 4 વન-ડે રમી. તેણે ટેસ્ટમાં 25 અને વન-ડેમાં 6 વિકેટ લીધી છે. તેણે 2018માં બિગ બેશ લીગમાં પણ ડેબ્યૂ કર્યું હતું. તેણે અત્યાર સુધીમાં BBLમાં 55 મેચ રમી છે. આઠ વર્ષના પ્રોફેશનલ ક્રિકેટમાં આ પહેલી વાર છે જ્યારે ડાબોડી સ્પિનર કુહનેમેનની બોલિંગ એક્શન પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. તેણે બોલિંગ કરી અને 2 ટેસ્ટમાં 16 વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયાએ સિરીઝ 2-0થી જીતી હતી. મેથ્યુ કુહનેમને 2022માં શ્રીલંકા સામેની ODI મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.

કુહનેમેનની બોલિંગની તપાસ બ્રિસ્બેનના નેશનલ ક્રિકેટ સેન્ટર ખાતે કરવામાં આવી હતી. ટેસ્ટ દરમિયાન, તેને ગાલે ખાતેની બીજી ટેસ્ટ દરમિયાન ગતિએ બોલિંગ કરવાનું કહેવામાં આવ્યું. જે બાદ તેને ફરીથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમવાની મંજૂરી આપવામાં આવી. મેટ 2017માં ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ પછી 124 પ્રોફેશનલ મેચ રમી ચૂક્યો છે. તે 2022માં ODI અને 2023માં ટેસ્ટડેબ્યૂ કરશે.

## યુઝવેન્દ્ર ચહલનાસાથે અણબનાવ બાદ ધનશ્રીએ કર્યો કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી તા 28

ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલના છૂટાછેડાના સમાચાર ઘણા સમયથી ચર્ચામાં છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંનેના છૂટાછેડા થઈ ગયા છે. પરંતુ બંનેએ આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી. પરંતુ તે બંને સોશિયલ મીડિયા પર ક્રિપ્ટિક પોસ્ટ્સ પોસ્ટ કરતા રહે છે. આ દરમિયાન હવે ધનશ્રીએ મહાશિવરાત્રી પર પોસ્ટ કરી છે, જેની સાથે તેને એક મજબૂત સંદેશ પણ શેર કર્યો છે. ધનશ્રીએ શૂટના ફોટા શેર કર્યા છે જેમાં ક્યારેક તે ચા પી રહી છે તો ક્યારેક તે કારમાં બેઠી છે. ક્યારેક તે ઠંડીથી બચતી પણ જોવા મળે છે. ફોટા શેર કરતા ધનશ્રીએ લખ્યું છે કે 'ભગવાન શિવના આશીર્વાદથી, હું રોકાવાની નથી.' હું મજબૂત અને નિર્ભય અનુભવું છું. તમારા માટે ડાયરીઝ લગ્ન કર્યા. તેમના છૂટાછેડાના સમાચાર ત્યારે ચર્ચામાં આવ્યા જ્યારે ધનશ્રીએ ઈન્સ્ટાગ્રામ પરથી ચહલ અટક દૂર કરી દીધી.

# ચેમ્પિયન્સ ટ્રોફી: ઈજાગ્રસ્ત રોહિતે પ્રેક્ટિસ ન કરી

## ગિલ પણ હાજર ન રહ્યો; ભારત 2 માર્ચે ન્યૂઝીલેન્ડ સામે ટકરાશે

(એજન્સી) નવી દિલ્હી તા 28



ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ બુધવારે સાંજે દુબઈમાં આયોજિત પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો ન હતો, જોકે તે ટીમ સાથે મેદાન પર હાજર હતો. તે જ સમયે, વાઈસ કેપ્ટન શુભમન ગિલ ખરાબ તબિયતને કારણે મેદાન પર આવ્યો નહોતો. જોકે, રોહિત અને ગિલ અંગે ટીમ ઈન્ડિયા તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ભારતીય ટીમે બુધવારે પ્રેક્ટિસ કરી ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની છેલ્લી લીગ મેચ 2 માર્ચ, રવિવારના રોજ દુબઈના ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમવાની છે. ટીમ ઈન્ડિયાએ બુધવારે રાત્રે ICC એકેડેમીમાં ફ્લડલાઈટ હેઠળ ત્રણ કલાક પ્રેક્ટિસ કરી. વિરાટ કોહલીએ નેટમાં સખત પ્રેક્ટિસ કરી, જ્યારે મોહમ્મદ શમી પણ સંપૂર્ણ લયમાં બોલિંગ કરતો જોવા મળ્યો. બોલિંગ કોચ મોર્ને મોર્કેલ અંગત કારણોસર ઘરે ગયા બાદ ટીમમાં પરત ફર્યો છે. બુધવારે દુબઈના ICC એકેડેમી ગ્રાઉન્ડ પર ટીમ ઈન્ડિયાએ ફ્લડલાઈટ હેઠળ ત્રણ કલાક પ્રેક્ટિસ કરી. બુધવારે દુબઈના ICC એકેડેમી ગ્રાઉન્ડ પર ટીમ ઈન્ડિયાએ ફ્લડલાઈટ હેઠળ ત્રણ કલાક પ્રેક્ટિસ કરી. પાકિસ્તાન સામેની મેચમાં રોહિત ઘાયલ થયો હતો

રોહિત શર્મા 23 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે રમાયેલી બીજી લીગ મેચમાં ઘાયલ થયો હતો. પાકિસ્તાનની ઈનિંગ્સ દરમિયાન તે થોડા સમય માટે ડ્રેસિંગ રૂમમાં ગયો, પણ પછી મેદાનમાં પરતછો ફર્યો. ભારતના 242 રનના સફળ ચેઝ દરમિયાન રોહિતે પણ બેટિંગ કરી. તેણે 15 બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 20 રન બનાવ્યા. રોહિત પ્રેક્ટિસ સેશન દરમિયાન બહારથી બીજા ખેલાડીઓને બેટિંગ કરતા જોતો રહ્યો. એવું માનવામાં આવે છે કે તે 2 માર્ચે ન્યૂઝીલેન્ડ સામે ભારતની ત્રીજી લીગ મેચ પહેલા તેની ઈજા વધુ ખરાબ ન થાય તે માટે સાવચેતી રાખી રહ્યો છે. જેથી તે 4 માર્ચે સેમિફાઈનલમાં રમી શકે. જો ભારત ફાઈનલમાં પહોંચે છે (9 માર્ચ) તો તે પણ તેમાં રમી શકીએ છીએ.

ન્યૂઝીલેન્ડ સામે રોહિત આરામ લઈ શકે છે

ભારત પહેલાથી જ બે લીગ મેચ જીતીને સેમિફાઈનલમાં પહોંચી ગયું છે. આવી સ્થિતિમાં, રોહિતે તેની હેમસ્ટ્રિંગની ઈજામાંથી સ્વસ્થ થવા માટે આ મેચમાં આરામ લઈ શકે છે. ભારતે પોતાની પહેલી લીગ મેચમાં બાંગ્લાદેશને અને બીજી લીગ મેચમાં પાકિસ્તાનને હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે.

# ભારતીય ટીમ માટે સારા સમાચાર, ઘાયલ ખેલાડીએ બોલિંગ શરૂ કરી

(એજન્સી) નવી દિલ્હી તા 28

ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી જસપ્રીત બુમરાહે 4 માર્ચના રોજ ચેમ્પિયન ટ્રોફીની સેમિફાઈનલ પહેલા ભારતીય ચાહકો માટે એક ગુડ ન્યુઝ સામે આવ્યા છે. ઈજા બાદ તે પહેલી વખત નેટમાં બોલિંગ કરતા જોવા મળ્યો છે. તે છેલ્લા એક મહિનાથી ક્રિકેટથી દુર હતો. ટીમ ઈન્ડિયા ચેમ્પિયન ટ્રોફીની સેમિફાઈનલમાં પહેલા જ સ્થાન બનાવી ચૂકી છે. હજુ ગ્રુપ સ્ટેજમાં એક મેચ બાકી છે. જે 2 માર્ચના રોજ ન્યુઝીલેન્ડ વિરુદ્ધ રમાશે. ત્યારબાદ ભારતીય ટીમને 4 માર્ચના રોજ દુબઈમાં સેમિફાનલ મેચ રમવાની છે. આ મહત્વની મેચ પહેલા ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ભારતીય ચાહકોને એક ગુડ ન્યુઝ આપ્યા છે.તેમણે બેંગ્લુરુમાં નેશલ ક્રિકેટ એકેડમીમાં બોલિંગ શરુ કરી દીધી છે. બુમરાહે આનો એક વીડિયો પણ શેર કર્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ એવી પણ ચર્ચા થઈ રહી છે કે, શું બુમરાહ સેમિફાઈનલ પહેલા તેની ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી થશે ?



## શું બુમરાહ ટીમ ઈન્ડિયામાં પ્રવેશ કરશે?

જસપ્રીત બુમરાહને પીઠની ઈજાના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થવું પડ્યું હતું. સ્કેન રિપોર્ટ આવ્યા પછી, તેને NCA મોકલવામાં આવ્યો, જ્યાં તેણે BCCI મેડિકલ સ્ટાફની દેખરેખ હેઠળ રિહેબ શરૂ કર્યું. અંદાજે 1 મહિનાથી મેદાનથી દુર રહેલા બુમરાહે હવે નેટમાં બોલિંગ શરુ કરી દીધી છે. વીડિયોમાં તે ખુબ જોશમાં જોવા મળી રહ્યો છે. પરંતુ 4 માર્ચના રોજ રમાનારી ચેમ્પિયન ટ્રોફીની સેમીફાઈનલમાં તેની એન્ટ્રી મુશ્કેલ લાગે છે. કારણ કે, હવે માત્ર 4 દિવસ રહ્યા છે. તો બીસીસીઆઈ તરફથી આવી કોઈ જાણકારી સામે આવી નથી. રિપોર્ટ મુજબ તે 22 માર્ચના રોજ શરુ થનારી આઈપીએલથી કમબેક કરી શકશે.

# ભારત અને પાકિસ્તાન વચ્ચે વધુ 3 મેચ રમાશે

(એજન્સી) નવી દિલ્હી તા 28



ભારત અને પાકિસ્તાન વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ પૂરી થઈ ગઈ છે, પરંતુ આ વર્ષે બંને દેશો વચ્ચે બોલ અને બેટની એક્શન બાકી છે, કારણ કે આ વર્ષના અંતમાં ફરીથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ની મેચ યોજાઈ ગઈ છે. આ મેચ અપેક્ષા મુજબ જ ટીમ ઈન્ડિયા જીતી ગઈ છે. પરંતુ આ વર્ષે બંને દેશો વચ્ચે વધુ ક્રિકેટ મેચ જોવા મળશે. આગામી કેટલાક મહિનામાં બંને દેશોની ક્રિકેટ ટીમો ફરી એક બીજા સાથે મેદાનમાં ટકરાવાની છે. પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામાન્ટ રમાઈ રહી છે અને તેની વચ્ચે એશિયા કપ 2025ને લઈને આ મોટા સમાચાર આવ્યા છે. ક્રિકબઝના અહેવાલ અનુસાર, એશિયન ક્રિકેટ કાઉન્સિલની બેઠકમાં ટૂર્નામેન્ટ માટે સપ્ટેમ્બરની વિન્ડોને મંજૂરી આપવામાં આવી છે.રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે 8 ટીમોની આ ટૂર્નામેન્ટ સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી ચોથા સપ્તાહ વચ્ચે રમાશે. આ દરમિયાન ટીમ ઈન્ડિયા અને પાકિસ્તાન વચ્ચે ફરી ટક્કર જોવા મળશે.2026માં યોજાનાર T20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને આ વખતનો એશિયા કપ પણ આ જ ફોર્મેટમાં રમાશે. આ દરમિયાન, તમામ ટીમોને 4-4 ના બે જૂથોમાં વહેંચવામાં આવશે અને અપેક્ષા મુજબ, ભારત અને પાકિસ્તાનના ગ્રુપ હશે. આવી સ્થિતિમાં ગ્રુપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચોક્કસપણે ટક્કર થશે. જો બંને ટીમ આગલા રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ જાય તો સુપર-4 સ્ટેજમાં પણ તેઓ એકબીજાનો સામનો કરી શકે છે. અહીંથી, પ્રથમ અને બીજા સ્થાને રહેલી ટીમોને ફાઈનલમાં સ્થાન મળશે અને જો ભારત અને પાકિસ્તાન સુપર-4માં ટોચના 2 સ્થાનો પર રહેશે તો તેઓ ત્રીજી વખત ફાઈનલમાં સામસામે આવી શકે છે.આ ટુર્નામેન્ટનું એક મહત્વનું પાસું એ છે કે તેનું આયોજન તટસ્થ સ્થળે કરવામાં આવશે. વાસ્તવમાં, આ વખતે એશિયા કપનું આયોજન BCCI કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ ટૂર્નામેન્ટ ભારતમાં રમવી જોઈએ.

# ફખર ઝમાન લેશે સંન્યાસ! ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થવા પર આપી પ્રતિક્રિયા

(એજન્સી) પાકિસ્તાન તા 28



ફખર ઝમાને શેર કરી પોસ્ટ ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ના પહેલા રાઉન્ડમાંથી બહાર થવાના દર્દમાંથી પાકિસ્તાન ક્રિકેટ ટીમ હજુ બહાર થઈ નથી કે તેને વધુ એક મોટો ઝટકો પડી શકે છે. પાકિસ્તાનના સ્ટાર બેટરે પાકિસ્તાની ટીમની ચિંતા વધારી છે. પાકિસ્તાનના સ્ટાર બેટરે ફખર ઝમાને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે, જેના પછી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે તે નિવૃત્તિ લેવાનો છે. તમને ચેમ્પિયન્સ ટ્રોફી ટીમનો ભાગ હતો, પરંતુ પહેલી મેચમાં ઈજાને કારણે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

પાકિસ્તાનના ઓપનર ફખર ઝમાન ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો હતો પરંતુ મીડિયા રિપોર્ટ મુજબ તે નિવૃત્તિ લેવાનું વિચારી રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ 34 વર્ષીય ફખરે હવે નિવૃત્તિ લેવાનું મન બનાવી લીધું છે. પરંતુ ફખરે હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ કરી નથી, પરંતુ તેને સોશિયલ મીડિયા પર કંઈક એવું લખ્યું છે જેનાથી તેની નિવૃત્તિના સમાચારને વેગ મળ્યો છે.

પાકિસ્તાનના સ્ટાર ક્રિકેટર ફખર ઝમાને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું કે, સૌથી મોટા મંચ પર પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરવું એ આ દેશના દરેક ક્રિકેટર માટે એક સ્વપ્ન જેવું છે અને તે એક સન્માનની વાત છે. મને ગર્વ છે કે મને ઘણી વખત પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરવાનો લહાવો મળ્યો છે. કમનસીબે હું હવે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયો છું.

# મેદાનમાં ઘૂસ્યો યુવક, અફઘાનના ખેલાડીનો કોલર પકડી લીધો...

(એજન્સી) કરાંચી તા 28



આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થા પર ખૂબ સવાલ ઊભા થઈ રહ્યાં છે. બાંગ્લાદેશની સામે મેચ દરમિયાન એક ચાહક રચિન રવિન્દ્રના ગળે મળ્યો હતો. અફઘાનિસ્તાનની ટીમ જ્યારે ઈંગ્લેન્ડની સામે જશ્ન મનાવી રહી હતી. ત્યારે મેદાનથી ભાગીને આવેલો એક ચાહક સીધો ખેલાડીની પાસે આવ્યો અને તેનો કોલર પકડી લીધો. આ ઘટનાની તસવીર ખૂબ વાઈરલ થઈ તો પાકિસ્તાનની સિક્યોરિટી પર પણ સવાલ ઊભા થઈ રહ્યાં છે. લાહોરના મેદાનમાં અફઘાનિસ્તાને ઈંગ્લેન્ડની સામે પહેલા રમતાં 325 રનનું વિશાળ ટોટલ બનાવ્યું. તેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમે જ્યારે આઠ રનથી જીત નોંધાવી તો એક ચાહક મેદાનમાં ભાગતા સીધો અફઘાની ખેલાડીઓની વચ્ચે જતો રહ્યો. આ દરમિયાન ખેલાડીઓથી જ્યારે ચાહકને અલગ કરવામાં આવી રહ્યો હતો તો તેણે અફઘાનિસ્તાનના એક ખેલાડીનો કોલર પકડી લીધો જ્યારે બાદમાં તેને પાકિસ્તાનના સિક્યોરિટી ગાર્ડ મેદાનથી ઘસેડીને બહાર લઈ ગયા. આ ઘટનાની તસવીરો સામે આવી તો સમગ્ર દુનિયાના ચાહકો પાકિસ્તાનની સિક્યોરિટીનું મજાક બનાવી રહ્યાં છે. આ પહેલા ન્યૂઝીલેન્ડનો રચિન રવિન્દ્ર જ્યારે બાંગ્લાદેશની સામે બેટિંગ કરી રહ્યો હતો. ત્યારે સુરક્ષા તોડીને એક ચાહક મેદાનમાં ઘૂસ્યો અને બાદમાં તેનું કનેક્શન આતંકી જૂથ સાથે નીકળ્યું. આ ચાહકે રચિનને પાછળથી પકડવાનો પ્રયત્ન પણ કર્યો હતો.

# ભારતીય કોર્પોરેટ T20 બેશ, અંતિમ સ્તરના વ્યાપારી કોર્પોરેટ ક્રિકેટ લીગે તેની પ્રારંભિક સિઝન અગાઉ જર્સી અને લોગો લોન્ચ કર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28



ભારતીય કોર્પોરેટ T20 બેશ (ICBT20), ટોચના પ્રદર્શન કરનારા યુવા કોર્પોરેટ ખેલાડીઓ માટેની એક નવી અને વ્યાપારીક T20 વાર્ષિક ક્રિકેટ લીગ, આજે દિલ્હી માં સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવી. Now & Eminence Netrasup India દ્વારા આયોજિત આ લીગે તેની પ્રારંભિક સિઝન માટે જર્સી અને લોગો અનાવરણ કર્યો. દેશભરના કોર્પોરેટ અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓને એકસાથે લાવવા માટે રચાયેલ, ICBT20 બૅશ એક વ્યાવસાયિક રમતગમતનું મંચ પૂરૂ પાડશે, જે કાર્ય-જીવન સંતુલન, આરોગ્ય અને તંદુરસ્તીની મહત્તાને ઉજાગર કરશે. આ અનાવરણ પ્રસંગે ICBT20 ના બ્રાન્ડ એમ્બેસેડર, ભૂતપૂર્વ દક્ષિણ આફ્રિકન ક્રિકેટર હર્ષેલ ગિબ્સ, અભિનેતા સ સુદ અને ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના મહાનિર્દેશક અને ઈન્ટરનેશનલ કબડ્ડી ફેડરેશનના અધ્યક્ષ તેમજ ઈ-સ્પોર્ટ્સ ઈન્ડિયાના પ્રમુખ વિનોદકુમાર તિવારીની ઉપસ્થિતિ રહી. આ ઈવેન્ટમાં હાજર અન્ય પ્રખ્યાત વ્યક્તિઓમાં ICBT20 બૅશ લીગના ટોચના મેન્ટોર્સનો સમાવેશ થતો હતો, જેમાં તિલકરત્ને દિલશાન (પૂર્વ શ્રીલંકન ક્રિકેટર), જેસી રાઈડર (પૂર્વ ન્યૂઝીલેન્ડ ક્રિકેટર), કીથ ઈન્ગ્રામ (પૂર્વ દક્ષિણ આફ્રિકન ક્રિકેટર), ધમ્મિકા પ્રસાદ (પૂર્વ શ્રીલંકન ક્રિકેટર), જેરોમ ચિનિયા (પૂર્વ દક્ષિણ આફ્રિકન ક્રિકેટર) અને મુખ્ય સ્ટીયરિંગ કમિટીના સભ્યોનો સમાવેશ થાય છે, જેમાં વસીમ જાફર (પૂર્વ ભારતીય ક્રિકેટર અને કોચ), સુખવિંદર સિંહ (પૂર્વ ભારત A અને રણજી ટ્રોફી ખેલાડી), નીલેશ મિત્તલ (પૂર્વ રણજી ટ્રોફી ખેલાડી અને સ્પોર્ટ્સ બિઝનેસ ઉદ્યોગપતિ) અને રાજીવ કુમાર (ડિરેક્ટર અને CEO, એમિનેન્સ નેટ્રાસપ ઈન્ડિયા) શામેલ છે.

# વર્લ્ડ ચેમ્પિયન બોક્સરનું પણ દહેજ ઉત્પીડન, એક કરોડ અને મોંઘી કાર મામલે મામલો બગડ્યો

(એજન્સી) હરિયાણા તા 28

હરિયાણાની વર્લ્ડ ચેમ્પિયન બોક્સર સ્વીટી બૂરા અને તેના પતિ ભારતીય કબડ્ડી ટીમના પૂર્વ કેપ્ટન દીપક હુડ્ડાના લગ્ન તૂટવાના આરે છે. સ્વીટી બૂરા દહેજ ઉત્પીડનનો ભોગ બની છે. બૂરાનો આરોપ છે કે, હુડ્ડાએ ફોર્ચ્યુનર અને 1 કરોડ રૂપિયાની માગ કરી છે. બીજી તરફ હુડ્ડાએ સ્વીટી અને તેના પરિવાર પર પોતાની મિલકત હડપવાનો અને તેને મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે. બંનેએ રોહતક અને હિસાર પોલીસ સ્ટેશનમાં એકબીજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બૂરાએ કોર્ટમાં ખર્ચ અને ડિવોર્સનો કેસ પણ દાખલ કરી દીધો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. તાજેતરમાં જ બૂરાને અર્જૂન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. વર્ષ 2020માં હુડ્ડાને પણ અર્જૂન એવોર્ડ મળ્યો હતો. મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકી હિસારના એસપી શશાંક કુમાર સાવને જણાવ્યું કે, હુડ્ડાને નોટિસ આપીને તપાસમાં જોડાવા માટે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ ન આવ્યા. હિસાર પોલીસને આપેલી ફરિયાદમાં બૂરાએ જણાવ્યું કે, મારા લગ્ન 7 જુલાઈ, 2022ના રોજ હુડ્ડા સાથે થયા હતા.

# બાબર આઝમને સુનિલ ગાવસ્કરે ફોર્મમાં પાછા ફરવા આપ્યો ગુરુમંત્ર

(એજન્સી) કરાંચી તા 28

પાકિસ્તાન ટીમના પૂર્વ કેપ્ટન બાબર આઝમે છેલ્લી ઓડીઆઈ સદી ઓગસ્ટ 2023માં નેપાળ સામે ફટકારી હતી. આ પછી, તેણે 23 ઈનિંગ્સમાં 7 ફિફ્ટી ફટકારી, પરંતુ તેની ચપળતા પહેલા કરતા ઓછી હતી. તેનું અલગ-અલગ ફોર્મેટમાં અલગ-અલગ પ્રદર્શન જોવા મળ્યું છે. તેમજ ચેમ્પિયન્સ ટ્રોફી 2025 રમતી વખતે, બાબર ફિફ્ટી ફટકારતો જોવા મળ્યો હતો, પરંતુ તેની ખૂબ જ ધીમી બેટિંગના કારણે ખૂબ જ ટીકા થઈ રહી છે. એવામાં હવે ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે બાબરને ખાસ ગુરુમંત્ર આપ્યો છે. બાબર આઝમનું ફોર્મ અને રનરેટ ટીકાકારોના નિશાના પર

વાસ્તવમાં, પાકિસ્તાનને 1996 પછી પ્રથમ વખત ઘરઆંગણે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવાનો મોકો મળ્યો, જ્યાં ન્યૂઝીલેન્ડે તેને પહેલી જ મેચમાં 60 રનથી હરાવ્યું. આ પછી, ભારતીય ટીમે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું અને રિઝવાનની સેના આ રીતે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ. જેના કારણે પાકિસ્તાની ખેલાડીઓની ટીકા થઈ રહી છે. ખાસ કરીને બાબર આઝમનું ફોર્મ અને તેનો રનરેટ આ સમયે ટીકાકારોના નિશાના પર છે. આ દરમિયાન ભારતીય દિગ્ગજ સુનિલ ગાવસ્કરે તેમની મદદ માટે અવાજ ઉઠાવ્યો હતો.ગાવસ્કરે પોતાની યુટ્યુબ ચેનલ પર પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર બાસિત અલી સાથે વાત કરતા બાબરને સૂચન આપ્યું હતું અને કહ્યું હતું કે, 'બાબરે ODI ક્રિકેટમાં ઓપનિંગ ન કરવું જોઈએ. તેના બદલે તેણે ત્રીજા નંબર પર આવવું જોઈએ. તેમજ બાબર આઝમે ક્રિઝ પર ઊભા રહેવાની રીત બદલવી જોઈએ. તેઓએ તેમના પગ વચ્ચેની પહોળાઈ ઘટાડવી જોઈએ. આનાથી સંતુલન સુધરશે અને બોલને જોવાનું સરળ બનશે.' વધુમાં બાસિતે કહ્યું કે, 'બાબરે અત્યાર સુધી ટ્રાઈ સીરિઝમાં ઓપનિંગ કર્યું છે. તો શું તમને લાગે છે કે બાબર માટે ઓપનિંગમાં આવવું યોગ્ય નિર્ણય છે?'

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 01-03-2025

## પાંચ દેશોના આ ગ્રુપમાં દુનિયાના ખતરનાક જાસૂસ

# ટ્રમ્પ કેનેડાને જાસૂસી ગેંગમાંથી કાઢવા મક્કમ

(એજન્સી) વોશિંગ્ટન તા 28

ન્યુઝીલેન્ડની ટીમ પાકિસ્તાનના પ્રવાસે ગઈ હતી. બંને દેશો વચ્ચે રાવલપિંડીમાં એક ODI મેચ યોજાવાની હતી. મેચ શરૂ થાય તેના થોડી મિનિટો પહેલા, ન્યુઝીલેન્ડની ટીમે મેદાનમાં ન ઉતરવાની જાહેરાત કરી. થોડા કલાકો પછી, તેમણે પોતાનો સામાન પેક કર્યો અને પાકિસ્તાન છોડી દીધું. પાકિસ્તાનથી લઈને આંતરરાષ્ટ્રીય મીડિયા સુધી, ન્યુઝીલેન્ડના આ નિર્ણયથી બધા આશ્ચર્યચકિત થઈ ગયા. 48 કલાક પછી, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધિકારી વસીમ ખાને જણાવ્યું કે ન્યુઝીલેન્ડને 'ફાઈવ આઈઝ' તરફથી સુરક્ષા ચેતવણી મળી હતી. આમાં આતંકવાદી હુમલાનો ભય વ્યક્ત કરવામાં આવ્યો હતો. આજે, 4 વર્ષ પછી, ફાઈવ આઈઝ ફરી એકવાર સમાચારમાં છે. વાસ્તવમાં, યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ કેનેડાને 5 દેશોના ગુપ્તચર જૂથ 'ફાઈવ આઈઝ'માંથી દૂર કરવાની યોજના બનાવી રહ્યા છે.



### ફાઈવ આઈઝ 5 દેશોથી બન્યું છે

નામ પરથી જ સ્પષ્ટ છે કે, તે પાંચ દેશોનું સંગઠન છે. તેના સભ્યો એકબીજા સાથે ગુપ્ત માહિતી શેર કરે છે અને ઘણા કિસ્સાઓમાં સાથે મળીને કામ પણ કરે છે. આમાં અમેરિકા અને તેના સાથી દેશો કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનો સમાવેશ થાય છે. ફાઈવ આઈઝને વિશ્વનું સૌથી શક્તિશાળી ગુપ્તચર નેટવર્ક પણ માનવામાં આવે છે. આ ગઠબંધનનો સૌથી મોટો ઉદ્દેશ્ય આતંકવાદને રોકવાનો અને રાષ્ટ્રીય સુરક્ષા માટે કામ કરવાનો છે.

### જર્મની-જાપાનને રોકવા માટે ફાઈવ આઈઝ શરૂ કરવામાં આવ્યું હતું

ફાઈવ આઈઝ એલાયન્સ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શરૂ થયું હતું. 1943માં અમેરિકા અને બ્રિટન વચ્ચે બ્રિટિશ-યુએસ કોમ્યુનિકેશન્સ ઈન્ટેલિજન્સ એગ્રીમેન્ટ (BRUSA) પર હસ્તાક્ષર થયા હતા. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે બંને દેશોના કોડ-બ્રેકર્સ જર્મની અને જાપાનના કોમ્યુનિકેશન કોડ તોડવા માટે સાથે મળીને કામ કરશે. બંને દેશોએ એકબીજા સાથે ગુપ્ત માહિતી શેર કરવાનું શરૂ કર્યું. યુદ્ધમાં પણ તેને આનો ફાયદો મળ્યો. યુદ્ધ જીત્યા પછી, અમેરિકા અને બ્રિટને આ જોડાણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો.

### ફાઈવ આઈઝમાં 20થી વધુ એજન્સીઓ સામેલ

ફાઈવ આઈઝ એલાયન્સ દેશો તેમના ભાગીદારોના હિતોને ધ્યાનમાં રાખીને કામ કરે છે અને એકબીજા માટે ગુપ્ત માહિતી પૂરી પાડે છે. બધા સભ્ય દેશોની 20થી વધુ એજન્સીઓ તેની સાથે સંકળાયેલી છે. આ જોડાણ ઘણા દાયકાઓ સુધી ગુપ્ત રીતે કામ કરતું રહ્યું. જર્નલ ઓફ કોલ્ડ વોર સ્ટડીઝમાં પ્રકાશિત થયેલા એક લેખ મુજબ, ગફ વ્હિટલામ 1972માં ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન બન્યા. એક વર્ષ પછી તેને ખબર પડી કે ફાઈવ આઈઝ નામનું એક જોડાણ પણ અસ્તિત્વમાં છે.

## હમાસને 2 અબજ ડોલર અને લશ્કરને અમેરિકા પાસેથી મોટું ફંડ

(એજન્સી) વોશિંગ્ટન તા 28

યુએસ કોંગ્રેસે આતંકવાદી-નિયુક્ત જૂથો સાથે યુએસએઆઈડીના કથિત સંબંધો પર પ્રશ્નો ઉઠાવ્યા છે અને કહ્યું છે કે બાઈડેન વહીવટ દરમિયાન આતંકવાદી જૂથોને લાખો ડોલરની સહાય આપવામાં આવી હતી. વાસ્તવમાં, ખર્ચ ઘટાડવા માટે, ટ્રમ્પે DOGE (ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ એફિશિયન્સી) નામનું એક અલગ મંત્રાલય બનાવ્યું છે. DOGE એ કહ્યું હતું કે તે USAID હેઠળ વિશ્વના દેશોને આપવામાં આવેલી 723 મિલિયન ડોલરની રકમ રદ કરી રહ્યું છે. મતલબ કે હવે આ દેશોને આવી કોઈ રકમ નહીં મળે. બાઈડેનના શાસન દરમિયાન આતંકવાદી જૂથોને મળેલી મદદ અંગે DOGE અને યુએસ ફેડરલ કર્મચારીઓ પર રચાયેલી સમિતિ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન લેવામાં આવેલી જુબાની અનુસાર, બિડેન વહીવટ હેઠળ 7 ઓક્ટોબર, 2023 થી હમાસને મદદ કરવા USAID દ્વારા $2 બિલિયનથી વધુ મોકલવામાં આવ્યા હતા. રિપોર્ટ અનુસાર, USAID એ ભારત વિરોધી સંગઠનને નાણાકીય મદદ કરી હતી જેને યુએસ સરકાર દ્વારા આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કરવામાં આવી છે. તેણે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા (LeT) ની ફ્રન્ટ સંસ્થા ફલાહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશન (FIF)ને નાણાકીય સહાય પૂરી પાડી હતી. લશ્કર એ જ આતંકવાદી સંગઠન છે જેણે 26/11ના મુંબઈ હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં 166 લોકો માર્યા ગયા હતા અને 300 થી વધુ ઘાયલ થયા હતા. DOGE એ પહેલેથી જ દાવો કર્યો છે.

## ઈઝરાયેલમાં હુમલાખોરે 10 લોકોને કારથી કચડ્યા: 2 પોલીસકર્મીઓને ચાકુ માર્યા

(એજન્સી) હાઈફા તા 28

ગુરુવારે, એક હુમલાખોરે ઈઝરાયલી શહેર હાઈફામાં કારકુર બસ સ્ટોપ પર ઉભેલા લોકો પર પોતાની કાર ચઢાવી દઈને કચડ્યા હતા. આ હુમલામાં 3 મહિલાઓ સહિત 10 લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લોકોને માર્યા પછી, હુમલાખોરે બે પોલીસ અધિકારીઓ પર છરીથી હુમલો કર્યો. આ પછી તે ઘટનાસ્થળેથી ભાગી ગયો. જોકે, બાદમાં પોલીસે તેની ધરપકડ કરી હતી.

પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે આ આતંકવાદી હુમલો છે. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે આ આતંકવાદી હુમલો છે. ઈઝરાયલી સુરક્ષા એજન્સી શિન બેટના જણાવ્યા અનુસાર, હુમલાખોર પેલેસ્ટિનિયન છે. તે ઈઝરાયલમાં રહેતો હતો અને તેનો અગાઉ કોઈ ગુનાહિત રેકોર્ડ નહોતો.



ઈઝરાયલના પોલીસ અધિકારી મેગેન ડેવિડ એડોમે જણાવ્યું હતું કે તેમની ટીમે ઘટના સ્થળે 10 ઘાયલ લોકોની સારવાર કરી હતી, જેમાં એક 17 વર્ષની છોકરીનો પણ સમાવેશ થાય છે જેની હાલત ગંભીર હતી. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, શંકાસ્પદ 'જેનિન વિસ્તારનો 53 વર્ષીય પેલેસ્ટિનિયન હતો, જે ગેરકાયદેસર રીતે ઈઝરાયલમાં આવ્યો હતો અને ઈઝરાયલી નાગરિક સાથે લગ્ન કર્યા હતા. પ્રાથમિક તારણો દર્શાવે છે કે તેણે ઈરાદાપૂર્વક બસ સ્ટોપ પર રાહ જોઈ રહેલા નાગરિકોને નિશાન બનાવ્યા હતા.' જો કે અન્ય મીડિયા રિપોર્ટ્સના દાવા અનુસાર, હુમલાખોર 24 વર્ષનો હોવાનું જણાવાયું છે. ઈઝરાયલી સૈન્ય દ્વારા 'Iron Wall' તરીકે ઓળખાતી આ કાર્યવાહી ગાઝામાં યુદ્ધવિરામ લાગુ થયાના થોડા દિવસો પછી કરવામાં આવી હતી અને જેનિન, તુલ્કરેમ અને તુબાસ શહેરો નજીકના અનેક શરણાર્થી શિબિરોમાં ફેલાયેલી છે. જેનિન શરણાર્થી શિબિરને માનવામાં આવે છે પેલેસ્ટિનિયન આતંકવાદનો ગઢ જેનિનના છે, શરણાર્થી શિબિરને લાંબા સમયથી પેલેસ્ટિનિયન આતંકવાદનો ગઢ માનવામાં આવે છે જેને ઈઝરાયલ વર્ષોથી નાબૂદ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## ભારતીય વિદ્યાર્થીઓ માટે બનશે 'ગોલ્ડ કાર્ડ', ટ્રમ્પે પોતે જ જણાવી ફૂલપ્રૂફ યોજના

(એજન્સી) વોશિંગ્ટન તા 28

ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનો ઘણીવાર હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં ટ્રમ્પે ગોલ્ડ કાર્ડ લોન્ચ કરવાની વાત કરી છે. આ હેઠળ, તમે 43 કરોડ રૂપિયા ચૂકવીને અમેરિકાના કાયમી નાગરિક બની શકો છો. તે હાલના EB-5 વિઝા પ્રોગ્રામનું સ્થાન લેશે. તે ભારતીય સ્નાતકો અને રોકાણકારો માટે એક નવી તક પણ પૂરી પાડશે. ટ્રમ્પ માને છે કે આ કાર્યક્રમથી અમેરિકાના અર્થતંત્રને ફાયદો થશે. તેનાથી વધુ આવક પણ થશે. ટ્રમ્પે કહ્યું કે આ નવો કાર્યક્રમ અમેરિકન કંપનીઓને ભારતીય સ્નાતકોને નોકરી પર રાખવાની તક આપશે. તેમણે એમ પણ કહ્યું કે વર્તમાન નીતિઓ ભારતીયોને શિક્ષણ પૂર્ણ કર્યા પછી અમેરિકામાં રહેવાથી અટકાવે છે. જ્યારે કોઈ ભારત, ચીન, જાપાન કે અન્ય દેશોમાંથી આવે છે અને હાર્વર્ડ કે વ્હોર્ટન સ્કૂલમાં અભ્યાસ કરે છે. આવી સ્થિતિમાં, તેને નોકરીની ઓફર મળે છે. જોકે, તેને તરત જ કહેવામાં આવે છે કે તે અહીં રહી શકશે નહીં.તેમણે એ પણ સ્વીકાર્યું કે આવા ઘણા સ્નાતકો તેમના દેશોમાં પાછા ફરે છે અને સફળ વ્યવસાયો બનાવે છે, હજારો લોકોને રોજગારી પૂરી પાડે છે. તે ભારત પાછો ફરે છે અથવા પોતાના દેશમાં પાછો જાય છે. તેઓ ત્યાં એક કંપની ખોલે છે અને અબજોપતિ બની જાય છે. આ ઉપરાંત, તેઓ હજારો લોકોને રોજગાર પણ પૂરો પાડે છે.

ટ્રમ્પે કહ્યું કે આ કાર્યક્રમ દ્વારા અમેરિકન સરકારને સારી આવક મળશે.ટ્રમ્પે કહ્યું કે જો આપણે દસ લાખ વેચીએ રકમ રાષ્ટ્રીય દેવું ઘટાડવામાં મદદ કરી શકે છે. આ નવો વિઝા EB-5 વિઝાનું સ્થાન લેશે. આમાં રોકાણકારે ઓછામાં ઓછા $1 મિલિયનનું રોકાણ કરવું પડશે.

## 30 દિવસમાં સેનામાંથી ટ્રાન્સજેન્ડર સૈનિકોને હટાવો : ટ્રમ્પનું વધુ એક ફરમાન

(એજન્સી) અમેરિકા તા 28

ડોનાલ્ડ ટ્રમ્પે યુ.એસ.માં સત્તા સંભાળતાની સાથે જ ઘણા મોટા નિર્ણયો લીધા હતા, જેમાંથી એક યુએસ આર્મીમાં ટ્રાન્સજેન્ડર સૈનિકોને લગતો હતો. ટ્રાન્સજેન્ડર હવે યુએસ આર્મીમાં ભરતી કરી શકશે નહીં. હવે પેન્ટાગોને તાજેતરમાં જ આ મામલે નિવેદન જાહેર કર્યું છે. પેન્ટાગોને કહ્યું છે કે, 'અમેરિકા 30 દિવસની અંદર સેનામાંથી ટ્રાન્સજેન્ડર સૈનિકોને હટાવવાની પ્રક્રિયા શરૂ કરશે. આ નિર્ણય ટ્રાન્સજેન્ડર સૈનિકોને સૈન્ય સેવામાં જોડાવા અથવા ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકે છે.'

30 દિવસની અંદર ટ્રાન્સજેન્ડર સૈનિકોની કરવામાં આવશે ઓળખ મેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગયા મહિને ટ્રાન્સજેન્ડર સૈનિકોની સેવા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. જે બાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું પગલું ભર્યું અને નિર્ણય લીધો કે હવે યુએસ આર્મીમાં ટ્રાન્સજેન્ડર્સની ભરતી આ નિર્ણય પછી, 26 ફેબ્રુઆરી, બુધવારે પેન્ટાગોને એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'અમેરિકાએ સૈનિકોની ઓળખ કરવી પડશે. આ પછી તેમને સૈન્ય સેવામાંથી દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.'

## 3 કલાકમાં 4 દેશોમાં ધ્રૂજી ધરા, નેપાળ, પાકિસ્તાન, તિબેટ, ભારતમાં ભૂકંપ

(એજન્સી) બેઈજિંગ તા 28

ભારત સહિત ચાર દેશોમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. ત્રણ કલાકમાં ભારત, નેપાળ, તિબેટ અને પાકિસ્તાનના ઘણા વિસ્તારોમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. ભારતના પટનાના લોકોએ સવારે 2.35 કલાકે જોરદાર આંચકા અનુભવ્યા, ત્યારબાદ લોકો ઘરની બહાર આવી ગયા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 5.5 નોંધાઈ હતી. નેપાળમાં આવેલા ભૂકંપના ઝટકા બિહારમાં અનુભવાયા નેપાળમાં આવેલા ભૂકંપનાઝટકા બિહારમાંઅનુભવાયા,બિહારના પટનામાં ભૂકંપના આંચકાની અસર દેખાઈ,લોકો અડધી રાત્રે ઘરની બહાર દોડી આવ્યા હતા,પાકિસ્તાનમાં સવારે 5.12 કલાકે 4.5ની તીવ્રતાનો ભૂકંપ,તિબેટમાં પણ 4.1ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો,સદનસીબે ક્યાંયથી કોઈ જાનહાનીના સમાચાર નથી.

નેપાળના બાગમતી પ્રાંતમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર નેપાળના બાગમતી પ્રાંતમાં પણ સવારે 2.35 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેપાળનો બાગમતી પ્રાંત બિહારના મુઝફ્ફરપુરથી 189 કિલોમીટર ઉત્તરમાં આવેલું છે. આ ભૂકંપમાં જાનમાલના નુકસાનની હજુ સુધી કોઈ માહિતી નથી. આ આંચકા માત્ર નેપાળમાં જ નહીં પરંતુ પાડોશી દેશ તિબેટમાં પણ અનુભવાયા હતા.

પાકિસ્તાનમાં ધરતી હચમચી પાકિસ્તાનમાં પણ સવારે 5.14 વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકો ઘરની બહાર આવી ગયા હતા. ભૂકંપની તીવ્રતા 4.5 હતી. આ પહેલા 16 ફેબ્રુઆરીએ પણ પાકિસ્તાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારબાદ ભૂકંપનું કેન્દ્ર રાવલપિંડીથી આઠ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં હતું. ભૂકંપના કારણે કોઈ નુકસાનના સમાચાર નથી.

આ પહેલા શુક્રવારે સવારે 2.48 કલાકે તિબેટમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા

આ પહેલા શુક્રવારે સવારે 2.48 કલાકે તિબેટમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા અને રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 4.1 હતી. અહીં પણ આ સમયગાળા દરમિયાન કોઈ જાન-માલનું નુકસાન થયું નથી. આ ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીથી 70 કિલોમીટરની ઉંડાઈએ હતું. ભૂકંપ શા માટે અને કેવી રીતે થાય છે? ભૂકંપને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેકટોનિક પ્લેટો પર સ્થિત છે. તેની નીચે પ્રવાહી લાવા છે અને તેના પર ટેક્ટોનિક પ્લેટો તરે છે. ઘણી વખત આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. વારંવાર અથડામણને કારણે, કેટલીકવાર પ્લેટોના ખૂણાઓ વળે છે અને જ્યારે ખૂબ દબાણ હોય છે, ત્યારે આ પ્લેટો તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં, નીચેથી આવતી ઊર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે. જ્યારે આ વિક્ષેપ બનાવે છે, ત્યારે ધરતીકંપ થાય છે. રિક્ટર મેગ્નિટ્યુડ સ્કેલ 1 થી 9 સુધીનો છે ભૂકંપની તીવ્રતા તેના કેન્દ્ર એટલે કે એપી સેન્ટર પરથી માપવામાં આવે છે. એટલે કે તે કેન્દ્રમાંથી નીકળતી ઉર્જા આ સ્કેલ પર માપવામાં આવે છે. 1 એટલે ઓછી તીવ્રતાની ઊર્જા બહાર આવી રહી છે. 9 એટલે સર્વોચ્ચ. ખૂબ જ ભયાનક અને વિનાશક તરંગ. તેઓ દૂર જતાં નબળા બની જાય છે. જો રિક્ટર સ્કેલ પર તીવ્રતા 7 હોય.

## 'અમને ઉત્પાદક લોકો જોઈએ છે'; યુએસ કંપનીઓ ભારતીયોને નોકરીએ રાખે

(એજન્સી) વોશિંગ્ટન તા 28

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે અમેરિકન કંપનીઓ હવે નવા પ્રસ્તાવિત 'ગોલ્ડ કાર્ડ' નાગરિકતા પહેલ હેઠળ યુએસ યુનિવર્સિટીમાંથી ભારતીય સ્નાતકોને નોકરીએ રાખી શકે છે. આ પગલું, ભારતીય વિદ્યાર્થીઓ માટે નોંધપાત્ર પ્રોત્સાહન તરીકે જોવામાં આવે છે, તે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવારે 'ગોલ્ડ કાર્ડ' ના અનાવરણને અનુસરે છે કે જે શ્રીમંત વિદેશી રોકાણકારો માટે $5 મિલિયનનું રોકાણ કરવા ઈચ્છુક યુએસ નાગરિકત્વનો માર્ગ છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે એક વ્યક્તિ ભારત, ચીન, જાપાન એમ ઘણી બધી અલગ-અલગ જગ્યાઓથી આવે અમેરિકા આવે છે અને તેઓ હાર્વર્ડ, વ્હાર્ટન સ્કૂલ ઑફ ફાઈનાન્સમાં જાય છે, તેઓ યેલ જાય છે, તેઓ તમામ મોટી શાળાઓ અને યુનિવર્સિટીમાં જાય છે. તેઓ તેમના વર્ગમાં પ્રથમ નંબરે સ્નાતક થાય છે અને તેઓને નોકરીની ઑફર થાય છે, પરંતુ ત્યારબાદ ઑફરો તરત જ રદ કરવામાં આવી હતી કારણ કે તેમને ખબર નથી કે તે વ્યક્તિ દેશમાં રહી શકે છે કે નહીં. ત્યારે આ મુદ્દાને ઉકેલવા માટે, યુએસ પ્રમુખ ગોલ્ડ કાર્ડ સિસ્ટમ સાથે આવ્યા. ટ્રમ્પે કહ્યું કે કોઈ કંપની ગોલ્ડ કાર્ડ ખરીદી શકે છે અને તેનો ઉપયોગ આ ભરતી સંદર્ભે કરી શકે છે. ટ્રમ્પે ઉમેર્યું હતું કે જો કોઈ વ્યવસાય યુ.એસ.માં હોય, તો તેને કોઈ ટેરિફ ચૂકવવાની જરૂર નથી. જેઓ બહાર કામ કરે છે તેઓએ ટેરિફ ચૂકવવા પડશે. જો તમે દેશમાં જ હોવ તો, કોઈ ટેરિફ લાગુ નથી. જો તમે દેશની બહાર હોવ તો તમારે ટેરિફ ચૂકવવા પડશે અને તે એક મહાન રોકાણ હશે. મને લાગે છે કે તે મને જાણ કરે છે કે તે એક મહાન રોકાણ હશે પરંતુ આપણે દેશમાં લોકોને મેળવવા માટે સક્ષમ બનવું પડશે. ઉપરાંત ટ્રમ્પે કહ્યું કે તેઓ યુ.એસ.માં "ઉત્પાદક" લોકો ઈચ્છે છે, અને તે USD 5 મિલિયનથી નોકરીઓનું સર્જન કરશે અને યુએસ દેવું ચૂકવશે. હું ઈચ્છું છું કે આવા વ્યક્તિ દેશમાં રહી શકે અને આ કંપનીઓમાં જઈ શકે છે અને ગોલ્ડ કાર્ડ ખરીદી શકે છે. એટલે કે તેઓ તેનો ભરતીની બાબત તરીકે ઉપયોગ કરી શકે છે. તે જ સમયે, કંપની તે નાણાંનો ઉપયોગ દેવું ચૂકવવા માટે કરી રહી છે જે અમે જઈ રહ્યા છીએ અમે તેનાથી ઘણું દેવું ચૂકવવા જઈ રહ્યા છીએ, અને મને લાગે છે કે ગોલ્ડ કાર્ડનો ઉપયોગ ફક્ત તેના માટે જ નહીં થાય. મારો મતલબ, તેનો ઉપયોગ કંપનીઓ દ્વારા કરવામાં આવશે," ટ્રમ્પે કહ્યું. યુએસ પ્રમુખે ઉમેર્યું હતું કે ઈમિગ્રેશન સિસ્ટમનું યોગ્ય રીતે મુદ્રીકરણ કરવામાં આવ્યું નથી. તેમણે એવી કંપનીઓની દુર્દશા પર પણ શોક વ્યક્ત કર્યો કે જેઓ બિન-અમેરિકન વિદ્યાર્થીઓને નોકરીએ રાખવા માંગે છે.


## ટ્રમ્પે ૯૦ ટકા કોન્ટ્રેકટસ રદ કરી 60 અબજ ડોલર મૂલ્યની મદદ અટકાવી

વોશિંગ્ટન : યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટના વિદેશમાં મદદના કુલ કોન્ટ્રેકટસમાંથી ૯૦ ટકાથી વધુ રદ કરવાનું ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને બુધવારે જાહેર કર્યું હતું. લગભગ ૬૦ અબજ ડોલર જેટલી વિશ્વભરમાં આપવામાં આવતી મદદ ટ્રમ્પ વહીવટીતંત્રે બંધ કરવાનું જાહેર કરતા સરકારી ખર્ચ ઘટાડવાની દિશામાં વધુ એક પગલું ભરાયું છે. એક ફેડરલ કોર્ટ કેસમાં રજૂ કરેલા નિવેદનમાં ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ એઈડમાં જંગી કાપ મૂકવાના નિર્ણય અંગે જણાવ્યું હતું. ઘણા વર્ષોથી અમેરિકા વિદેશમાં મોટા પાયા પર મદદ કસરી પોતાની વગ વધારી રહી હતી તે પોલિસીમાં ફેરફાર કરાયો છે. ૨૦મી જાન્યુઆરીએ ટ્રમ્પે વિદેશમાં મદદની તમામ યોજનાઓની ૯૦ દિવસમાં સમીક્ષા કરવાનો આદેશ આપ્યો હતો. સત્તા સંભાળ્યાના પ્રથમ દિવસે ટ્રમ્પે અમેરિકાની તમામ વિદેશમાં અપાતી મદદના નાણાં પર ૯૦ દિવસની રોક લગાવી હતી. ૫૪ અબજ ડોલર મૂલ્યના ૫૮૦૦ ફોરેન એઈડ કોન્ટ્રેકટસ રદ કરવામાં આવશે. ૪.૪ અબજ ડોલર મૂલ્યની ૪૧૦૦ ગ્રાન્ટ જે યુએસ એઈડ હેઠળ આપવામાં આવતી સહતી તે પણ રદ કરાઈ છે.

# બાંગ્લાદેશમાં ફરી સત્તા પલટ ? મોહમ્મદ યુનુસને કાપવાની તૈયારીમાં ભૂમિ-સેના પ્રમુખ

(એજન્સી) ઢાકા તા 28

બાંગ્લાદેશમાં શેખ હસીનાને પદભ્રષ્ટ કરાયા બાદ અંતરિમ-સરકારે ધૂરા સંભાળી લીધી છે. તેના સૂત્રધાર મોહમ્મદ યુનુસ છે. ગત વર્ષે ઓગષ્ટમાં શેખ હસીનાને દેશ છોડી ભારતમાં રાજ્યાશ્રય લેવો પડયો હતો. તે સમયે દેશમાં વ્યાપક હિંસક તોફાનો થયા હતાં. તે રમખાણો અત્યારે પણ ચાલુ છે. હિન્દુઓ સાથે ખ્રિસ્તીઓ, પારસીઓ અને યહૂદીઓ સહિત તમામ લઘુમતિઓ ઉપર હિંસક હુમલા થઈ રહ્યા છે. દેશમાં કાયદો અને વ્યવસ્થા જેવું કશું રહ્યું નથી. પરિસ્થિતિ તો ત્યાં સુધી વકરી છે કે, જે વિદ્યાર્થી સંગઠનોએ તોફાનો શરૂ કર્યાં હતાં તે વિદ્યાર્થી સંગઠનોમા જ ભાગલા પડી ગયા છે. તેઓ સામ સામે લડી રહ્યા છે. દેશમાં અરાજકતા અને અંધાધૂંધી જેવું વાતાવરણ વ્યાપી રહ્યું છે.



### જન. વકાર-ઉઝ-ઝમાં શેખ હસીનાના નિકટવર્તી મનાય છે

જનરલ વકારે ઢાકામાં આર્મી મેમોરિયલ ઈવેન્ટમાં સંબોધતાં કહ્યું હતું કે, આપણે જો આપસી મતભેદોથી આગળ નહીં વધીએ તો દેશની એકતા અને અખંડિતતા ઉપર ખતરો ઊભો થશે. આપસમાં જ જો લડતા રહીશું તો દેશની એકતા કેમ જળવાઈ શકશે ? આ પરિસ્થિતિ માટે સૌ એક બીજા ઉપર કીચડ ઉડાડી રહ્યા છે. તેનો ફાયદો ઊઠાવી અરાજક તત્વો હિંસક ઘટનાઓ કરી રહ્યાં છે.

### જનરલ વકાર ઉઝ-ઝમાં શેખ હસીનાના નિકટવર્તી મનાય છે.

તેઓ હસીનાના દૂરના સગા પણ છે. શેખ હસીનાએ તેઓને આર્મીના વડા પદે નિયુક્ત કરાવ્યા હતા. તેથી જો સ્થિતિ ન સુધરે તો આર્મી કંટ્રોલ પણ સ્થાપે છે. તેમાં શેખ હસીનાની પાર્ટી આવામી લીગની પણ ભૂમિકા વધી જશે. જો આમ થશે તો બાંગ્લાદેશમા ચિત્ર બદલવાની સંભાવના નકારી પણ શકાય નહીં. તેવે સમયે આર્મીએ ચેતવણી આપી છે કે જો આવી જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો અમારે સત્તા સંભાળી લેવી પડશે. આનો અર્થ તેવો નથી કે, સેના તુર્ત જ સત્તા સંભાળી લે.


## 1200 ઈઝરાયલીની હત્યા, 251ને બંધક બનાવ્યાં, હમાસે કેવી રીતે મચાવી હતી તબાહી

(એજન્સી) જેરુસલેમ તા 28

ઈઝરાયલી સેનાએ 7 ઓક્ટોબરના હુમલામાં પોતાની નિષ્ફળતાનો સ્વીકાર કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે 7 ઓક્ટોબર, 2023ના રોજ, હમાસ ઈઝરાયલના ઈતિહાસમાં સૌથી ઘાતક હુમલો કરવામાં સક્ષમ સાબિત થયું હતું, કારણ કે શક્તિશાળી ઈઝરાયલી સેનાએ આતંકવાદી જૂથની ક્ષમતાઓને ઓછી આંકી હતી અને તેના ઈરાદાઓનો અંદાજો લગાવી શકી ન હતી. નેતન્યાહૂ પર દબાણ વધી શકે છે આર્મી ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ હરઝી હલેવીએ કહ્યું કે, 'હું સેનાની નિષ્ફળતાની જવાબદારી લઉં છું.' ગુરુવારે જારી કરાયેલા આ અહેવાલથી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર હુમલા પહેલા રાજકીય નિર્ણયો લીધા હતા કે કેમ તેની તપાસ કરવા દબાણ થઈ શકે છે. નેતન્યાહૂએ તપાસ પંચની રચના કરવાની માંગનો વિરોધ કર્યો હતો ઘણા ઈઝરાયલીઓ માને છે કે નેતન્યાહૂ હુમલાને રોકવા માટે કાર્યક્ષમ વ્યૂહરચના બનાવવામાં નિષ્ફળ ગયા. વડાપ્રધાને એમ કહીને જવાબદારી લીધી નથી કે તેઓ યુદ્ધ પછી જ મુશ્કેલ પ્રશ્નોના જવાબ આપશે. હુમલામાં માર્યા ગયેલા લગભગ 1,200 લોકોના પરિવારો અને ગાઝામાં બંધક બનેલા 251 લોકો સહિત જાહેર દબાણ હોવા છતાં નેતન્યાહૂએ તપાસ પંચ બનાવવાનો વિરોધ કર્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે 7 ઓક્ટોબરના રોજ, IDF (સૈન્ય) ઈઝરાયલી નાગરિકોની સુરક્ષા માટેના તેના મિશનને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું હતું. નાગરિકો પૂછે છે કે તે દિવસે આટલા નાગરિકોના મોત થયા ત્યારે IDF ક્યાં હતું?

## દેશમાં હાર્ટએટેકના 50% દર્દી

# 40થી ઓછી વયના, બેઠાડું જીવન-સ્ટ્રેસ અને અસંતુલિત આહાર મુખ્ય કારણ



(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારતમાં હાર્ટ એટેકના 50 ટકાથી વધુ દર્દીઓ 40 વર્ષથી ઓછી વયના છે તેવું 2020 અને 2023 વચ્ચેનો ડેટા દર્શાવે છે. કાર્ડિયાક એરેસ્ટનો (હૃદય અચાનક જ બંધ થઈ વજવું) ભોગ બનનારા વ્યક્તિઓમાં 50 ટકા જેટલા વ્યક્તિની વય 40 વર્ષથી ઓછી હોવાનું સામે આવતા ડોકટરો અને રિસર્ચર ચિંતિત થઈ ગયા છે. બેઠાડું જીવન, તણાવ, અસંતુલિત આહાર, ધૂમ્રપાન, શરાબનું સેવન અને જેનેટિક અસર વગેરે કારણોથી આવું થઈ રહ્યું હોવાનું નિષ્ણાતોનું માનવું છે.એક નિષ્ણાંત ડોકટરે કહ્યું કે અગાઉ મોટી વયના લોકોમાં હાર્ટ એટેક આવતો હતો પણ છેલ્લા 4-5 વર્ષથી યુવાનોને હાર્ટ એટેક થવાનું પ્રમાણ વધી રહ્યું છે.તબીબી ક્ષેત્રની એક સંસ્થાએ પાંચ વર્ષનો અભ્યાસ કરી જણાવ્યું હતું કે કોવિડ-19 રોગચાળા પછી હાર્ટ એટેકના કેસો બમણાથી વધ્યા છે અને ઈમંરજન્સી કેસોની સંખ્યા 60 ટકા જેટલી વધી છે.કોરોના રોગચાળા અગાઉના દરમિયાનના અને પાછળથી પ્રત્યેકના 22 મહિનાના સમયગાળામાં થયેલા 762 કેસોનું પૃથકકરણ કર્યું હતું. આ સંસ્થાના નિષ્ણાતે કહ્યું કે 10 વર્ષ અગાઉ 56 અને 65 વર્ષની વય ધરાવતા લોકોને સામાન્ય રીતે હાર્ટ એટેક આવતો હતો. ભારતીયોને યુરોપ અમેરિકાની સરખામણીમાં જેનેટિક કારણોને લીધે દસ વર્ષ વહેલી વયે હાર્ટ એટેક આવતા હતા. હવે ટ્રેન્ડ બદલાયો છે અને ત્રીસીમાં હોય તેવા યુવાનોને પણ હાર્ટ એટેક આવે છે. જે ખૂબ જ ચિંતાજનક છે. કેટલાક હૃદયરોગના પ્રશ્નો હૃદયના અનિયમિત ધમકારાને લીધે પણ આવી શકે છે તેવું નિષ્ણાતો કહે છે. આવા રોગથી થતા મૃત્યુને સડન કાર્ડિયાક ડેથ (એસસીડી)માં ગણવામાં આવે છે. જેનાં ઘણાં કારણો છે જેમાં કોરોનરી આર્ટરી ડિઝીસ, કાર્ડિયો માયોપેથી વેન્ટ્રીકિયુલર ફિબરીલેશન વિગેરેનો સમાવેશ થાય છે. દિલ્હીની એક હોસ્પિટલના કાર્ડિયોલોજિના કન્સલ્ટન્ટે કહ્યું છે કે સ્પોર્ટસ, જિમમાં કસરત કરતી વખતે અથવા ડાન્સ કાર્યક્રમમાં યુવાનોનું અચાનક જ હૃદય બંધ થઈ જાય છે.

## વિજ્ઞાનીઓની સાવચેત રહેવાની સલાહ : વહીવટીતંત્રએ આપ્યા કડક આદેશ

# ભારતમાં પહેલીવાર પાલતુ બિલાડીઓમાં H5N1 બર્ડ ફ્લૂના વાઈરસ મળ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારતમાં બર્ડ ફ્લૂના કેસમાં વધારો થઇ રહ્યો છે ત્યારે મધ્યપ્રદેશના છિંદવાડામાં પાલતુ બિલાડીઓમાં બર્ડ ફ્લૂ (H5N1)નો પ્રથમ કેસ નોંધાયો છે. આ પછી પ્રશાસન દ્વારા સંક્રમિત વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ વહીવટીતંત્ર સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ઉપરાંત, બિલાડીઓના સંપર્કમાં આવતા લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે.

દેશમાં પ્રથમ વખત છિંદવાડામાં પાલતુ બિલાડીઓમાં બર્ડ ફ્લૂમો મામલો સામે આવ્યો છે. જેમાં 18 બિલાડીઓના મોત બાદ સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી 3 બિલાડીઓમાં બર્ડ ફ્લૂ જોવા મળ્યો હતો. દેશમાં આ પહેલીવાર છે જ્યારે બિલાડીઓમાં બર્ડ ફ્લૂ જોવા મળ્યો છે.આ મામલાને ધ્યાનમાં લઈને વહીવટીતંત્રે જિલ્લામાં 30 દિવસ માટે નોન-વેજ, ઈંડા સહિતની ચીજવસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે અને ચેપગ્રસ્ત વિસ્તારોમાં દુકાનો સીલ કરી દીધી છે. આ ઉપરાંત બિલાડીના સંપર્કમાં



આવેલા 65 લોકોના નમૂના પરીક્ષણ માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પુણેમાં મોકલવામાં આવ્યા હતા, આ તમામ સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.ભારતમાં પાલતુ બિલાડીઓમાં બર્ડ ફ્લૂના લખાણ પહેલીવાર જોવા મળ્યા છે. જેમાં બિલાડીઓમાં તાવ, ભૂખ ન લાગવી અને સુસ્તી જેવા લક્ષણો જોવા મળે છે અને પછી નમૂના લીધાના એકથી ત્રણ દિવસમાં બીમાર પડી ગઈ હતી. અભ્યાસમાં બિલાડીઓમાં જોવા મળતા વાયરસમાં 27 ફેરફારો જોવા મળ્યા હતા. કલેક્ટર શિલેન્દ્ર સિંહે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા 2023ની કલમ 163 હેઠળ કડક આદેશ જારી કર્યા છે. આ અંતર્ગત, પોલ્ટ્રી ફાર્મથી એક કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારને સંક્રમિત ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવ્યો છે,

જ્યાં તમામ ચિકન શોપ અને પોલ્ટ્રી ફાર્મ સંપૂર્ણપણે બંધ રહેશે. આ ઉપરાંત 10 કિલોમીટરની ત્રિજ્યાને પણ સર્વેલન્સ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. તમામ પોલ્ટ્રી ફાર્મ, બેકયાર્ડ પોલ્ટ્રી, ચિકન શોપ અને ઈંડાની દુકાનો દરરોજ સેનિટાઈઝ કરવામાં આવશે. વેટરનરી વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની મદદથી ચેપગ્રસ્ત વિસ્તારમાં જોવા મળતા તમામ ચિકન અને તેના ઉત્પાદનોનો નાશ કરવામાં આવી રહ્યો છે. ચેપગ્રસ્ત વિસ્તારમાં ચિકન અને મરઘાં ઉત્પાદનોના વેચાણ અને પરિવહન પર એક મહિના માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે

### લોકોને એલર્ટ કર્યા

અસરગ્રસ્ત વિસ્તારોમાં ચિકન શોપના માલિકો અને પશુપાલકોના પરિવારોના સેમ્પલ લીધા બાદ આરોગ્ય વિભાગે નાગરિકોને નોન-વેજ, ઈંડા સહિતની ચીજવસ્તુઓનું સેવન ન કરવા અપીલ કરી છે. ઉપરાંત, તમારા પાલતુ પ્રાણીઓને પણ કાચું માંસ ખવડાવશો નહીં. તેમજ બીમાર કે મૃત પક્ષીઓ વિશે તાત્કાલિક વહીવટીતંત્રને જાણ કરવાની જણાવવામાં આવ્યું છે.

### ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ મહામારી ફેલાવી શકે છે

વૈજ્ઞાનિકોના કહેવા અનુસાર H5N1 વાયરસ સામાન્ય રીતે પક્ષીઓમાં જોવા મળે છે, પરંતુ કેટલાક ફેરફારોને કારણે તે સસ્તન પ્રાણીઓમાં પણ ફેલાઈ શકે છે. આ વાયરસના વેરિઅન્ટના કારણે તે હાલ ચિંતાનો વિષય છે. ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ મહામારી ફેલાવી શકે એટલો મજબૂત વાઈરસ હોય છે, જેમ કે કોવિડ દરમિયાન જોવા મળ્યું હતું. આથી સાવચેત રહેવું જરૂરી છે.

# ફરજ પર ઊંઘતા પકડાયેલા કોન્સ્ટેબલની વહારે હાઈકોર્ટ, કહ્યું - કામ અને જીવન વચ્ચે સંતુલન જરૂરી...

## હુમલાની બીકે આરોપીઓને વેનમાં પૂરી રખાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ફરજ પર ઊંઘવાના કારણે સસ્પેન્ડ થયેલા એક કોન્સ્ટેબલને કર્ણાટક હાઈકોર્ટે રાહત આપી દીધી છે. કોર્ટનું કહેવું છે કે ઊંઘ, કામ અને જીવનમાં સંતુલન ખૂબ જરૂરી છે. કર્ણાટક સ્ટેટ ટ્રાન્સપોર્ટના કોન્સ્ટેબલના અમુક વીડિયો વાઈરલ થયા હતાં, જેમાં તે ફરજ પર સૂતો નજર આવી રહ્યો છે. તેણે સસ્પેન્શન વિરુદ્ધ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. અરજી પર જસ્ટિસ એમ. નાગપ્રસન્ન સુનાવણી કરી રહ્યાં હતાં. તેમણે કહ્યું કે જ્યારે કોન્સ્ટેબલને લાંબા સમય સુધી નક્કી કરતાં વધુ કામ કરાવવામાં આવ્યું તો દરમિયાન તેને ઝોકું લેવા માટે દોષિ માની શકાય નહીં. સ્ટાફની અછતના કારણે કોન્સ્ટેબલ 8 ના બદલે 16 કલાકની શિફ્ટ કરી રહ્યો હતો. કોર્ટે તેને રાહત આપી છે અને સેવામાં પાછા ફરવા માટે આદેશ આપ્યા છે. સાથે જ સસ્પેન્શનના સમયગાળાની સેલેરી આપવા માટે પણ આદેશ આપ્યા છે. જસ્ટિસ નાગપ્રસન્ને કહ્યું, 'જો કોઈ વ્યક્તિને તેની ક્ષમતા કરતાં વધુ કામ કરવા માટે કહી દેવામાં આવે તો ઘણી વખત શરીરને ઊંઘની જરૂર પડે છે. કેમ કે આજના સમયે ઊંઘ અને વર્ક લાઈફ બેલેન્સ ખૂબ જરૂરી છે. આજે એક કોન્સ્ટેબલ છે, કાલે કોઈ પણ હોઈ શકે છે. માણસને ઊંઘથી વંચિત રાખવામાં આવશે તો તે ગમે ત્યાં સૂઈ જશે.' કોર્ટે એ પણ કહ્યું, 'જો અરજીકર્તા ત્યારે ફરજ દરમિયાન સૂઈ જાત જ્યારે તેને એક જ શિફ્ટમાં કામ કરવાનું હોત તો આ ખોટું હોત. આ મામલે અરજીકર્તાને બ્રેક વિના 60 દિવસો સુધી 24 કલાકમાંથી 16 કલાક કામ કરાવવામાં આવ્યુ. કલમ 24 હેઠળ તમામને આરામનો અધિકાર છે, જેમાં કામ કરવાની મર્યાદા અને રજાઓ સામેલ છે.

## પાકિસ્તાનથી મુંબઈ પોલીસને ધમકી

# 'મહારાષ્ટ્રના મુખ્યમંત્રીના કાર્યાલયને બોમ્બથી ઉડાવી નાખીશું...'



(એજન્સી) મુંબઇ । તા. 28

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ફરી એકવાર ધમકી મળી છે. આ વખતે મુંબઈમાં મુખ્યમંત્રીના કાર્યાલયને જ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક મેસેજ વોટ્સએપ પર મળ્યો હતો. આ મેસેજ મુંબઈ પોલીસને મળતાં રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. મુંબઈ ટ્રાફિક પોલીસને વોટ્સએપ પર આ ધમકીભર્યો મેસેજ આવ્યો હતો. આ મામલે વર્લી પોલીસે કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. માહિતી અનુસાર ટ્રાફિક પોલીસને આ ધમકીભર્યો મેસેજ એક પાકિસ્તાની નંબર પરથી મોકલવામાં આવ્યો હતો. પોલીસ વિભાગે આ મામલે તપાસ શરૂ કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયને પણ આ ઘટનાની જાણ કરવામાં આવી છે.

## ચોરી-લૂંટ, ચેઈન સ્નેચિંગના અનેક કેસ

# પૂણેમાં યુવતી પર દુષ્કર્મ આચરનાર આરોપી ઝડપાયો

(એજન્સી) પૂણે । તા. 28

મહારાષ્ટ્રના પૂણેના સ્વારગેટ બસ સ્ટેન્ડ પર બનેલા શરમજનક દુષ્કર્મ કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. પૂણે કોર્ટમાં રજૂ કરવામાં કરાશે. પોલીસે આરોપી 1 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું,આરોપી દત્તાત્રેય રામદાસ ગાડે વિરુદ્ધ પહેલાથી જ ચોરી, લૂંટ અને ચેઈન સ્નેચિંગ સહિતના કેસ નોંધાયેલા છે. તે વર્ષ 2019થી ફોજદારી કેસમાં જામીન પર બહાર હતો. આરોપી છેલ્લા બે દિવસથી ફરાર હતો, ત્યારબાદ પોલીસે તેને શોધવા માટે 13 ખાસ ટીમો બનાવી હતી. આ કેસમાં, પૂણે પોલીસે આરોપીઓ વિશે માહિતી આપનારને 1 લાખ રૂપિયાનું ઈનામ આપવાની પણ જાહેરાત કરી હતી.પૂણેમાં આવેલું સ્વારગેટ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (MSRTC)ના સૌથી મોટા બસ ડેપોમાંનું એક છે.પોલીસને આપેલા નિવેદનમાં પીડિતાએ કહ્યું હતું કે, 'તે (આરોપી) મને બસ સ્ટેન્ડમાં બીજી જગ્યાએ પાર્ક કરેલી ખાલી શિવ શાહી એસી બસમાં લઈ ગયો હતો. બસની લાઈટ ચાલુ ન હોવાથી તે બસમાં ચઢવામાં અચકાતી હતી, પરંતુ તે માણસે તેને ખાતરી આપી કે તે યોગ્ય વાહન છે. ત્યાર બાદ આરોપીએ મારો પીછો કર્યો અને મારા પર દુષ્કર્મ આચર્યું હતું.

# મહા કુંભમેળામાં 'અનદેખા આઈ ટેસ્ટ' માટે નાગા સાધુઓ લાઈવ આઈ વિઝન ટેસ્ટિંગ ચાર્ટ બન્યા

(એજન્સી) મુંબઈ । તા. 28

ગોદરેજ ગ્રૂપ 125 વર્ષ કરતા વધુ સમયથી ભારતને ગુડ એન્ડ ગ્રીન બનવાની દિશામાં કામ કરતું આવ્યું છે. આ પ્રતિબદ્ધતાને જાળવી રાખીને ગ્રૂપની એફએમસીજી આર્મ ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (GCPL) એ સતત પ્રભાવશાળી સામાજિક પહેલ કરી છે. કંપનીના સામાજિક કાર્યક્રમો જેવા કે પ્રોજેક્ટ EMBED (મચ્છરજન્ય સ્થાનિક રોગોનું નિવારણ) એ મેલેરિયાને રોકવા અને નિયંત્રિત કરવા માટે સમર્પિત છે, જેણે 2016થી સમગ્ર છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં 2.84 કરોડ લોકો પર હકારાત્મક અસર કરી છે. જીસીપીએલએ 2024માં ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ (DJSI)માં સ્થાન મેળવીને ટકાઉપણા માટે ટોચની 3 વૈશ્વિક એફએમસીજી કંપનીઓમાં સ્થાન મેળવીને એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ પ્રતિબદ્ધતાના આધારે જીસીપીએલે ડાયાબિટીસ અને રોકી શકાય તેવા અંધાપા વિશે જાગૃતિ લાવવા એક સમર્પિત ચેરિટેબલ સંસ્થા આઈબેટીસ ફાઉન્ડેશન સાથે 'અનદેખા આઈ ટેસ્ટ' માટે જોડાણ કર્યું જે એક વિશિષ્ટ આઈ વિઝન ટેસ્ટિંગ છે જેમાં લોકોઓ નાગા સાધુની પીઠ પર મૂળાક્ષર વાંચવાના હોય છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહા કુંભમેળાના ત્રિવેણી સંગમ સ્થળ પર આંખના ફ્રી ચેક-અપ માટેનો કેમ્પ બનાવવામાં આવ્યો છે. જીસીપીએલના ઈન-હાઉસ ક્રિયેટિવ સ્ટુડિયો ગોદરેજ ક્રિએટિવ લેબ દ્વારા કલ્પના કરાયેલી આ અનોખી પહેલમાં નાગા સાધુઓ જીવંત આઈ વિઝન ટેસ્ટિંગ ચાર્ટ બન્યા, જેમાં તેમની ઉઘાડી પીઠ પર દેવનાગરી લિપિમાં બોલ્ડ હિંદી અક્ષરો લખવામાં આવ્યા હતા.




# પત્નીથી કંટાળી IT મેનેજરે રડતાં રડતાં વીડિયો બનાવ્યો અને આત્મહત્યા કરી લીધી

(એજન્સી) આગરા । તા. 28

ઉત્તર પ્રદેશના આગરામાં પત્નીના ત્રાસથી કંટાળીને એક આઈ.ટી. કંપનીના મેનેજરે આત્મહત્યા કરી લીધી છે. મેનેજરે ગળામાં ફાંસો લગાવીને રડતાં રડતાં લાઈવ વીડિયો બનાવ્યો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે. આ વીડિયોમાં પીડિતે તેની પત્નીને આત્મહત્યા માટે જવાબદાર ગણાવી હતી. આ મામલે મૃતકના પિતાએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાએ બેંગલુરૂના અતુલ સુભાષ સુસાઈડ કેસની યાદ તાજા કરાવી દીધી છે. આગરાની ડિફેન્સ કોલોનીમાં રહેતા માનવ શર્મા એક મોટી આઈ.ટી. કંપનીમાં રિક્રૂટમેન્ટ મેનેજરના પદ પર કામ કરતો હતો. માનવે 24 ફેબ્રુઆરીએ ગળે ફાંસો લગાવીને આત્મહત્યા કરી હતી. મોતને ગળે ભેટતા પહેલાં માનવે રડતાં રડતાં દર્દનાક વીડિયો બનાવ્યો હતો, જેમાં તેણે પોતાની પત્નીના ચરિત્ર પર સવાલો ઉઠાવ્યા હતા. વીડિયોમાં માનવ શર્મા કહે છે કે મેં અગાઉ પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ હવે પત્નીથી એટલો કંટાળી ગયો છું કે મરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. માનવે કાયદા અને વ્યવસ્થા પર સવાલ ઉઠાવતાં પુરૂષોને પ્રોટેક્ટ કરવા માટે કાયદો બનાવવાની વાત કહી હતી. પોતાના 'અંતિમ વીડિયો' માં માનવ કહે છે કે 'પપ્પા સોરી, મમ્મી સોરી, અક્કૂ સોરી... હવે હું વિદાય લઈ રહ્યો છું.' પુરૂષોને પ્રોટેક્ટ કરવા માટે કાયદાની જરૂર છે. પ્લીઝ પુરૂષો વિશે કોઇ તો વાત કરો.

# પૌત્રએ દાદા-દાદી સહિત પરિવારના 3 સભ્યોની કરી હત્યા

ગોરખપુર : ઝાંગહાના મોતીરામ અડ્ડામાં શુક્રવારે સવારે એક ભયાનક ઘટના સામે આવી છે, જેણે આખા ગામને હચમચાવી નાખ્યું. માનસિક રીતે બીમાર રામદયાલ મૌર્યએ તેના જ પરિવારના ત્રણ વડીલો, દાદા કુબેર મૌર્ય, પરદાદા સાધુ મૌર્ય અને દાદી દ્રૌપદી પર પાવડા વડે હુમલો કરીને તેમની હત્યા કરી હતી, પોલીસે આરોપીની ધરપકડ કરી છે.સવારે લગભગ સાત વાગ્યે કોઈરાન ટોલામાં રામદયાલે પહેલા ઘરના દરવાજા પર પાવડો માર્યો, જ્યારે દાદા કુબેરે તેને રોક્યો ત્યારે તેણે દાદાને પાવડા વડે માથા પર મારીને તેમની હત્યા કરી નાખી.


**મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ**

**CIN નંબર:** U65923MH2013PLC248741 **કોર્પોરેટ ઓફિસ:** મોતીલાલ ઓસ્વાલ ટાવર, રહીમતુલ્લા સયાની રોડ, એસટી ડેપોની સામે, પ્રભાદેવી, મુંબઈ 400025 **ઈમેઈલ :-** hfquery@motilaloswal.com

**ઈ-ઓક્શન કમ સેલ માટે જાહેર સૂચના**

**સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ અને ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2022 હેઠળ સ્થાવર અસ્કયામતોના 15 દિવસ માટે ઈ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અમલીકરણ) નિયમો 2002 ના નિયમ 8 અને 9 ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.**

આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનારાઓ/જામીનદારો/ગીરોને સૂચના આપવામાં આવે છે કે મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એસ્પાયર હોમ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતી) પાસે ગીરો મૂકેલી નીચે દર્શાવેલ મિલકત "જેમ છે ત્યાં છે", "જેમ છે તેમ" અને "જે છે તે" પર વેચવામાં આવશે, "જેમ છે તેમ" અને **ઓનલાઈન ચાર્જ વસૂલવા અને વ્યાજની ચૂકવણી માટે "આગળ" SARFAESI અધિનિયમની જોગવાઈઓના સંદર્ભમાં નીચે આપેલ વિગતો મુજબ, વેબસાઈટ motilaloswalhf.com દ્વારા સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવેલ ખર્ચ વગેરે:**

**ઈ-ઓક્શન નો સમય અને તારીખ :- 24-03-2025, સવારે 11:00 કલાક થી બપોરના 02:00 સુધી ( 5 મિનિટના અતિરિક્ત અંતરાલ સાથે)**

| ઉધાર લેનાર(ઓ) / જામીનદાર(ઓ) / લોન એકાઉન્ટ નંબર | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત રકમ/ ઈએમડી / ઈએમડીની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| LAN:- LXMEH00415-160013427<br>શાખા :- મહેસાણા<br>ઉધાર લેનાર :- પ્રવિણજી બાબુજી ઠાકોર<br>સહ-ઉધાર લેનાર :- સરોજબેન પ્રવિણજી ઠાકોર | 26-09-20219<br>માટે રૂ: 807398/-<br>(આઠ લાખ સાત હજાર ત્રણસો અઠ્ઠાણુ રૂપિયા માત્ર) | પ્લોટ નંબર 71, શિવમ રેસીડેન્સી, ઉચ્ચપી રોડ, મહેસાણા, સાણંદ, અમદાવાદ, ગુજરાત 384001. | અનામત રકમ :- રૂ: 250000/-<br>(રુપિયા બે લાખ પચાસ હજાર માત્ર)<br>ઈએમડી :- 25000/- (પચ્ચીસ હજાર રૂપિયા માત્ર)<br>ઈએમડી ડિપોઝિટ કરવાની છેલ્લી તા : 23-03-2025 |

**ઈ-ઓક્શનના નિયમો અને શરતો : 1.** હરાજી બિડ દસ્તાવેજના આગળના નિયમો અને શરતો અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવે છે. બિડર્સ બિડિંગ માહિતી અને સમર્થન માટે અમારા E-AUCTION સેવા પ્રદાતા **મેસર્સ ARCA EMART પ્રાઈવેટ લિમિટેડ**ના વેબ પોર્ટલ **https://www.auctionbazaar.ckm/**ની મુલાકાત લઈ શકે છે, E-AUCTION માટે મૂકવામાં આવેલી સુરક્ષિત સંપત્તિની વિગતો અને બિડ ફોર્મ જે ઓનલાઈન સબમિટ કરવામાં આવશે. રસ ધરાવતા ખરીદદારો એ જ પોર્ટલ પર હરાજીના નિયમો અને શરતો અને પ્રક્રિયામાંથી પસાર થઈ શકે છે અને **મહેન્દ્ર જાનીનો સંપર્ક કરી શકે છે - 7045979708 અને રાજી હિતેન્દ્રકુમાર પરમાર 9687945484** ઉપરોક્ત વેબ પોર્ટલ પર ઉપલબ્ધ વિગતો અને તેમના **કેન્દ્રિય હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકે છે: +918637969696969696969696084 contact@auctionbazaar.com.**

**સ્થાન : ગુજરાત તારીખ : 01-03-2025**

**Sd/-. અધિકૃત અધિકારી**
**મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ**
( શરૂઆતના સમયમાં હોમ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતું)

* ભાષાંતરમાં ત્રુટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.



इंडिया पोस्ट पेमेन्ट्स बैंक | India Post Payments Bank

**(ભારત સરકારની ઉપક્રમ)**

**કોર્પોરેટ ઓફિસ, સ્પીડ પોસ્ટ સેન્ટર બિલ્ડિંગ, ભાઈ વીર સિંહ માર્ગ, નવી દિલ્હી - 110001.**

**કોન્ટ્રાક્ટ પર 51 સર્કલ આધારિત અધિકારીઓની ભરતી**

**જાહેરાત નંબર :- IPPB/CI/HR/RECT/2024-25/06**

નીચેની પોસ્ટ પર નિમણૂક માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| પોસ્ટ/હોદ્દો | ખાલી જગ્યાઓની સંખ્યા | ઉંમર (01-02-2025 મુજબ) | ખાલી જગ્યા (બેકિંગ ખાલી જગ્યાઓ સહિત) માટે અનામત | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | અનારક્ષિત | ઈડબલ્યુએસ | ઓબીસી (એનસીએલ) | એસસી | એસટી |
| એક્ઝિક્યુટિવ | 51 | 21 થી 35 વર્ષ | 13 | 03 | 19 | 12 | 04 |

ભારત સરકારના ધોરણો મુજબ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (લઘુત્તમ 40% અપંગતા) માટે આડું આરક્ષણ લાગુ છે.

**મહત્વની તારીખો :**

| | | |
|---|---|---|
| (i) | **અરજીની ઓનલાઈન નોંધણીની શરૂઆતની તારીખ** | **01-03-2025, 10:00 AM** |
| (ii) | **ફી સાથેની અરજી ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ** | **21-03-2025, 11:59 PM** |

વિગતવાર જાહેરાત માટે કૃપા કરીને અમારી સત્તાવાર વેબસાઈટ https://ippbonline.com/web/ippb/current openings ની મુલાકાત લો.

**સ્થળ : નવી દિલ્હી**
**તારીખ : 01-03-2025**

**CBC06346/12/0017/2425**

**Sd/-**
**ચીફ એચઆર ઓફિસર**



**આયુષ મંત્રાલય**

**આયુષ ભવન,**
**બી બ્લોક, જીપીઓ કોમ્પ્લેક્સ, આઈએનએ, નવી દિલ્હી - 110023**

**એફ નં:- R-21011/1/2025-EP-III** **તારીખ:- ફેબ્રુઆરી 2025**

**સૂચના**

**હોમિયોપેથીના રાષ્ટ્રીય કમિશન (NCH) ના દરેક અધ્યક્ષ, NCH હેઠળ હોમિયોપેથી શિક્ષણ બોર્ડના પ્રમુખ, NCH હેઠળ હોમિયોપેથી માટે તબીબી મૂલ્યાંકન અને રેટિંગ બોર્ડના પ્રમુખ અને NCH હેઠળ હોમિયોપેથી માટે નૈતિકતા અને નોંધણી બોર્ડના પ્રમુખ માટે અરજી આમંત્રિત કરવામાં આવી છે.**

1. અરજીઓ મેળવવાની અંતિમ તારીખ તરીકે અરજદારોની ઉંમર 65 વર્ષથી ઓછી હોવી જોઈએ.
2. અરજી મેળવવાની છેલ્લી તારીખ રોજગાર અખબારમાં જાહેરાત પ્રકાશિત થયાની તારીખથી 30 દિવસની રહેશે.
3. વિગતવાર જાહેરાત અને એપ્લિકેશન ફોર્મેટ આયુષ મંત્રાલયની વેબસાઈટ www.ayush.gov.in પર હોસ્ટ કરવામાં આવશે અને ડાઉનલોડ કરી શકાય છે.
4. એક કરતાં વધુ પદ માટે અરજી કરનાર ઉમેદવારે દરેક પદ માટે અલગ પર્ફોર્મા ભરવાનું રહેશે.
5. તમામ સંબંધિત પ્રમાણપત્રોની જોડાયેલ/સ્વ-પ્રમાણિત નકલો સાથે નિયત રજૂઆતમાં યોગ્ય રીતે ભરેલી અરજી નીચેના સરનામે મોકલવી જોઈએ: સચિવ, આયુષ મંત્રાલય, આયુષ ભવન, બી બ્લોક, જીપીઓ કોમ્પ્લેક્સ, આઈએનએ, નવી દિલ્હી - 110023, પરબિડીયું પર સુપર-સ્ક્રાઈબિંગ "એપ્લિકેશન ......................માં રાષ્ટ્રીય કમીશનની પોસ્ટ માટે હોવું જોઈએ.

**CBC-17201/11/0028/2425**



**નોટિસ**
**ફોર્મ નંબર :- INC-26**
[કંપનીઓ (નિગમ) નિયમો 2014ના નિયમ 30 અનુસાર.]
કેન્દ્ર સરકાર સમક્ષ **"ગુજરાત રાજ્ય"**માંથી **"રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ"** તરીકે
**દારહ - ઝાલવાડ હાઈવે પ્રાઈવેટ લિમિટેડ**ની નોંધાયેલ ઓફિસમાં ફેરફાર
**(માનનીય પ્રાદેશિક નિયામક, ઉત્તર - પશ્ચિમ ક્ષેત્ર, અમદાવાદ).**
(આરઓસી ભવવન, રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ - 380013, ગુજરાત)

**કંપની અધિનિયમ 2013 ની કલમ 13 ની પેટા કલમ (4) અને કંપની (ઈન્કોર્પોરેશન) નિયમો 2014 ના નિયમ 30 ના પેટા નિયમ (5) ની કલમ (a) ની બાબતમાં.**

**અને**

**મેસર્સ દારહ - ઝાલાવાડ હાઈવે પ્રાઈવેટ લિમિટેડની બાબતમાં તેની નોંધાયેલ ઓફિસ CH-306, ટ્રૂચ પાર્કિંગ એરીયા, કારેલા (NE-4 306 આરામ વિસ્તાર), કારેલા, ભરૂચ, વાગરા - 392025, ગુજરાત, ભારત.**
**CIN:- U45201GJ2017PTC099499.**

**.............................. અરજદાર કંપની**

આથી સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અરજદાર કંપની કંપની અધિનિયમ 2013 ની કલમ 13 હેઠળ કેન્દ્ર સરકાર (માનનીય પ્રાદેશિક નિયામક, ઉત્તર પશ્ચિમ પ્રદેશ, અમદાવાદ) ને અરજી કરવાની દરખાસ્ત કરે છે, જેમાં તેની 22મી તારીખે બુધવારે યોજાયેલી અસાધારણ સામાન્ય સભામાં 24મી તારીખે યોજાયેલી અસાધારણ સામાન્ય સભામાં પસાર કરવામાં આવેલા વિશેષ ઠરાવના સંદર્ભમાં કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફારની પુષ્ટિ માંગવામાં આવી છે. કંપનીના રજિસ્ટ્રાર, દિલ્હી અને હરિયાણાના એનસીટીના અધિકારક્ષેત્રમાં **"ગુજરાત રાજ્ય"** થી **"રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (એનસીટી) રાજ્ય" સુધીની કચેરી.**
કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના સૂચિત ફેરફારથી જેમના હિતને અસર થવાની સંભાવના છે તે કોઈપણ વ્યક્તિ એમસીએ-21 પોર્ટલ (www.mca.gov.in) પર રોકાણકાર સુસંગત ફોર્મ ભરીને ડિલિવરી કરી શકે છે અથવા તેના/તેણીના વાંધાઓની પ્રકૃતિ જણાવતી એફિડેવિટ દ્વારા સમર્થિત રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા ડિલિવરી કરી શકે છે અથવા મોકલી શકે છે. ભવન, રૂપલ ઓર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપની પાછળ, નારણપુરા, અમદાવાદ - 380013, ગુજરાત આ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખના ચૌદ દિવસની અંદર અરજદાર કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં નીચે દર્શાવેલ સરનામે નકલ સાથે મોકલો.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ.**
**દારહ - ઝાલાવાડ હાઈવે પ્રાઈવેટ લિમિટેડ**
CH-306, ટ્રૂચ પાર્કિંગ વિસ્તાર, કારેલા (NE-4 આરામ વિસ્તાર), કારેલા, ભરૂચ, વાગરા - 392025, ગુજરાત, ભારત

**દારહ-ઝાલાવાડ હાઈવે પ્રાઈવેટ લિમિટેડ**
**માટે અને વતી.**
**Sd/-**
**જયંત નિલકંઠ દિક્ષિત**
**ડાયરેક્ટર**
**DIN:- 03610321**

**સ્થળ : ગુજરાત**
**તારીખ : 01-03-2025**



**નોટિસ**
**ફોર્મ નંબર :- INC-26**
[કંપનીઓ (નિગમ) નિયમો 2014ના નિયમ 30 અનુસાર.]
કેન્દ્ર સરકાર સમક્ષ **વડોદરા કિમ એક્સપ્રેસ વે પ્રાઈવેટ લિમિટેડની રજીસ્ટર્ડ ઓફિસને "ગુજરાત રાજ્ય"માંથી "રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી"માં ફેરફાર**
**(માનનીય પ્રાદેશિક નિયામક, ઉત્તર - પશ્ચિમ ક્ષેત્ર, અમદાવાદ).**
(આરઓસી ભવવન, રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ - 380013, ગુજરાત)

**કંપની અધિનિયમ 2013 ની કલમ 13 ની પેટા કલમ (4) અને કંપની (ઈન્કોર્પોરેશન) નિયમો 2014 ના નિયમ 30 ના પેટા નિયમ (5) ની કલમ (a) ની બાબતમાં.**

**અને**

**મેસર્સ વડોદરા કિમ એક્સપ્રેસવે પ્રાઈવેટ લિમિટેડની બાબતમાં વિલા નંબર 314, કાસા લાડકેડ, બિલ રોડ, બીલ વદ્દારોડ ખાતે તેની નોંધાયેલ ઓફિસ ધરાવે છે. 391410, ગુજરાત, ભારત**
**CIN:- U45309GJ2018PTC101801**

**.............................. અરજદાર કંપની**

આથી સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અરજદાર કંપની કંપની અધિનિયમ 2013 ની કલમ 13 હેઠળ કેન્દ્ર સરકાર (માનનીય પ્રાદેશિક નિયામક, ઉત્તર પશ્ચિમ પ્રદેશ, અમદાવાદ) ને અરજી કરવાની દરખાસ્ત કરે છે, જેમાં તેની 22મી તારીખે બુધવારે યોજાયેલી અસાધારણ સામાન્ય સભામાં 24મી તારીખે યોજાયેલી અસાધારણ સામાન્ય સભામાં પસાર કરવામાં આવેલા વિશેષ ઠરાવના સંદર્ભમાં કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફારની પુષ્ટિ માંગવામાં આવી છે. કંપનીના રજિસ્ટ્રાર, દિલ્હી અને હરિયાણાના એનસીટીના અધિકારક્ષેત્રમાં **"ગુજરાત રાજ્ય"** થી **"રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (એનસીટી) રાજ્ય" સુધીની કચેરી.**
કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના સૂચિત ફેરફારથી જેમના હિતને અસર થવાની સંભાવના છે તે કોઈપણ વ્યક્તિ એમસીએ-21 પોર્ટલ (www.mca.gov.in) પર રોકાણકાર સુસંગત ફોર્મ ભરીને ડિલિવરી કરી શકે છે અથવા તેના/તેણીના વાંધાઓની પ્રકૃતિ જણાવતી એફિડેવિટ દ્વારા સમર્થિત રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા ડિલિવરી કરી શકે છે અથવા મોકલી શકે છે. ભવન, રૂપલ ઓર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપની પાછળ, નારણપુરા, અમદાવાદ - 380013, ગુજરાત આ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખના ચૌદ દિવસની અંદર અરજદાર કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં નીચે દર્શાવેલ સરનામે નકલ સાથે મોકલો.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ.**
**વડોદરા કિમ એક્સપ્રેસ વે પ્રાઈવેટ લિમિટેડ**
વિલા નંબર 314, કાસા લેકસાઈડ, બિલ ચાપડ મુખ્ય માર્ગ, બિલ, વડોદરા - 391410, ગુજરાત, ભારત

**વડોદરા કિમ એક્સપ્રેસવે પ્રાઈવેટ લિમિટેડ**
**માટે અને વતી.**
**Sd/-**
**જયંત નિલકંઠ દિક્ષિત**
**ડાયરેક્ટર**
**DIN:- 03610321**

**સ્થળ : ગુજરાત**
**તારીખ : 01-03-2025**

સિટી એક્સપ્રેસ
SATURDAY 01 MARCH-2025
AHMEDABAD

## પોલીસની પણ ભલામણ ન રાખનાર ASI એસીબીની ઝપટે ચડી ગયો

ગાંધીનગર | ગાંધીનગર શહેરના સેક્ટર 7 પોલીસ મથકમાં એએસઆઇ તરીકે ફરજ બજાવતા અશોકભાઇ બેચરભાઇ ચૌધરી (રહે, હાલ, સરગાસણ. મૂળ, તલોદ) દ્વારા એક મહિલા દ્વારા પોલીસ મથકમાં આશરે બે મહિના પહેલા રૂપિયાની લેતીદેતી બાબતની અરજી કરવામાં આવી રહી હતી. જેથી તપાસ એએસઆઇ દ્વારા કરવામાં આવી રહી હતી. આ તપાસમાં આરોપીને હેરાન નહિ કરવા અને અરજી બાબતે કેસ દાખલ નહિ કરવા બાબતે રૂપિયા બે લાખની લાંચ માંગવામાં આવી હતી.

## ધોળાકૂવાના ઠાકોરવાસમાંથી વિદેશી દારૂ બીયર પકડાયો

ગાંધીનગર | ઈન્ફોસિટી પોલીસ મથકની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, ધોળાકુવા ગામના મોટા ઠાકોરવાસમાં રહેતો ખોડાજી લાલાજી દોલાજી ઠાકોર તેના ઘરે વિદેશી દારૂનો જથ્થો રાખી છુટક વેચાણ કરી રહ્યો છે. જેથી પોલીસની ટીમ બાતમી મુજબ બુટલેગરના ઘરે પહોંચી હતી અને ઘરમાં તપાસ કરતા બુટલેગર મળી આવ્યો હતો, તે સમયે તેની પૂછપરછ કરી તેની હાજરીમાં ઘરમાં તપાસ કરતા ઓસરીના ભાગે બનાવેલા માળિયાની અંદર પૂઠાના બોક્સ મળી આવ્યા હતા.



# સ્વાધ્યાય પરિવારના પંકજ ત્રિવેદીની હત્યા કેસમાં 10 આરોપીને આજીવન કેદની સજા

(એજન્સી) અમદાવાદ | તા 28

**અમદાવાદ સેશન્સ કોર્ટનો ચુકાદો**

15 જૂન 2006ના રોજ અમદાવાદમાં સ્વાધ્યાય પરિવારના પંકજ ત્રિવેદીની થયેલી હત્યા મામલે અમદાવાદ સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો છે. આ કેસમાં 10 આરોપીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં ચકચાર જગાવનારા આ કેસમાં 16 વર્ષે ચૂકાદો આવ્યો છે. સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા પંકજ ત્રિવેદીએ સ્વાધ્યાય પરિવારમાં ચાલતી કથિત ગેરરીતિને લઈ અવાજ ઉઠાવ્યો હતો અને ત્યારબાદ તેની હત્યા નિપજાવવામાં આવી હતી. અમદાવાદ સેશન્સ કોર્ટે 84 પુરાવાઓ અને 84 સાહેદોના નિવેદનને ધ્યાનમાં રાખી ચુકાદો આપ્યો છે.

### 2006માં અમદાવાદમાં હત્યા થઈ હતી



મૂળ NRI અને સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા પંકજ ત્રિવેદીની વર્ષ 2006માં 15 જૂનના દિવસે અમદાવાદના એલિસબ્રિજ જિમખાના પાસે હત્યા નિપજાવવામાં આવી હતી. સ્વાધ્યાય પરિવારમાં ચાલતી ગેરરીતિઓ અંગે પંકજ ત્રિવેદીએ અવાજ ઉઠાવ્યો હતો, જેથી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા લોકોએ જ તેમની હત્યા કરી નાખી હોવાનો આરોપ હતો. વર્ષ 2009માં દાખલ થયેલા કેસનો 16 વર્ષે ચુકાદો આવ્યો છે, જેમાં અમદાવાદ સેશન્સ કોર્ટે 10 આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

### કયા કયા આરોપીને થઈ સજા?

પંકજ ત્રિવેદીની હત્યા કેસમાં કોર્ટે 10 આરોપીને દોષિત ઠેરવ્યા બાદ હવે સજા ફટકારી છે. જેમાં ચંદ્રસિંહ જાડેજા, હિતેશસિંહ ચુડાસમા, દક્ષેશ શાહ, ભુપતસિંહ જાડેજા, માનસિંહ વાઢેર, ઘનશ્યામસિંહ ચુડાસમા, ભરતભાઈ તટે, ભરતસિંહ જાડેજા, ચંદ્રકાંત ડાકી અને જશુભાઈ જાડેજાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

**19 વર્ષ પહેલાં 15 જૂન 2006ના રોજ અમદાવાદમાં સ્વાધ્યાય પરિવારના પંકજ ત્રિવેદીની થયેલી હત્યા મામલે કોર્ટે 10 આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.**

# માણેકચોકમાં વેપારી પાસેથી 3 કરોડનું સોનુ લઈ જઈને છેતરપિંડી

(એજન્સી) અમદાવાદ | તા 28




અમદાવાદના માણેકચોકમાં એક વેપારી પાસેથી તેમના જ સંબંધીએ 3 કરોડ રૂપિયાનું સોનુ લઈ જઈને પૈસા કે સોનુ પરત કર્યા ન હતા. જેને પગલે વેપારીએ ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવની વિગત મુજબ મેમનગરમાં રહેતા બ્રિજેશભાઈ જે.આડેસરા માણેકચોકમાં ઉત્તમ ચેમ્બર્સમાં બ્રિજેશ કોર્પોરેશન નામની સોના ચાંદીના દાગીનાની દુકાન ધરાવે છે. દરમિયાન 25.12.2023થી જાન્યુઆરી 2024 દરમિયાન બ્રિજેશભાઈની દુકાનેથી તેમના નારણપુરામાં રહેતા સંબંધી દેવાંગ ટી.સોની ટુકડે ટુકડે 3 કિલો 200 ગ્રામ સોનુ તેમજ 10 કિલો જેટલા સોનાની આપ-લેના ભાવ ફેર પેટે રૂ.80,00,000 મળીને કુલ રૂ. 3,04,00,000 સોનુ લઈ ગયા હતા. પરંતુ આરોપી દેવાંગ સોનીએ પૈસા કે સોનુ પરત ન કરીને બ્રિજેશભાઈ સાથે છેતરપિંડી કરી હતી. જેને પગલે બ્રિજેશભાઈએ ખાડીયા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટ જિલ્લાના ધોરાજીની ફરેણી ગુરુકુળના

# ખજાનચીનો સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો વીડિયો વાયરલ



(એજન્સી) અમદાવાદ | તા 28

રાજકોટ જિલ્લાના ધોરાજીના ફરેણી ગુરુકુળના ખજાનચી હરીચરણ સ્વામીનો સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો વીડિયો વાયરલ થયો છે. હરીચરણ સ્વામીનું યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતા વીડિયોમાં દેખાઇ રહ્યું છે. ફરેણી ધામના આગેવાને વીડિયો 9 મહિના જૂનો હોવાનું કહ્યું છે, જોકે વીડિયો વાયરલ થતા સ્વામીની હકાલપટ્ટી કરાઇ છે. ધોરાજીના ફરેણી ગુરુકુળના ખજાનચીનો વીડિયો વાયરલ થયો છે. હરીચરણ સ્વામી ભગવધારી યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. સ્વામી હરીચરણે ફરેણી ગુરુકુળનું નામ અભડાવ્યું એવું કહીએ તો પણ ખોટું નથી. સ્વામીનો વીડિયો વાયરલ થયા બાદ સંપ્રદાય થયો ફરી કલંકિત થયો છે. અમદાવાદ એક્સપ્રેસ વાયરલ વીડિયોની પુષ્ટી નથી કરતું.

- Rajkot માં વધુ એક લંપટ સ્વામીનો વીડિયો સામે આવતા ચકચાર!
- સ્વામિનારાયણ સંપ્રદાયને લાંછન લગાવતા વધુ એક વીડિયો આવ્યો સામે

### ભગવધારી યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતા સ્વામીનો વીડિયો વાઇરલ!

રાજકોટમાં (Rajkot) વધુ એક લંટપ સ્વામીનું કારસ્તાન સામે આવ્યું છે. રાજકોટ જિલ્લાનાં ધોરાજીનાં ફરેણી ગુરુકુળને લાંછન લગાવતા સ્વામીનો વીડિયો સામે આવતા ચકચાર મચી જવા પામી છે. આ કથિત વાઇરલ વીડિયો આશરે 10 મહિના પહેલાનો હોવાનું જાણવા મળ્યું છે. જે તે સમયે કથિત વાઇરલ વીડિયો અને સમગ્ર ઘટનાને દબાવવાનો પ્રયાસ કરાયો હોવાની પણ ચર્ચા છે. આ કથિત વાઇરલ વીડિયો ધોરાજીનાં ફરેણી ગુરુકુળનાં ખજાનચી હરિચરણ સ્વામીનો (Haricharan Swami Viral Video) હોવાનાં પ્રાથમિક અહેવાલ છે. સ્વામી અન્ય યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હોવાનો કથિત વીડિયો વાઇરલ થતા ઊહાપોહ મચી ગયો છે.

### સ્વામી હરિચરણ હાલમાં પણ ગુરુકુળમાં કાર્યરત હોવાનાં અહેવાલ

સ્વામી હરિચરણ હાલમાં પણ ગુરુકુળમાં કાર્યરત હોવાનાં અહેવાલ છે. આ વીડિયો સામે આવતા સવાલ થઈ રહ્યા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયનાં વિવિધ ફિરકાઓમાં જ શા માટે આવી ઘટનાઓ બને છે ? અગાઉ પણ આવા લંપટ સ્વામીઓનાં કારણે સંપ્રદાય શર્મસાર થયું હતું, ત્યારે આવા લંપટ અને વિકૃત માનસિકતા ધરાવતા સ્વમીઓ સામે કેમ કડક કાર્યવાહી થતી નથી ? જો કે, આ કથિત વાઇરલ વીડિયો સામે આવતા હવે આ મામલે શું પગલાં અને કાર્યવાહી થશે તેનાં પર સૌની નજર છે.

### હરીચરણ સ્વામીનું યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

ફરેણી ગુરુકુળના ખજાનચીનો વીડિયો વાયરલ થયો છે. જેમાં સ્વામી ભગવધારી યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરી રહ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાય ફરી એકવાર બદનામ થયો છે. સ્વામી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતા વીડિયો વાયરલ થયા છે. વીડિયોમાં હરીચરણ સ્વામીનું મોઢું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. સ્વામી હરીચરણે ફરેણી ગુરુકુનું નામ અભડાવ્યું છે.

### સ્વામી હરીચરણે ફરેણી ગુરુકુળનું નામ અભડાવ્યું !

રાજકોટ જિલ્લાના ધોરાજીના ફરેણી ગુરુકુળના ખજાનચી હરીચરણ સ્વામીનો વીડીયો વાયરલ થયો છે. વીડિયોમાં હરીચરણ સ્વામીનું મોઢું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. હરીચરણ સ્વામી ભગવધારી યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. સ્વામી હરીચરણે ફરેણી ગુરુકુળનું નામ અભડાવ્યું છે. આ ઘટનાને લઈ સ્થાનિકો દ્વારા સવાલો ઉઠી રહ્યા છે. આવા સ્વામીઓ સંપ્રદાયને કલંકિત કરી રહ્યા છે. સ્વામિ.સંપ્રદાયના વિવિધ ફિરકાઓમાં જ શા માટે આવી ઘટનાઓ બને છે? ફરેણી ધામના આગેવાન મયુર સિગાળા કહ્યું આ વીડિઓ આઠ નવ પહેલાનો છે. સ્વામી વિરુદ્ધ વીડિયો વાયરલ થતા હકાલપટી કરવામાં આવી છે. વીડિયો ક્યાંનો છે ખબર નથી મંદિરનો નથી હાલ સ્વામી ક્યાં છે ખબર નથી.

રાજ્યપાલશ્રીના ઉદબોધન પર ચર્ચા માટે મંત્રી ઋષિકેશ પટેલે અભિભાષણમાં AI જનરેટેડ કવિતાનો ઉપયોગ કર્યો

# ગુજરાત વિધાનસભામાં સ્પીચ માટે પ્રથમ વખત AI નો ઉપયોગ થયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભામાં આજે શુક્રવારે રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યપાલના ઉદબોધન પર બંધારણ અને કોંગ્રેસની સંવિધાન બચાવવાની વાતને લઈને ચર્ચા કરી હતી. જેમાં ઋષિકેશ પટેલે કહ્યું કે, કોંગ્રેસે ડૉ. બાબા સાહેબની હયાતીમાં બંધારણમાં છ સુધારા કર્યા છે ને હવે સંવિધાન બચાવાની વાત કરે છે. કોંગ્રેસે તેના કાર્યકાળમાં 86 વખત સુધારા કરીને બંધારણનું અપમાન કર્યું. જ્યારે ગુજરાત વિધાનસભામાં નેતાઓનો કાવ્યાત્મક અંદાજ રજૂ કર્યો હતો.

નોંધનીય વાત એ છે કે ડૉ. કીરિટ પટેલે રાજ્યના લોકોને પડતી વિવિધ સમસ્યાઓના મુદ્દાઓને એકત્રીત કરી તેને સંકલીત કરી પોતાની કોઠાસૂઝથી કવિતા લખવાની મહેનત કરી હોય તેવું લાગે છે.

જ્યારે મંત્રી ઋષિકેશ પેટેલે સરકારના વખાણ કરવા માટે પણ AIનો સહારો લીધો. આ બંને નેતાઓની કવિતાએ ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. અને એમા પણ કીરિટ પટેલની 'છલોછલ' કવિતા ભારે વાયરલ થઈ રહી છે. ત્યારે તમે પણ વાંચો આ બન્ને કવિતા.

### ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભામાં કહેલી કવિતા 'છલોછલ'

આજે શુક્રવારે વિધાનસભામાં પોતાની સ્પીચમાં કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે AI જનરેટેડ કવિતાનો ઉલ્લેખ કર્યો હતો. ઋષિકેશ પટેલે સરકારના વખાણ કરવા માટે પણ AIનો સહારો લેવો પડ્યો હતો. પરંતુ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભામાં પોતાની જાતે તૈયાર કરેલી કવિતા 'છલોછલ' સંભળાવી હતી.

# તોલમાપ તંત્રના દરોડા : હાઇ-વે પરની 183 હોટલોને ફટકાર્યો દંડ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

**રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું**

ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશરૂપેઆજે રાજ્યના અલગ-અલગ હાઈવે પર આવેલી હોટલોની આકસ્મિક ચકાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન તોલમાપ તંત્રના નાયબ નિયંત્રક મદદનીશ નિયંત્રક તેમજ ઈન્સપેક્ટરો દ્વારા રાજ્યના હાઈવે પર આવેલ હોટલો ખાતે તંત્રના કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા કુલ 183 જેટલી હોટલો સામેકાયદેસરની કાર્યવાહી કરીને અંદાજે કુલ રૂ 463000 જેટલો દંડ કરવામાં આવ્યો છે, આ અંગે વધુ કાર્યવાહી હાલમાં ચાલુ છે.

દરોડામાં તપાસણી દરમિયાન હોટલોમાં પેકેજ ચીજ વસ્તુ અને ઠંડા પીણામાં એમ. આર.પી.થી વધુ ભાવ લેવા,જથ્થામાં ઓછુ આપવુ, વજનકાંટો ન રાખવો, મેનુ કાર્ડમાં ખાદ્ય પદાર્થનો જથ્થો ન દર્શાવવો તેમજ હોટલમાં વપરાતા ઈલેક્ટ્રોનિક વજનકાંટા ચકાસણી મુદ્રાંકન ન કરાવવા જેવી ગેરરીતિઓ સામે આવી છે.

# અમદાવાદનો SP રિંગરોડ સિક્સલેન કરાશે

## ટોલટેક્સમાં વધારો કરવા વિચારણા, સાણંદનો સેટેલાઇટ ટાઉન તરીકે વિકાસ થશે; AUDAનું રૂ. 2231 કરોડનું બજેટ રજૂ

(એજન્સી) અમદાવાદ | તા 28

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) દ્વારા આગામી નાણાકીય વર્ષ 2025-26 માટે રૂ. 2231 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. શહેરના ફરતે આવેલા 76 કિમીના સરદાર પટેલ રિંગરોડને સિક્સલેન કરવામાં આવશે. નવો બનનારા 6 લેન રિંગરોડ પર હાલમાં ચૂકવવામાં આવતા ટોલ કરતાં દોઢ ગણો વધુ ટોલ ચૂકવવો પડી શકે છે. ટોલ વસૂલ કરવા અંગે ઔડા દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. રિંગરોડને એક્સપ્રેસ વેની જેમ બનાવવામાં આવશે, જેમાં ટુ- વ્હીલર, નાના-મધ્યમ વાહનો અને ભારે વાહનો અલગ-અલગ લેન પર ચાલશે.

### SP રિંગરોડને અપગ્રેડ કરવા 300 કરોડની ફાળવણી

AUDAના CEO દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે આજે નાણાકીય વર્ષ 2025-26 માટે રૂ. 2231 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. સરદાર પટેલ રિંગરોડને અપગ્રેડ કરવા પાછળ રૂ. 300 કરોડ ફાળવવામાં આવ્યા છે. રિંગરોડને સિક્સલેન કરવામાં આવશે. રિંગરોડ પર સર્વિસ રોડ સાથે મળીને કુલ 10 લેન બનશે, જેમાં એક્સપ્રેસ વે મુજબ હોવાના કારણે અલગ લેન બનશે તેમજ નવો બનનારા 6 લેન રિંગરોડ પર હાલમાં ચૂકવવામાં આવતા ટોલ કરતાં દોઢ ગણો વધુ ટોલ ચૂકવવો પડી શકે છે.

# ગુલબાઈ ટેકરાથી પાંજરાપોળ તરફ જવાના રોડ ઉપર થયેલા ઝૂંપડાના દબાણોને AMCએ દૂર કર્યા





(એજન્સી) અમદાવાદ તા 28

શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ટીપી રોડને ખુલ્લા કરવાની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. ગોમતીપુર બાદ હવે પશ્ચિમ વિસ્તારમાં નવરંગપુરાના ગુલબાઈ ટેકરાથી તરફ જવાનો રોડ ખુલ્લો કરવાની કામગીરી આજે શુક્રવારે સવારથી હાથ ધરવામાં આવી છે. પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમો દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે ગુલબાઈ ટેકરા ચાર રસ્તાથી પાંજરાપોળ તરફ જવાના રોડ ઉપર દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુલબાઈ ટેકરાથી પાંજરાપોળ તરફ જવાનો રસ્તો પોલીસ દ્વારા બંધ કરવામાં આવ્યો છે. ગેરકાયદેસર દબાણ અને ટ્રાફિકને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોર્પોરેશન તંત્રને ટકોર કરવામાં આવે છે ત્યારે તંત્ર જાગી અને કામગીરી કરતી હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરમાં જે વિસ્તારમાં રોડ ઉપર દબાણ કરી દેવામાં આવેલા છે ત્યાં દબાણો દૂર કરવા અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નવરંગપુરા વિસ્તારમાં ગુલબાઈ ટેકરાથી પાંજરાપોળ તરફ જવાના રોડ પર દબાણો થઈ ગયા હતા. વર્ષોથી કરવામાં આવેલા દવાઓને આજે પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. રોડ ઉપર નાના-મોટા કાચા ઝૂંપડા, મકાનો અને જૂના માલ સામાનને મૂકી રાખવામાં આવતો હતો.

### દબાણ દૂર કર્યા પછી ફરી દબાણ ન થાય તેવું આયોજન

પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની તમામ ટીમો દ્વારા બેથી વધુ જેસીબી અને 10 જેટલા નાના-મોટા વાહનો સાથે પોલીસ બંદોબસ્ત વચ્ચે રોડ પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. 100 મીટરના અંદાજે 24 મીટર જેટલા પહોળો રોડ પર અડધો રોડ દબાણોના કારણે રોકાઈ ગયો હતો. તાડપત્રીથી બાંધેલા ઝૂંપડા અને અન્ય દબાણોના કારણે ત્યાંથી વાહનો પસાર થવામાં તકલીફ પડતી હતી. જેથી આ રોડ પરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ગુલબાઈ ટેકરા વિસ્તારનો આ રોડ વર્ષોથી દબાણના કારણે ખુલ્લો કરવામાં આવતો નહોતો. જો કે હવે રોડ લો કરવા માટે દબાણ દૂર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આ રોડ પર દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. જો કે આ દબાણો દૂર કર્યા બાદ ફરી દબાણ ન થાય તે રીતનું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે તેવી ચર્ચા જાગી છે.

## મોર્નિંગ વોકમાં નીકળેલા 3 વડીલોના દોરા તૂટ્યા

# ચેન સ્નેચરોનો પકડવા અપાયેલી 220 સીસીની બાઈકનો હવે વોરંટ અને ટપાલ ડ્યૂટીમાં ઉપયોગ

(એજન્સી) અમદાવાદ તા 28

લૂંટની ઘટનાઓ વધતાં 10 વર્ષ પહેલા શહેર પોલીસને 200 બાઈક આપવામાં આવી હતી મહિલાઓના ગળામાંથી સોનાના દોરા તોડી ધૂમ સ્ટાઈલે બાઈક ઉપર ફરાર થઈ જતા ચેઈન સ્નેચરોને પકડવા માટે અમદાવાદ પોલીસને 220 સીસીની 200 બાઈક આપવામાં આવી હતી. હોક સ્કવોડ નામે ઓળખાતા આ બાઈક ઉપર પોલીસ કર્મચારીઓ ક્રોસ પેટ્રોલીંગ કરતા હતા અને ચોર - લૂંટારુનો પીછો કરી તેમને ઝડપી લેતા હતા. પરંતુ છેલ્લા 1 વર્ષ કરતાં પણ વધારે સમયથી આ હોક સ્કવોડનું પેટ્રોલિંગ બંધ કરી દેવાયું છે. એવું નથી કે સરકારે આ બાઈકો પાછી ખેંચી લીધી છે. પરંતુ આ બાઈકનો ઉપયોગ ટપાલ - સમન્સ - વોરંટ પહોંચાડવાના કામમાં થઈ રહ્યો છે.

### વસ્ત્રાપુરમાં બંને સ્નેચર બાઈક પર આવ્યા હતા

વસ્ત્રાપુર મેનેજમેન્ટ એન્કલેવમાં રહેતા હિમાબહેન શાહ(63) 26મીએ સવારે માનસી ચાર રસ્તાના નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે બાઈક ઉપર આવેલા 2 સ્નેચર રૂ. 55 હજારો દોરો તોડી ભાગી ગયા હતા.



### ચાંદખેડામાં ઘર નજીક વૃદ્ધાનો દોરો તોડ્યો

ચાંદખેડા મેપલ પરમેશ્વર ફલેટમાં રહેતા વિજયાલક્ષ્મી સિંઘ (62) ઘર નજીકથી ચાલતા જતા હતા ત્યારે ગળામાંથી 40 હજારનો દોરો તોડી ટુવ્હીલર પર આવેલા બે સ્નેચર ભાગી ગયા હતા.

**મોર્નિંગ વોકમાં નીકળેલા 3 વડીલોના દોરા તૂટ્યા** | શહેરમાં સક્રિય થયેલા ચેન સ્નેચરોએ બે વૃદ્ધા અને એક વૃદ્ધને ટાર્ગેટ કરી રૂ.3 લાખની કિંમતના સોનાના દોરા તોડી ધૂમ સ્ટાઈલે ફરાર થઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજના આધારે ચેન સ્નેચરોની તપાસ શરૂ કરી હોવાના પોલીસ દાવા કરી રહી છે. પરંતુ ઉપરાછાપરી બનેલી આ ઘટનાઓથી વૃદ્ધોમાં ફફડાટ ફેલાયો છે.